| |
|---|
| કિતાબનું અનુક્રમણિકા |
| દરરોજની દુઆઓ |
| દરરોજની નમાઝ |
| ઈસ્તિગ્ફાર (માફી માંગવી) |
| રોઝા રાખવા |
| રોઝા ન રાખી શકે તો ? |
| દરેક દિવસે અને રાત્રે કરવાનો અમલ |
| સૂરએ તવ્હીદ |
| તહલીલ (તસ્બીહ) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| લયલતુલ રગાએબ | | | | | |
| અમલે ઉમ્મે દાઊદ | | | | | |
| તારીખ | ૧ | ૧૩ | ૧૫ | ૨૭ | છેલ્લી |

| ઝિયારત |
|---|
| ઝિયારતે રસુલે ખુદા (સ.અ.વ.) |
| ઝિયારતે ઈમામ અલી (અ) |
| ઝિયારતે રજબીય્યહ |
| ઝિયારતે ઈમામ હુસૈન (અ) - પહેલી શબ |
| ઝિયારતે ઈમામ હુસૈન (અ) - ૧૫મી શબ |
| ઝિયારતે ઈમામ હુસૈન (અ) - ૧૫મી તારીખ |

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

# حِلْيَةُ الرَّجَبِيُّوْنَ
# રજબીય્યુન હિલ્યતુલ

## અરબી અને તેના ગુજરાતી તરજુમા સાથે
## માહે રજબના આમાલ

-: પ્રકાશક :-
અલ્તાફહુસૈન માસૂમઅલી નાથાણી
૨, દિલહરબાગ સોસાયટી, ભાવનગર – ૩૬૪૦૦૧
ગુજરાત – ભારત
ફોન નંબર : +૯૧ ૯૮૨૫૨ ૦૫૬૦૩
ઈમેલ : hilyatul.aabedeen@gmail.com

# અર્પણ

શરું કરું છું અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે, ફક્ત તેની ઈબાદત કરીએ છીએ અને ફક્ત તેની જ મદદ માંગીએ છીએ. અલ્લાહ તબારક વ તઆલાના બેહદ લુત્ફો કરમ અને એહસાન થકી તેમજ હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને આલે મુહમ્મદ (અ.મુ.)ના વાસ્તાથી આ કિતાબને ખુબજ એહતેરામની સાથે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ની ખિદમતમાં અર્પણ કરીએ છીએ, અલ્લાહ આપ (અ.)ના ઝુહૂરમાં જલ્દી કરે તથા તેના સવાબને અમારા મરહૂમ કુટુંબીજનો તથા તમામ મરહૂમ મોઅમિનોને હદીયો કરીએ છીએ

-પ્રકાશક

## આ કિતાબ વિશે બે શબ્દો...

શરું કરું છું અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. **અલ્લાહ તબારક વ તઆલાના બેહદ લુત્ફો કરમ અને એહસાન થકી તથા ચૌદ મઅસૂમીન અલય્હે મુસ્સલામના વસીલાથી** ફરી વખત એક નાચીઝ કોશિશ થકી તય્યાર થયેલી આ કિતાબની પ્રથમ આવૃત્તિને **ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)** થી ખિદમતમાં હદીયો પેશ કરીએ છીએ, કે ઈન્શાલ્લાહ આ હદીયો કબુલીય્યતના દરજ્જા સુધી પહોંચે, આમીન

મોઅમિનોએ જે રીતે માહે મુબારકે રમઝાનની દુઆઓની કિતાબ **હિલ્યતુલ આબેદીન** નો સદઉપયોગ કર્યો અને લાભ લીધો, તે જાણી અમોને પ્રોત્સાહન મળેલ અને તેનાથી પ્રેરાયને અમોએ માહે રજબની આ કિતાબ **“હિલ્યતુલ રજબીય્યુન”** ને પ્રકાશિત કરી રહ્યા છીએ જેની PDF ફાઈલ અમુક વર્ષો પેહલા જ તય્યાર થઈ ગયેલ હતી.

કિતાબનું નામ “હિલ્યતુલ રજબીય્યુન” રાખેલ છે જેનો અર્થ થાય છે માહે રજબમાં

ઈબાદત કરનારની ઝીનત અને શણગાર. **ઈમામ જઅફરે સાદિક (અ)** ની રિવાયતમાં છે કે જ્યારે કયામત બરપા હશે ત્યારે અલ્લાહ તરફથી અવાજ આપવામાં આવશે કે **ક્યાં છે રજબીય્યુન ?** ક્યાં છે તે લોકો કે જેઓ એ માહે રજબ ને એહતેરામ આપ્યો અને તે મહિનાથી ફાયદો ઉપાડ્યો?

અરબી વ્યાકરણ મુજબ મુઝાફૂન એલઈહ હોવાના કારણે કિતાબનું નામ હિલ્યતુલ "રજબીય્યીન" હોવું જોઈએ પણ ઉપરોક્ત હદીસના અરબી મતન માં અયન રજબીય્યુન આવેલું છે તે મુજબ કિતાબનું નામ પણ "હિલ્યતુલ રજબીય્યુન" રાખેલ છે

માહે રજબ અલ્લાહનો મહીનો છે, અને આ મહિનાના દિવસો અને રાત્રીઓને આપણે નમાઝ, રોઝા, તસ્બીહ, દુઆ, ઈસ્તીગ્ફાર જેવી ઈબાદતો માં પસાર કરી આ અલ્લાહના મહિનાનો એહતેરામ રાખીએ અને તેનાથી ફાયદો ઉપાડીએ. આ કિતાબની અંદર માહે રજબના અલગ-અલગ આમાલનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેની સમજુતી

ગુજરાતીમાં છે, મતન (text) અરબીમાં તેના તરજુમા સાથે સમાવેશ કરેલ છે. આપણા આલિમોએ ભેગી કરેલી અને લખેલી જુદી જુદી કિતાબોમાંથી આ કિતાબને તય્યાર કરવામાં આવેલ છે.

આ સાથે એક વાત લખવી જરૂરી સમજીએ છીએ કે કોઈ લેખક – સંપાદક મઅસૂમીન (અ.મુ.)ના કૌલ-હદીસ લખવામાં ઈરાદાપૂર્વક ભૂલ ન કરે. તેની પુરી કોશિશ હોય છે કે આવી મઝહબી કિતાબોમાં કોઈ પણ ભૂલ ન રહી જાય; છતાં પણ 'માણસ માત્ર ભૂલને પાત્ર' એ ઉક્તિ અનુસાર તમો વાચકોને કોઈ ભૂલ કે ત્રુટી નજરે પડે તો તે સુધારીને પઢે અને અમારું ધ્યાન ખેંચે, જેથી ભવિષ્યમાં છપાવવામાં આવનાર નવી આવૃતિમાં તે સુધારી લેવામાં આવે અને આમ કરી પોતે પણ સવાબમાં ભાગીદાર બને અને અમોને પણ સવાબના ભાગીદાર બનાવે. આ પહેલાની આવૃત્તિઓમાં રહી ગયેલ ભૂલોનું ધ્યાન દોરવા બદલ તેમજ સલાહ-સુચન આપનાર તમામ મોઅમિનોનો આભાર વ્યક્ત કરીએ છીએ.

અંતમાં કિતાબના સંપાદન-પ્રકાશનમાં સહકાર આપનાર અને જુદી જુદી રીતે મદદરૂપ થનાર મોઅમિનોનો અંતકરણપૂર્વક આભાર માનીએ છીએ. અલ્લાહ તઆલા ચૌદ મઅસૂમીન (અ.મુ.) ના વાસ્તાથી તેઓ બધાની, તેમજ આપણી બધાની તથા તમામ મોઅમિનોની તૌફીકાતમાં વધારો કરે અને તમામ હાજતોને પુરી કરે, અને અમારી આ ખિદમતને કબૂલ કરે – ઈલાહી આમીન

તા. ૫ માહે જમાદીઉલ આખર, હિજરી ૧૪૪૪
અલ્તાફહુસૈન માસુમઅલી નાથાણી

માહે રજબની ફઝીલત..................1

સંયુક્ત (દરરોજ કરવાના) આમાલ......2

રોઝા રાખવા..........................2

રોઝા રાખનારનો સવાબ...............3

માહે રજબના અંતના રોઝાઓ........17

રોઝા ન રાખી શકે તો શું કરવું ?........19

ઈસ્તિગ્ફાર (માફી માંગવી).............21

ઈસ્તિગ્ફાર (૧૦૦ વખત) તેમજ સદ્કો.22

સવાર-સાંજ ઈસ્તિગ્ફાર (૭૦ વખત). 23

પૂરા મહિનામાં ૧૦૦૦ વખત ઈસ્તિગ્ફાર......................24

તહલીલ (તસ્બીહ) – (૧૦૦૦ વખત).25

સૂરએ તવ્હીદ........................25

દરેક દિવસે અને રાત્રે કરવાનો અમલ...27

દરરોજ પઢવાની દુઆઓ.............30

દરેક નમાઝ બાદ - સવાર સાંજની દુઆ.30

ઈમામ સજ્જાદ (અ.) ની દુઆ........34

ઈમામ સાદિક (અ.) ની પહેલી દુઆ...36

ઈમામ સાદિક (અ.) ની બીજી દુઆ...39

ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ની પહેલી દુઆ...........................43

ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ની બીજી દુઆ...........................52

ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ની ત્રીજી દુઆ...........................64

લય્લતુલ રગાયેબ......................69

નમાઝ ..................................74

ચાર રકઆત નમાઝ (જુમ્આના દિવસે).74

પૂરા મહિના દરમિયાન સાઈઠ રકઆત નમાઝ...........................75

બે રકઆત નમાઝમાં ૧૦૦ વખત સૂરએ તવ્હીદ..........................78

દસ રકઆત નમાઝ..................78

ઝિયારતે મઅસૂમીન (અ.મુ)..........80

ઉમરાહ..............................80

ખાસ તારીખમાં કરવાના આમાલ .....81

અલગ અલગ રાત્રીએ પઢવાની નમાઝ..82

પેહલી રાત ના આમાલ.............116

ચાંદ જોઈને પઢવાની દુઆ..........116

નમાઝે મગરીબ પછી પઢવાની નમાઝ.119

નમાઝે ઈશા પછી પઢવાની દુઆ......120

નમાઝે ઈશા પછી બે રકાત નમાઝ....122

ગુસ્લ કરવું............................123

ઝિયારતે ઈમામ હુસૈન (અ.).........123

શબ-બેદારી..........................144

નમાઝે શબ પછી પઢવાની દુઆ.....144

પેહલી તારીખના દિવસના આમાલ...156

રોઝો રાખવો..........................156

ગુસ્લ કરવું............................156

ઝિયારતે ઈમામ હુસૈન (અ.)..........156

નમાઝે જ. સલમાન ફારસી (ર.અ.) - દસ રકઆત.........................157

નમાઝે જ. સલમાન ફારસી (ર.અ.)...159

બીજી દસ રકઆત...................159

તેરમી રાતના આમાલ................160

બે રકાત નમાઝ ................160

અમલે ઉમ્મે દાઊદ ની શરૂઆત ........................................161

ચૌદમી રાતના આમાલ..............161

ચાર રકાત નમાઝ .............161

રોઝો રાખવો...................162

પંદરમી રાતના આમાલ...............162

ગુસ્લ કરવું......................162

શબ-બેદારી...................... 162

ઝિયારતે ઈમામ હુસૈન (અ.સ.) ...................................... 163

છ રકાત નમાઝ ................ 181

ત્રીસ રકાત નમાઝ ............. 181

બાર રકાત નમાઝ.............. 183

પંદરમી તારીખ દિવસના આમાલ....186

ગુસ્લ કરવું...................... 186

ઝિયારતે ઈમામ હુસૈન (અ.સ.) ...................................... 186

નમાઝે જ. સલમાન ફારસી (ર.અ.) - દસ રકઆત....................... 187

ચાર રકાત નમાઝ .............. 187

અમલે ઉમ્મે દાઊદ..................192

સત્યાવીસમી રજબની રાત.........237

નવમાં ઈમામ (અ.સ.) નો અમલ ..........................................238

ગુસ્લ ...........................241

નમાઝ – બાર રકઆત ........241

ઝિયારતે ઈમામ અલી (અ.)..........243

પહેલી ઝિયારત - ઝિયારતે રજબીય્યહ..........................243

બીજી ઝિયારત – ઝિયારતે ઈમામ અલી (અ) ..........................253

બેઅસતની રાત્રે પઢવાની દુઆ.......294

સત્યાવીસમી તારીખનો દિવસ.......313

ગુસ્લ ............................313

રોઝો રાખવો...................313

સલવાત ........................314

ઝિયારતે રસૂલે ખુદા (સ.અ.વ.) ..................................314

ઝિયારતે હઝરત અલી (અ.)..323

બાર રકાત નમાઝ..............323

બાર રકાત નમાઝ (બીજી) ....325

ઈમામ કાઝિમ (અ.) ની દુઆ........330

બેઅસતના દિવસે પઢવાની દુઆ.....342

છેલ્લી તારીખના આમાલ...........343

ગુસ્લ ............................343

રોઝો રાખવો....................343

નમાઝે જ. સલમાન ફારસી (ર.અ.)
- દસ રકઆત........................343

# માહે રજબની ફઝીલત

માહે રજબ, માહે શઅબાન અને માહે રમઝાન ખુબજ મહાન મહીનાઓ છે અને આ મહીનાઓની ફઝીલતમાં ઘણી બધી રિવાયતો અને ફઝીલતો મળે છે જેમાંથી ફક્ત થોડી એવી અઝમત બયાન કરીએ છીએ. **રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે** "માહે રજબ અલ્લાહનો મહાન મહીનો છે કે તેનો એહ્તેરામ અને તેની ફઝીલત જેવી ફઝીલત બીજા કોઈ મહિના જેવી નથી, અને આ કારણે તેને **માહે અસમ** પણ કહેવામાં આવે છે. આ મહિનામાં કાફીરો સાથે જંગ હરામ છે; રજબ અલ્લાહનો મહિનો છે, શઅબાન મારો મહિનો છે અને માહે રમઝાન મારી ઉમ્મતનો મહિનો છે."

# સંયુક્ત (દરરોજ કરવાના) આમાલ

## રોઝા રાખવા

**ઈમામ મૂસા કાઝિમ (અ.) ફરમાવે છે** કે જે કોઈ **માહે રજબમાં એક રોઝો રાખશે** તો જહન્નમની આગ તેનાથી એક વર્ષના અંતર સુધી દૂર થઈ જશે. જન્નતમાં **રજબ નામની એક નહેર છે** જે દૂધથી પણ વધારે સફેદ અને મધથી પણ વધારે મીઠી છે; બેશક જે કોઈ માહે રજબમાં એક રોઝો રાખશે તે આ નહેરમાંથી સેરાબ થશે.

**આ મહિનામાં ગુરુવારે, જુમ્આ અને શનિવારે એમ ૩ દિવસ રોઝા રાખે,** કારણ કે રિવાયતમાં છે કે જે કોઈ હરામ મહીનાઓ (એટલે કે રજબ, ઝીલ્કાદ, ઝીલ્હજ્જ અને મોહર્રમ) માંથી એક હરામ મહિનામાં આ મુજબ ત્રણ રોઝા રાખશે તો અલ્લાહ તઆલા તે રોઝેદાર માટે નવસો વર્ષની ઈબાદતનો સવાબ લખશે. જે કોઈ **માહે રજબમાં ત્રણ**

**રોઝા રાખશે** તો તેની ઉપર જન્નત વાજિબ થઇ જશે.

## રોઝા રાખનારનો સવાબ

રસૂલે ખુદા (સ.અ.વ.) એક વિગતવાર હદીસમાં માહે રજબના રોઝાઓ રાખવાનો સવાબ બયાન કરે છે અને ફરમાવે છે કે **ઈમાનની સાથે અને અલ્લાહની ખુશનુદી માટે...**

જે કોઈ **માહે રજબમાં એક રોઝો રાખશે** તે અલ્લાહ તઆલાની મહાન ખુશનુદી હાંસિલ કરવાનો મુસ્તહક્ક થશે, તે રોઝેદારથી ગઝબે ઈલાહી દૂર થશે અને તેની માટે જહન્નમના દરવાજાઓમાંથી એક દરવાજો બંધ થઇ જશે; અગર આખી ઝમીન ઉપર સોનું ફેલાવી દેવામાં આવે અને તે રોઝેદારને આપવામાં આવે તો આ બદલો પણ તેના રોઝાના અજર કરતાં વધારે નથી, નેકીઓ સિવાય તેના આ રોઝાનો અજર દુનિયામાં બીજું કઈ ન હોય શકે પણ શર્ત છે કે આ રોઝો

ચોખ્ખી અને પાક નિય્યતથી ખુદાની ખુશનુદી માટે રાખવામાં આવેલ હોય; રાતના સમયે તેની દસ દુઆઓ કબૂલ થાય છે;

જે કોઈ **માહે રજબમાં બે રોઝા રાખશે** તેને અલ્લાહ તરફથી એટલી ઈઝ્ઝત મળશે કે આસમાનમાં તેમજ ઝમીનમાં રહેવાવાળાઓ તેને બયાન નહિ કરી શકે; અને અલ્લાહ તેને દસ સાદેકીન (સાચ્ચાઓ) નો અજર અતા કરશે, જેવી રીતે સાદેકીન કયામતના દિવસે શફાઅત કરશે તેવીજ રીતે તે પણ શફાઅત કરશે, તે સાદેકીન સાથે મહ્શૂર થશે અને જન્નતમાં દાખલ થશે, અને તે સાદેકીનના દોસ્તો અને સાથીઓમાંથી હશે.

જે કોઈ **માહે રજબમાં ત્રણ રોઝા રાખશે** તો અલ્લાહ તેની અને જહન્નમની આગની વચ્ચે સિત્તેર વર્ષના રસ્તાના અંતર જેટલી લાંબી આડ મૂકી દેશે, ઈફતારી ના સમયે અલ્લાહ તેને કહેશે કે મારી ઉપર તારો હક્ક વાજિબ છે, તારી ઉપર મારી મોહબ્બત અને સરપરસ્તી વાજિબ છે, અને ફરિશ્તાઓ ગવાહ

રહજો કે મે તેના થયેલા ગુનાહો અને થનાર ગુનાહોને માફ કર્યા.

જે કોઈ **માહે રજબમાં ચાર રોઝા રાખશે** તો અલ્લાહ તેને બધી બલાઓથી સલામતી અતા કરશે અને મોટી મોટી બીમારીઓ તથા દજ્જાલના ફિત્નાથી બચાવશે, અને કબરના અઝાબથી પનાહ અતા કરશે; અલ્લાહ તેને તૌબા કરનાર અકલમંદોનો અજર અતા કરશે અને તેનુ આમાલનામું તેના જમણા હાથમાં આપી દેવામાં આવશે અને તેનો શુમાર ઉચ્ચ ઈબાદત કરવાવાળાઓ સાથે થશે.

જે કોઈ **માહે રજબમાં પાંચ રોઝા રાખશે** તો અલ્લાહ તઆલા ઉપર તેનો હક્ક થશે કે અલ્લાહ તેને કયામતના દિવસે રાઝી કરે અને કયામતના દિવસે તેનો ચેહરો ચૌદમીના ચાંદની જેમ હશે, અને માટીના રજ-કણોની સંખ્યા મુજબ નેકી અતા કરશે, હિસાબ વગર જન્નતમાં દાખલ કરશે, અને તેને કહેવામાં આવશે કે તારા પાલનહાર અલ્લાહ પાસે જે કઈ પણ હાજત હોઈ તેની તમન્ના કરે.

જે કોઈ **માહે રજબમાં છ રોઝા રાખશે** તો તે કબરમાંથી એ હાલતમાં ઉભો થશે કે તેના ચેહરા ઉપર એવું ચમકતું નૂર હશે કે જેની રોશની સૂરજના નૂરથી પણ વધારે હશે, અલ્લાહ તઆલા તેને કયામતના દિવસે અમન અને સલામતી સાથે મબઉસ કરશે, પુલે સેરાત ઉપરથી હિસાબ વગર પસાર થઈ જશે તેમજ અલ્લાહ તેને આકે વાલેદૈન અને કત્એ-રહેમના ગુનાહોના અઝાબથી અમાન આપશે.

જે કોઈ **માહે રજબમાં સાત રોઝા રાખશે** તો જહન્નમના જે સાત દરવાજાઓ છે તે દરેક રોઝાના બદલામાં અલ્લાહ તે સાતે દરવાજાઓને બંધ કરી દેશે અને તેના શરીરને જહન્નમની આગ ઉપર હરામ કરી દેશે.

જે કોઈ **માહે રજબમાં આંઠ રોઝા રાખશે** તો જન્નતના જે આંઠ દરવાજાઓ છે તે દરેક રોઝાના બદલામાં અલ્લાહ તે આંઠે દરવાજાઓને ખોલી દેશે અને તેને કહેવામાં આવશે કે તને પસંદ હોય તે દરવાજામાંથી જન્નતમાં દાખલ થઈ જા.

જે કોઈ **માહે રજબમાં નવ રોઝા રાખશે** તે કબ્રમાંથી “લા ઈલાહ ઈલ્લલ્લાહ” કહેતો ઉભો થશે, તેનો ચેહરો જન્નતી હશે, તેનો ચેહરો એવો ચમકતો હશે કે લોકો એકબીજાને એવું કહેશે કે શું આ અલ્લાહના પસંદ કરેલા  નબી છે ? અને તે હિસાબ વગર જન્નતમાં દાખલ થશે અને આ અજર તો રોઝેદારને ઓછામાં ઓછો અજર છે (અને હજી પણ બિજો ઘણો અજર તો છે જ.)

જે કોઈ **માહે રજબમાં દસ રોઝા રાખશે** તેને અલ્લાહ તઆલા મોતી અને યાકૂતથી બનેલી બે પાંખ અતા કરશે કે જેના થકી તે પુલે સિરાત ઉપરથી ઉડીને વિજળી વેગે જન્નતો તરફ આગળ વધશે, અલ્લાહ તેના બુરા કાર્યોને નેકીમાં બદલી આપશે, અને અલ્લાહ તેને પોતાના મુકર્રબ (નજીકના) બંદાઓમાં શુમાર કરશે કે જેઓ અલ્લાહની ખુશનુદી માટે અદ્લ ઉપર મક્કમ હશે, અને તે રોઝેદારે જાણે એકસો વર્ષ મક્કમતા અને સબ્ર સાથે અલ્લાહ તઆલાની ખુશનુદી માટે ઈબાદત કરી હોય (તેનો અજર અતા કરશે).

જે કોઈ **માહે રજબમાં અગિયાર રોઝા રાખશે** તે કયામતના દિવસે અલ્લાહની નજીક તેનાથી વધારે અફઝલ દરજ્જો કોઈ બંદાનો નહિ હોય સિવાય કે જેણે આ બંદાની જેમ અથવા તેનાથી વધારે રોઝા રાખ્યા હોય.

જે કોઈ **માહે રજબમાં બાર રોઝા રાખશે** તેને અલ્લાહ તઆલા કયામતના દિવસે સુન્દોસ અને ઈસ્તબ્રકથી બનેલા બે લીલા રંગના કપડા પહેરાવી તેનું સન્માન કરશે. આ કપડા એવા હશે કે જો તેમાંથી એક કપડાને પણ દુનિયા તરફ ખોલી દેવામાં આવે તો પૂર્વ અને પશ્ચિમ દિશાની વચ્ચેની બધી વસ્તુઓ રોશન થઈ જાય અને ચમકવા લાગશે અને દુનિયા મશકની સુગંધથી પણ વધારે પાક અને ચોખ્ખી થઈ જાય.

જે કોઈ **માહે રજબમાં તેર રોઝા રાખશે** તેના માટે કયામતના દિવસે અર્શના છાયામાં લીલા યાકૂતનો સુફરો બીછાવવામાં આવશે કે જેની વિશાળતા દુનિયાની વિશાળતા કરતાં સિત્તેર ગણી વધારે હશે અને તેના પાયા મોતીઓથી બનેલા હશે, આ સુફરાની ઉપર

મોતીઓ તથા યાકૂતના બનેલા ઘણા બધા વાસણો હશે, જે દરેક વાસણોમાં અલગ અલગ જાતના સિત્તેર હજાર પકવાન હશે, જેનો સ્વાદ અને જેની સુગંધ એક-બીજાથી અલગ હશે; લોકો જયારે કયામતની સખ્તીઓમાં અને પરેશાનીમાં હશે તેવા સમયે આ રોઝેદાર માટે આ સુફરો હશે જેમાં તેની માટે ફાયદો હશે.

જે કોઈ **માહે રજબમાં ચૌદ રોઝા રાખશે** તેને અલ્લાહ તઆલા મોતીઓ અને યાકૂતથી બનેલા એવા મહેલો અતા કરશે કે જેને કોઈ આંખે જોયા નહિ હોય અને કોઈ કાને સાંભળ્યું નહિ હોય તેમજ કોઈ ઈન્સાનના દિલમાં એવો ખયાલ પણ નહિ આવ્યો હોય.

જે કોઈ **માહે રજબમાં પંદર રોઝા રાખશે** તે કયામતના દિવસે આમેનીન (અલ્લાહના અઝાબ્થી સલામત લોકો) સાથે ઉભો હશે; અને જે કોઈ ફરિશ્તા અથવા નબી અથવા રસૂલ ત્યાંથી પસાર થશે તેઓ તેને ખુશખબરી અને મુબારકબાદી આપશે કે તુ અલ્લાહના અઝાબથી અમનમાં છો, અલ્લાહ થી મુકર્રબ (નજીક) છો, તને આ શરફ

(દરજ્જો) હાંસિલ થયો છે, બીજા પણ આ દરજ્જો મેળવવા માંગે છે, તુ મોહતરમ છો અને તુ જન્નતી છો.

જે કોઈ **માહે રજબમાં સોળ રોઝા રાખશે** તે એવા પહેલા લોકોમાંથી હશે કે જે નૂરની સવારી ઉપર સવારી કરીને જન્નતોમાં ઉડીને દારુર રહમાન (અલ્લાહની અનહદ રહમતનું મકામ) સુધી જશે.

જે કોઈ **માહે રજબમાં સત્તર રોઝા રાખશે** તેની માટે કયામતના દિવસે પુલે સેરાત ઉપર સિત્તેર હજાર નૂરાની ચિરાગ લગાવવામાં આવશે જેથી આ નૂર વડે તે પુલે સેરાત ઉપરથી પસાર થઈ જન્નતોમાં દાખલ થઈ જાય; ફરિશ્તાઓ તેનું સ્વાગત કરતા-કરતા અને તેને સલામ કરતા-કરતા તેની પાછળ પાછળ આવે.

જે કોઈ **માહે રજબમાં અઢાર રોઝા રાખશે** તેનું મકામ મોતીઓ અને યાકૂતથી બનેલા તખ્ત ઉપર, હઝરત ઈબ્રાહીમ (અ.) ના મકામની સાથે, તેમના મહેલમાં હશે.

જે કોઈ **માહે રજબમાં ઓગણીસ રોઝા રાખશે** તેની માટે અલ્લાહ તઆલા તેની

માટે જન્નતમાં હઝરત આદમ (અ.) તથા હઝરત ઈબ્રાહીમ (અ.) ના પડોશમાં મુલાયમ મોતીઓનો મહેલ બનાવશે જેથી તે રોઝેદાર તે બન્ને નબીઓને સલામ કરી શકે અને તે બન્ને નબીઓ પણ તેનું આ મકામ જોયને તેને સલામ કરશે; અને તેની માટે દરેક રોઝાના બદલામાં હજાર વર્ષના રોઝાનો સવાબ અતા કરશે.

જે કોઈ **માહે રજબમાં વીસ રોઝા રાખશે** તો જાણે તેણે વીસ હજાર વર્ષ અલ્લાહની ઈબાદત કરી હોય (તેવો અજર અને સવાબ તેને આપવામાં આવશે)

જે કોઈ **માહે રજબમાં એકવીસ રોઝા રાખશે** કયામતના દિવસે ઘણા બધા મોટા ગુનેહગારો અને ખતાકાર લોકોના હકકમાં તેની શફાઅત કબૂલ થશે ભલે પછી તેઓ બધાની સંખ્યા “રબીઆ” અને “મોઝર” કબીલાના લોકોની સંખ્યા જેટલી વધારે કેમ ન હોય.

જે કોઈ **માહે રજબમાં બાવીસ રોઝા રાખશે** તો તેની માટે આસમાનમાંથી અવાજ આપવામાં આવશે કે અય અલ્લાહના ચહિતા

બંદા અને દોસ્ત, હું તને અલ્લાહ તરફથી મહાન દરજ્જાની ખુશખબરી આપું છું અને નબીઓ, સિદ્દીકો, શોહદા તથા સાલેહીન સાથે હમનશીની અને દોસ્તીની ખુશખબરી આપું છું, આ તેઓ છે જેને અલ્લાહ તઆલાએ નેઅમતો આપી છે; ખરેખર કેટલા સારા દોસ્તો છે.

જે કોઈ **માહે રજબમાં ત્રેવીસ રોઝા રાખશે** તો આસમાનમાંથી અવાજ આપવામાં આવશે કે ખુશનસીબ છો તુ અય અલ્લાહના બંદા, તે ઓછી મહેનત કરી છે પણ તેનો બદલામાં કેટલી બધી નેઅમતો છે; ખુશાબહાલ છે તારી માટે જયારે તારી સામેથી પડદાઓ હટાવી લેવામાં આવશે, અને તારા ઉદાર પાલનહાર તરફથી સવાબ તરફ આગળ વધીશ અને દારીસ સલામમાં હઝરત ઈબ્રાહીમ (અ.) ની પડોશમાં મહાન અલ્લાહની નજીકનું મકામ મળી જશે.

જે કોઈ **માહે રજબમાં ચોવીસ રોઝા રાખશે**, જયારે મલકુલ મૌત (અ.) તેની ઉપર નાઝિલ થશે, તો તેને એક જવાનની શકલમાં

જોશે કે જે જન્નતી સવારી ઉપર સવાર હશે, જેણે જન્નતી લિબાસ પેહરેલો હશે; તેના એક હાથમાં લીલા રંગનું રેશમ હશે કે જે મસકની ખુશ્બુથી ભરપુર હશે, અને તેના બીજા હાથમાં સોનાનો પ્યાલો હશે જે જન્નતની પાક શરાબ થી ભરેલો હશે; તો જયારે તેની રૂહ કબ્ઝ કરશે ત્યારે તેને આ જન્નતી શરાબથી સેરાબ કરશે જેથી તેની માટે સકરાતે મૌત આસાન થઇ જશે; પછી તેની રૂહને લીલા સુગંધી રેશમમાં લઇ જશે અને તેની ખુશ્બુ સાત આસમાનમાં રહેવાવાળાઓ સુધી પહોચશે, તે પોતાની કબરમાં સેરાબ રેહશે ત્યાં સુધી આ રોઝેદારને કબ્રમાંથી ઉઠાડવામાં આવશે અને હોવ્ઝે નબી (કવ્સર) સુધી પહોંચી જાય.

જે કોઈ **માહે રજબમાં પચ્ચીસ રોઝા રાખશે** તો જયારે તે કબરમાંથી બહાર આવશે તો સિત્તેર હજાર ફરિશ્તાઓ તેની સાથે મુલાકાત કરશે, કે જે દરેકના હાથોમાં મોતીઓ અને યાકૂતોના પરચમ હશે અને જન્નતી લિબાસ તથા આભુષણો અને ઝવેરાતની સાથે તેઓ બધા આ રોઝેદાર તરફ આવશે અને કહેશે કે

અય અલ્લાહના ચહિતા બંદા, તારા પાલનહાર તરફ પ્રયાણ કર. તો આ રોઝેદાર તે પહેલા લોકોમાંથી હશે જે અલ્લાહના મુકર્રબ બંદાઓ સાથે જન્નતમાં દાખલ થશે. આ મુકર્રબ બંદાઓ તે હશે જેનાથી અલ્લાહ રાઝી હશે અને તેઓ પણ અલ્લાહથી રાઝી હશે, આ ખુબજ મોટી સઆદત અને કામયાબી છે.

જે કોઈ **માહે રજબમાં છવ્વીસ રોઝા રાખશે** તો અલ્લાહ તેના અર્શના છાયાંમાં તેની માટે મોતીઓ અને યાકૂતના એકસો મહેલ બનાવશે, તે દરેક મહેલની ટોચ ઉપર જન્નતી લાલ રેશમથી બનેલો ખૈમો હશે; તેની અંદર રોઝેદારઆરામથી સુકુન સાથે સુતો હશે જયારે કે આ જ સમયે બીજા લોકો હજી હિસાબ-કિતાબ દેવામાં મશગૂલ હશે.

જે કોઈ **માહે રજબમાં સત્યાવીસ રોઝા રાખશે** અલ્લાહ તઆલા તેની કબ્રને ખુબજ વિશાળ બનાવી દેશે કે જેની વિશાળતા ચારસો વર્ષના રસ્તા જેટલી હશે, અને તે જગ્યાને મિસ્ક અને અંબરની ખુશ્બુથી ભરી દેશે.

જે કોઈ **માહે રજબમાં અઠ્યાવીસ રોઝા રાખશે** તો અલ્લાહ તઆલા તેની અને જહન્નમની આગની વચ્ચે નવ આડ (ખંદક)નો ફાસલો પાડશે કે જે દરેક ખંદકની વચ્ચેનું અંતર ઝમીન અને અસમાનની વચ્ચેનું અંતર અને ફાસલો છે જે પાંચસો વર્ષના રસ્તાનું અંતર છે.

જે કોઈ **માહે રજબમાં ઓગણત્રીસ રોઝા રાખશે** તો અલ્લાહ તઆલા તેને માફ કરી આપશે ભલે પછી તે ઝુલ્મ કરનાર હાકિમ કેમ ન હોય અથવા એવી ઔરતને પણ માફ કરી આપશે ભલે પછી તેણીએ સિત્તેર વખત બદકામ કર્યા હશે પણ શર્ત એ છે કે આ ગુનાહો પછી માહે રજબના આ રોઝાઓ થકી અલ્લાહની ખુશનુદી પામવાનો ઈરાદો કર્યો હોય અને અલ્લાહ પાસે જહન્નમથી છુટકારા માટે માફી માંગી હોય.

જે કોઈ **માહે રજબમાં ત્રીસ રોઝા (પૂરા મહિનાના રોઝા) રાખશે** તો આસમાનમાંથી અવાજ આપવામાં આવશે કે અય અલ્લાહના બંદા, જે વીતી ગયું છે તેને અલ્લાહે માફ કરી આપ્યું, હવે જે જીંદગી બાકી

છે તેમાં નવેસરથી અમલ શરુ કર. અલ્લાહ તઆલા તેને દરેક જન્નતોમાં સોનાના ચાલીસ હજાર શેહરો અતા કરશે, દરેક શેહરોમાં ચાર કરોડ મહેલ હશે, દરેક મહેલમાં ચાર કરોડ ઘર હશે, દરેક ઘરની અંદર ચાર કરોડ સોનાના સુફરાઓ હશે, દરેક સુફરા ઉપર ચાર કરોડ પ્યાલાઓ હશે, દરેક પ્યાલાઓમાં ચાર કરોડ જાતની એવી વાનગીઓ અને પીણા હશે કે જે દરેકનો સ્વાદ અલગ-અલગ હશે; અને દરેક ઘરની અંદર ચાર કરોડ સોનાના પલંગ હશે, જે દરેક પલંગની લંબાઈ એક હજાર હાથ જેટલી અને તેની પહોળાઈ પણ એક હજાર હાથ જેટલી હશે, તે દરેક પલંગ ઉપર હૂરુલઈન હશે, તે દરેક હુરુલઈન ના માથા ઉપર ત્રણ લાખ નૂરાની ચમકતા ગુંથાયેલા વાળ હશે, અને તે દરેકને દસ લાખ કનીઝોએ મસ્ક અને અંબરની ખુશ્બુથી ભરપૂર કરતી  હશે, જેથી આ રોઝેદારને તેનાથી ફાયદો પહોંચે; આ બધો સવાબ માહે રજબના પૂરા મહિનાના રોઝા રાખનાર માટે છે.

## માહે રજબના અંતના રોઝાઓ

રાવી કહે છે કે માહે રજબ પૂરો થવા ઉપર હતો અને આ મહિનામાં થોડા દિવસો હજી બાકી હતા ત્યારે હું એક વખત **ઈમામ જઅફરે સાદિક (અ.) ની ખિદમતમાં** પહોંચ્યો. ઈમામ (અ.) ની મુબારક નિગાહ જયારે મારી ઉપર પડી તો મને પુછ્યું કે **"શું આ મહિનામાં રોઝા રાખ્યા કે નહીં ?"** તો મેં જવાબ આપ્યો કે "અય ફરઝંદે રસૂલ (સ.અ.વ.) અલ્લાહની કસમ, મેં એક પણ રોઝો નથી રાખ્યો"; તો આપ (અ.) એ ફરમાવ્યું કે "તે આમ કરીને (એટલે કે માહે રજબમાં રોઝા ન રાખીને) એટલો મોટો સવાબ જતો કર્યો છે કે જેની ગણતરી અલ્લાહ સિવાય બીજું કોઈ જાણતું નથી; ખરેખર આ મહિનો તે મહિનો છે કે જેને બીજા મહીનાઓ ઉપર ફઝીલત આપી છે તથા તેની હુરમત અને એહતેરામને મહાનતા આપી છે; અને **આ મહિનાના રોઝેદારોને ઈઝઝત અને એહતેરામ કરવાનું અલ્લાહે પોતાની ઉપર વાજિબ બનાવ્યું છે.**"

તો પછી મે કહયું કે "અય ફરઝંદે રસૂલ (સ.અ.વ.), માહે રજબના જેટલા દિવસો બાકી છે તે દિવસોમાં રોઝા રાખું તો શું મને આ મહિનાના રોઝેદારોને મળનાર સવાબમાંથી અમુક સવાબ મળશે ?" ઈમામ (અ.) જવાબ આપે છે કે

**"જે કોઈ માહે રજબના અંતમાં એક રોઝો રાખશે** તો અલ્લાહ તેને સકરાતની હાલતમાં મુશ્કેલીથી તથા મૌત પછીના ડરથી અને કબરના અઝાબથી અમાન આપશે; જે કોઈ માહે રજબના અંતમાં બે રોઝા રાખશે તો આસાનીથી પુલે સિરાત ઉપરથી પસાર થઈ જશે;

**જે કોઈ માહે રજબના અંતમાં ત્રણ રોઝા રાખશે** તો કયામતના દિવસના ડરથી તેમજ તે દિવસની મુશ્કેલીઓથી અને ખૌફથી અમાનમાં (બચેલો) રહેશે અને તેને જહન્નમની આગથી મુક્તિ અને નજાત આપવામાં આવશે."

## રોઝા ન રાખી શકે તો શું કરવું ?

***રસૂલે ખુદા (સ.અ.વ.) ને પુછવામાં આવ્યું*** કે જો કોઈ નબળાઈના કારણે અથવા બિમારીના કારણે, અથવા ઔરતો અમુક દિવસોમાં પાક ન હોવાના કારણે **માહે રજબના રોઝાઓ ન રાખી શકે તો આ બધો સવાબ મળે તેની માટે શું કરવું જોઈએ ?** આપ (સ.અ.વ.) એ જવાબ આપ્યો કે દરેક રોઝાની બદલે મિસ્કીનોને એક રગીફ (ખોરાકમાં પુરતી થઈ રહે તેવી રોટલી) સદ્કો આપે, કસમ છે તે અલ્લાહની કે જેના કબ્ઝએ કુદરતમાં મારી જાન છે, જો કોઈ આ મુજબ દરેક દિવસે સદ્કો આપશે તો આ બધો સવાબ તેને મળશે, બલ્કે તેની કરતા વધારે સવાબ મળશે કારણ કે જો આસમાનો અને ઝમીનની તમામ મખ્લૂકાત ભેગી મળે અને માહે રજબના રોઝા રાખવાના સવાબની ગણતરી કરે તો પણ આ સવાબ તથા અજરની ફઝીલત અને દરજ્જાઓના દસમાં ભાગ સુધી પણ પહોંચી નહિ શકે;

ફરી આપ (સ.અ.વ.) ને પુછવામાં આવ્યું કે અય અલ્લાહના રસૂલ, **જો કોઈ આ સદ્કો**

**આપવા માટે પણ શક્તિ ન ધરાવતો હોય તો તેણે શું કરવું ?** આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે રજબ મહિનામાં દરરોજ ત્રીસ દિવસ સુધી આ તસ્બીહને એકસો વખત પઢવું :

سُبْحَانَ الْإِلٰهِ الْجَلِيْلِ سُبْحَانَ مَنْ لَا يَنْبَغِي التَّسْبِيْحُ إِلَّا لَهٗ ، سُبْحَانَ الْأَعَزِّ الْأَكْرَمِ سُبْحَانَ مَنْ لَبِسَ الْعِزَّ وَهُوَ لَهٗ أَهْلٌ

તરજુમો : પાક છે તે મહાન અલ્લાહ ! પાક છે એ કે જેના સિવાય કોઈ તસ્બીહને લાયક નથી, પાક છે જે માનવંત અને કરામતવાળો છે, પાક છે જેણે ઈઝ્ઝતનો લિબાસ ધારણ કર્યો છે અને ફક્ત તે જ આ લિબાસને લાયક છે

## ઈસ્તિગ્ફાર (માફી માંગવી)

રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે માહે રજબ મારી ઉમ્મત માટે ઈસ્તિગ્ફાર એટલે કે અલ્લાહ પાસે માફી માંગવાનો મહિનો છે, તો **આ મહિનામાં અલ્લાહ પાસે ખુબજ માફી માંગો કારણ કે અલ્લાહ ખુબજ માફ કરનાર અને બહુજ મહેરબાન છે;** અને રજબને અસબ પણ કહેવામાં આવે છે કારણ કે મારી ઉમ્મત ઉપર અલ્લાહની રહમત આ મહિનામાં ખુબજ વધારે ફેલાવવામાં છે, તો **જેમ બને તેમ વધારે કહો કે :**

أَسْتَغْفِرُ اللهَ وَ أَسْأَلُهُ التَّوْبَةَ

અલ્લાહ પાસે માફી માંગું છું અને તેની પાસે તૌબાનો સવાલ કરું છું

## ઈસ્તિગ્ફાર (૧૦૦ વખત) તેમજ સદ્કો

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે જે કોઈ માહે રજબમાં **એકસો વખત આ મુજબ ઈસ્તિગ્ફાર કરે અને ત્યારબાદ સદ્કો આપે** તો અલ્લાહ તઆલા તેને રહમત અને મગફેરત અતા કરશે; અને **જે કોઈ ચારસો વખત પઢે** તો અલ્લાહ તઆલા તેને એકસો શહીદનો અજર અતા કરે છે; અને કયામતના દિવસે અલ્લાહ તેને કહેશે કે તારે જે કંઈ પણ જરૂર હોય તેની તમન્ના કર હું તને અતા કરીશ.

أَسْتَغْفِرُ اللّٰهَ الَّذِيْ لَا إِلٰهَ إِلَّا هُوَ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَأَتُوْبُ إِلَيْهِ

માફી માંગું છું એ અલ્લાહની જેના સિવાય બીજો કોઈ ઈબાદતને લાયક નથી, તે એક જ છે, તેનો કોઈ

ભાગીદાર નથી અને તેની તરફ પાછો ફરું છે (તૌબા કરું છું)

## સવાર-સાંજ ઈસ્તિગ્ફાર (૭૦ વખત)

રિવાયતમાં છે કે જે કોઈ નીચે મુજબ ઈસ્તિગ્ફાર કરે તો જો અગર તેને માહે રજબમાં મૌત આવે તો અલ્લાહ તેનાથી રાઝી હશે અને માહે રજબની બરકતના કારણે તેને જહન્નમની આગ અડશે પણ નહીં. સવારે સિત્તેર વખત અને સાંજે પણ સિત્તેર વખત નીચે મુજબ કહે કે

أَسْتَغْفِرُ اللّٰهَ وَأَتُوْبُ إِلَيْهِ

અલ્લાહ પાસે માફી માંગુ છું અને તેની તરફ પાછો ફરું છે (તૌબા કરું છું)

અને સિત્તેર વખત ઈસ્તિગ્ફાર પછી બન્ને હાથોને ઉંચા કરે અને કહે

اَللّٰهُمَّ اغْفِرْ لِيْ وَتُبْ عَلَيَّ

અય અલ્લાહ મને માફ કરી દે અને મારી તૌબાને કબૂલ કર

## પૂરા મહિનામાં ૧૦૦૦ વખત ઈસ્તિગ્ફાર

આ પૂરા મહિના દરમિયાન એક હજાર વખત નીચે મુજબ કહે જેથી મહેરબાન અલ્લાહ તેને માફ કરી આપે :

أَسْتَغْفِرُ اللهَ ذَا الْجَلَالِ وَ الْإِكْرَامِ

مِنْ جَمِيْعِ الذُّنُوْبِ وَالْآثَامِ

મહાન અને માનવંત અલ્લાહ પાસે બધા જ ગુનાહોની તેમજ નુકસાનકારક બુરાઈઓની માફી માંગુ છું

## તહલીલ (તસ્બીહ) – (૧૦૦૦ વખત)

રિવાયતમાં છે કે જે કોઈ માહે રજબમાં નીચે મુજબની તહલીલ ને એક હજાર વખત કહે તો અલ્લાહ તઆલા તેના **માટે એક લાખ નેકીઓ લખે છે અને તેની માટે જન્નતમાં એકસો શહેર બનાવે છે**

لَا إِلٰهَ إِلَّا اللّٰهُ

અલ્લાહ સિવાય બીજો કોઈ મઅબુદ (ઈબાદતને લાયક) નથી

## સૂરએ તવ્હીદ

રસૂલે ખુદા (સ.અ.વ.) તરફથી આ મહિનામાં સૂરએ તવ્હીદ પઢવાની ખુબજ ફઝીલત બયાન થયેલી છે. રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે :

જે કોઈ **માહે રજબમાં એકસો વખત સૂરએ તવ્હીદ પઢે** તો અલ્લાહ તઆલા તેને જન્નતમાં મોતી અને યાકૂતના બાર મહેલ

અતા કરે અને તેને ૧૦ લાખ નેકી અતા કરે; પછી અલ્લાહ તઆલા કહે છે કે મારા આ બંદાને તમારી સાથે લઈ જાવ અને જે અજર મે તેની માટે તય્યાર કર્યો છે તેને બતાવો ત્યારે દસ હજાર કુદરતમંદ ફરિશ્તાઓ આવે છે અને તેની માટે મોતીઓથી બનેલ દસ લાખ મહેલ તથા લાલ યાકૂતથી બનેલ દસ લાખ મહેલ ખોલી આપે છે કે જેની માટે વખાણ કરનારાઓ વખાણ નથી કરી શકતા. તો જયારે બંદો આ બધું જુવે છે તો પોતે પણ તઅજ્જુબ પામે છે અને પુછે છે કે આ બધો અજર કયા નબી માટે છે ? તો તેને જવાબ આપવામાં આવશે કે આ બધું તારા માટે છે જે સૂરએ તવ્હીદ પઢવાનો અજર છે.

તેમજ રિવાયતમાં છે કે **જે કોઈ માહે રજબમાં જુમ્આના દિવસે એકસો વખત સૂરએ તવ્હીદ પઢે** તો કયામતના દિવસે એક નૂર હશે જે તેને જન્નત તરફ ખેંચીને લઈ જશે;

આપ (સ.અ.વ.) થી રિવાયત છે કે **જે કોઈ એક હજાર વખત સૂરએ તવ્હીદ પઢે** તો તેને એક હજાર નબીઓ અને એક હજાર

ફરિશ્તાઓના અમલનો અજર મળશે અને તેનાથી વધારે અલ્લાહથી નજીક બીજું કોઈ નહિ હોય સિવાય તે કે જેણે વધારે આ અમલ કર્યો હોય; અને માહે રજબમાં આ અજર અને સવાબ ઘણો બધો વધી જાય છે

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે **જે કોઈ પૂરી ઉમ્રમાં માહે રજબ દરમ્યાન સાચ્ચી નિય્યતથી દસ હજાર વખત સૂરએ તવ્હીદ પઢે** તો કયામતના દિવસે તે એવી રીતે મશ્હૂર થશે કે તેના ગુનાહો માફ થયેલા હશે જેવી રીતે તેને પોતાની માતાએ હમણાજ જન્મ આપ્યો છે, અને તેના સ્વાગત માટે સિત્તેર ફરિશ્તાઓ આવશે કે જેઓ તેને જન્નતની ખુશખબરી અને બશારત આપશે.

## દરેક દિવસે અને રાત્રે કરવાનો અમલ

રસૂલે ખુદા (સ.અ.વ) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબમાં, માહે શઅબાન અને માહે રમઝાનમાં દરેક દિવસે અને દરેક રાત્રે નીચે મુજબ પઢે તો **અલ્લાહ તઆલા તેના**

**ગુનાહોને માફ કરી આપશે ભલે પછી તે ગુનાહોની સંખ્યા વરસાદના ટીપા જેટલી, વૃક્ષોના પાન જેટલી અને દરિયાના ફીણ જેટલી કેમ ન હોય...**

ત્રણ વખત સૂરએ અલહમ્દ, ત્રણ વખત આયતુલ કુરસી, ત્રણ-ત્રણ વખત ચાર કુલ (સૂરએ કાફેરૂન, સૂરએ તવ્હીદ, સૂરએ ફલક અને સૂરએ નાસ) પઢે; ત્યારબાદ ત્રણ વખત કહે

سُبْحَانَ اللهِ وَ الْحَمْدُ لِلّٰهِ وَ لَا إِلٰهَ إِلَّا اللهُ وَ اللهُ أَكْبَرُ وَ لَا حَوْلَ وَ لَا قُوَّةَ إِلَّا بِاللهِ الْعَلِيِّ الْعَظِيْمِ

પાક છે અલ્લાહ અને સઘળા વખાણ ફક્ત અલ્લાહ માટે છે, અને અલ્લાહ સિવાય બીજો કોઈ મઅબુદ (ઈબાદતને લાયક) નથી અને અલ્લાહ સૌથી મહાન છે, સર્વશ્રેષ્ઠ

અને મહાન અલ્લાહ સિવાય બીજા કોઈની કુવ્વત અને તાકત નથી

- ત્યારબાદ ત્રણ વખત સલવાત પઢે

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ

અય અલ્લાહ ! હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ (અ.મુ.) પર રહમત નાઝિલ કર

- ત્યારબાદ ત્રણ વખત કહે

اَللّٰهُمَّ اغْفِرْ لِلْمُؤْمِنِيْنَ وَ الْمُؤْمِنَاتِ

અય અલ્લાહ ! દરેક મોઅમિનો અને મોઅમેનાતને માફ કરી આપ

- ત્યારબાદ ચારસો વખત કહે

أَسْتَغْفِرُ اللهَ وَ أَتُوْبُ إِلَيْهِ

હું અલ્લાહ પાસે માફી માંગું છુ અને હું તેની તરફ પાછો ફરું છું (તૌબા

કરું છું)

# દરરોજ પઢવાની દુઆઓ

## દરેક નમાઝ બાદ અને સવાર સાંજની દુઆ

ઈમામ જઅફરે સાદિક (અ.) ની ખિદમતમાં મુહમ્મદ ઈબ્ને ઝકવાન આવે છે અને કહે છે "હું તમારી ઉપર ફિદા થાઉં, આ રજબનો મહિનો છે અને મને આ મહિનામાં પઢવાની એવી દુઆ તઅલીમ કરો કે જેના થકી અલ્લાહ તઆલા મને ફાયદો અતા કરે; ઈમામ (અ.) એ ફરમાવ્યું કે રજબ મહિનામાં, દરરોજ, સવાર-સાંજ તેમજ દિવસની અને રાતની દરેક નમાઝ બાદ આ દુઆ પઢે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا مَنْ أَرْجُوْهُ لِكُلِّ خَيْرٍ وَ آمَنُ سَخَطَهُ عِنْدَ

كُلِّ شَرٍّ ، يَا مَنْ يُعْطِي الْكَثِيْرَ بِالْقَلِيْلِ ، يَا مَنْ يُعْطِيْ مَنْ سَأَلَه ، يَا مَنْ يُعْطِيْ مَنْ لَمْ يَسْأَلْهُ وَ مَنْ لَمْ يَعْرِفْهُ تَحَنُّنًا مِنْهُ وَ رَحْمَةً ، أَعْطِنِيْ بِمَسْأَلَتِيْ إِيَّاكَ جَمِيْعَ خَيْرِ الدُّنْيَا وَ جَمِيْعَ خَيْرِ الْآخِرَةِ ، وَاصْرِفْ عَنِّيْ بِمَسْأَلَتِيْ إِيَّاكَ جَمِيْعَ شَرِّ الدُّنْيَا وَ شَرِّ الْآخِرَةِ ، فَإِنَّهُ غَيْرُ مَنْقُوْصٍ مَا أَعْطَيْتَ وَ زِدْنِيْ مِنْ فَضْلِكَ يَا كَرِيْمُ

અય તે કે જેનાથી હું દરેક ભલાઈની ઉમ્મીદ રાખું છું, અને દરેક બુરાઈ બાબતે તેના ગઝબથી અમાન ચાહું

છું; અય તે કે જે ઓછી ઈબાદતોના બદલે ખુબજ વધારે બદલો અતા કરે છે; અય તે કે જે દરેક માંગણી કરનારને અતા કરે છે, અય તે કે જે નથી માંગતો તેને પણ અતા કરે છે, અને જે તેને નથી ઓળખતો તેને પણ અતા કરે છે, કારણ કે તેની અતા રહમત અને મહેરબાનીથી ભરેલી છે; (તો અય અલ્લાહ) મારી હાજતોને પુરી કર કે જે ફક્ત તારી જ પાસે માંગું છું કે મને દુનિયાની બધી જ ભલાઈ અને આખેરતની બધી જ ભલાઈ અતા કર; અને ફક્ત તારી જ પાસે દુનિયા અને આખેરતની તમામ ખરાબીઓથી અને બુરાઈઓથી દુરી ચાહું છું કારણ કે જે કઈ તું આપે છે

તેમાં કોઈ પણ ખામી નથી હોતી, અને તારા ફઝલને મારા ઉપર વધારી આપ, અય કરીમ !

રાવી કહે છે કે “ઈમામ (અ.) એ ડાબા હાથની મુઠ્ઠીથી પોતાની દાઢી મુબારકને પકડી અને આ દુઆને આજીજી સાથે અને રડતા-રડતા અને પોતાના જમણા હાથની અંગુઠાની બાજુની આંગળી (સબાબે) ને હલાવતા-હલાવતા પઢી :

يَا ذَا الْجَلَالِ وَ الْإِكْرَامِ يَا ذَا النَّعْمَاءِ وَ الْجُوْدِ ، يَا ذَا الْمَنِّ وَ الطَّوْلِ ، حَرِّمْ شَيْبَتِي عَلَى النَّارِ

અય મહાનતા અને ઈઝઝતના માલિક, અય નેઅમતો અને સખાવતના માલિક, અય અતા અને કરમના માલિક, મારી દાઢી પર

દોઝખની આગ ને હરામ કર.

**ઈમામ સજ્જાદ (અ.) ની દુઆ**

આપણા ચોથા ઈમામ હઝરત ઝૈનુલ આબેદિન (અ.) તરફથી વારિદ થયેલ દરરોજ પઢવાની દુઆ :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا مَنْ يَمْلِكُ حَوَائِجَ السَّائِلِيْنَ وَ يَعْلَمُ ضَمِيْرَ الصَّامِتِيْنَ ، لِكُلِّ مَسْأَلَةٍ مِنْكَ سَمْعٌ حَاضِرٌ وَ جَوَابٌ عَتِيْدٌ ، اَللّٰهُمَّ وَ مَوَاعِيْدُكَ الصَّادِقَةُ وَ أَيَادِيْكَ الْفَاضِلَةُ وَ رَحْمَتُكَ الْوَاسِعَةُ ، فَأَسْأَلُكَ أَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ أَنْ

تَقْضِي حَوَائِجِي لِلدُّنْيَا وَ الْآخِرَةِ ، إِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

અય સવાલ કરવાવાળાઓની હાજતોની માલિક ! અને ખામોશ દિલોની વાતોને જાણનાર ! તારી પાસે દરેક સવાલો માટે હંમેશા ધ્યાનપૂર્વક સાંભળનાર કુવ્વત છે અને તેના જવાબો હાજર છે. અય અલ્લાહ ! તારા વાયદાઓ સાચા છે અને તારી નેઅમતો પુષ્કળ છે, અને તારી રહમત વિશાળ છે; તો હું તારી પાસે સવાલ કરું છું કે હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને આલે મુહમ્મદ (અ.મુ) પર રહમત નાઝિલ કર અને મારી દુનિયા તથા

આખેરતની બધી હાજતોને પૂરી કર કારણ કે ફક્ત તું જ દરેક બાબત ઉપર કુદરત ધરાવો છો !

## ઈમામ સાદિક (અ.) ની પહેલી દુઆ

ઈમામ સાદિક (અ.) આ દુઆને માહે રજબમાં દરરોજ પઢતા

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، خَابَ الْوَافِدُوْنَ عَلٰى غَيْرِكَ وَ خَسِرَ الْمُتَعَرِّضُوْنَ إِلَّا لَكَ وَ ضَاعَ الْمُلِمُّوْنَ إِلَّا بِكَ وَ أَجْدَبَ الْمُنْتَجِعُوْنَ إِلَّا مَنِ انْتَجَعَ فَضْلَكَ ، بَابُكَ مَفْتُوْحٌ لِلرَّاغِبِيْنَ وَ خَيْرُكَ مَبْذُوْلٌ

لِلطَّالِبِيْنَ وَ فَضْلُكَ مُبَاحٌ لِلسَّائِلِيْنَ وَ نَيْلُكَ مُتَاحٌ لِلْآمِلِيْنَ وَ رِزْقُكَ مَبْسُوْطٌ لِمَنْ عَصَاكَ وَ حِلْمُكَ مُعْتَرِضٌ لِمَنْ نَاوَاكَ ، عَادَتُكَ الْإِحْسَانُ إِلَى الْمُسِيْئِيْنَ وَ سَبِيْلُكَ الْإِبْقَاءُ عَلَى الْمُعْتَدِيْنَ ، اَللّٰهُمَّ فَاهْدِنِيْ هُدَى الْمُهْتَدِيْنَ وَ ارْزُقْنِيْ اجْتِهَادَ الْمُجْتَهِدِيْنَ وَ لَا تَجْعَلْنِيْ مِنَ الْغَافِلِيْنَ الْمُبْعَدِيْنَ وَ اغْفِرْ لِيْ يَوْمَ الدِّيْنِ

તારી સિવાય અન્ય તરફ જવાવાળા

નિષ્ફળ થયા અને તારી સિવાય બીજા પાસે પોતાની ઈચ્છાઓ વ્યક્ત કરનારે નુકસાન વેઠયું. તારી સિવાય બીજા કોઈ બાર્ગાહમાં આવવા વાળા નાશ પામ્યા, લાભ અને ફાયદા તરફ જનારા દુકાળનો શિકાર થયા સિવાય કે જેઓએ તારા ફઝલનો ફાયદો શોધી કાઢ્યો. તારી તરફ રગબતથી આવવાવાળા માટે તારો દરવાજો ખુલ્લો છે, તારી પાસે સવાલ કરનારાઓ માટે તારો ફઝલ અપાર છે, તારી ઈચ્છા કરનારાઓ માટે તારી અતા અને નેઅમતો તય્યાર છે, જે તારી નાફરમાની કરે છે તેની માટે પણ તારું રિઝ્ક વિશાળ છે, તારી દુશ્મની કરનાર માટે પણ તું

સહનશીલ છો, ગુનેહગારો તરફ નેકી અને એહસાન કરવો તે તારી આદત છે, અને તારા વિરોધીઓ માટે પણ તે રસ્તો બાકી રાખ્યો છે. અય અલ્લાહ ! મને હિદાયત પામેલાઓના રસ્તા તરફ મારી હિદાયત કર, અને મને સખ્ત મેહનત અને કોશિશ કરનારા જેવી મેહનત અને કોશિશ કરવાનું રિઝક અતા કર, અને તારી થી દૂર થયેલા લોકો તેમજ ગાફિલ લોકોમાં મારો શુમાર ન કરજે અને કયામતના દિવસે મને માફ કરી દે.

## ઈમામ સાદિક (અ.) ની બીજી દુઆ

ઈમામ સાદિક (અ.) થી રિવાયત છે કે માહે રજબમાં આ દુઆ પઢવામાં આવે; સય્યદ

ઈબ્ને તાઊસ પોતાની કિતાબ અલ-ઈકબાલમાં લખે છે કે આ દુઆના મતાલિબમાં ઘણું બધું શામિલ છે એટલે આ દુઆને દરેક સમયે પઢવી શકાય છે :

بِسۡمِ اللهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، اَللّٰهُمَّ إِنِّيۡ أَسۡأَلُكَ صَبۡرَ الشَّاكِرِيۡنَ لَكَ وَ عَمَلَ الۡخَائِفِيۡنَ مِنۡكَ وَ يَقِيۡنَ الۡعَابِدِيۡنَ لَكَ ، اَللّٰهُمَّ أَنۡتَ الۡعَلِيُّ الۡعَظِيۡمُ وَ أَنَا عَبۡدُكَ الۡبَائِسُ الۡفَقِيۡرُ ، أَنۡتَ الۡغَنِيُّ الۡحَمِيۡدُ وَ أَنَا الۡعَبۡدُ الذَّلِيۡلُ

અય અલ્લાહ ! હું તારી પાસે સવાલ કરું છું કે મને તારો શુક્ર અદા કરનાર લોકો જેવી સબ્ર અતા કર, અને

તારાથી ડરવાવાળાઓના અમલ અતા કર, તારી ઈબાદત કરનારનું યકીન અતા ફરમાવ. અય અલ્લાહ ! તું મહાન અને સર્વોચ્ચ છો અને હું તારો નાદાર અને મુખ્લિસ બંદો છું; તું ગની (બેનીયાઝ) અને ખુબ જ વખાણને પાત્ર છો અને હું તારો પસ્ત બંદો છું.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِهِ وَ امْنُنْ بِغِنَاكَ عَلٰى فَقْرِي وَ بِحِلْمِكَ عَلٰى جَهْلِي وَ بِقُوَّتِكَ عَلٰى ضَعْفِي ، يَا قَوِيُّ يَا عَزِيْزُ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِهِ الْأَوْصِيَاءِ الْمَرْضِيِّيْنَ وَاكْفِنِيْ مَا أَهَمَّنِيْ مِنْ أَمْرِ الدُّنْيَا وَ الْآخِرَةِ ، يَا

أَرْحَمَ الرَّاحِمِيْنَ

અય અલ્લાહ ! હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ (અ.મુ) પર રહમત નાઝિલ કર અને મારી ઉપર એહસાન કર - તારી બેનીયાઝી થકી મારી નાદારી ઉપર, તારી સહનશીલતા થકી મારી જહાલત પર, અને તારી કુવ્વત થકી મારે નબળાઈ પર એહસાન કર ! અય કુદરત મંદ ! અય માનવંત ! અય અલ્લાહ ! હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ (અ.મુ) પર રહમત નાઝિલ કર કે જેઓ તારા જાનશીન અને પસંદીદા છે, અને મારી દુનિયા અને આખેરતના બેચૈન કરનારા કાર્યો માટે

તું મારી માટે કાફી થઈ જા, અય રહમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહમ કરનાર !

## ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ની પહેલી દુઆ

માહે રજબમાં દરરોજ આ દુઆ પઢવી મુસ્તહબ છે જે ઈમામ અલી (અ.) તેમજ ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) થી મનસૂબ છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ يَا ذَا الْمِنَنِ السَّابِغَةِ وَ الْآلَاءِ الْوَازِعَةِ وَ الرَّحْمَةِ الْوَاسِعَةِ وَ الْقُدْرَةِ الْجَامِعَةِ وَ النِّعَمِ الْجَسِيْمَةِ وَ الْمَوَاهِبِ الْعَظِيْمَةِ وَ الْأَيَادِي الْجَمِيْلَةِ

وَ الْعَطَايَا الْجَزِيْلَةِ ، يَا مَنْ لَا يُنْعَتُ بِتَمْثِيْلٍ وَ لَا يُمَثَّلُ بِنَظِيْرٍ وَ لَا يُغْلَبُ بِظَهِيْرٍ ،

અય અલ્લાહ ! અય પુષ્કળ એહસાન કરવાવાળા અને વિવિધ નેઅમતોવાળા ! અય વિશાળ રહમતવાળા ! અય દરેક વસ્તુ ઉપર બધી કુદરત રાખવાવાળા ! અય મોટી નેઅમતો અને મહાન અતા કરવાવાળા ! અય સુંદર તોહફાઓ આપનાર ! અય જેની સીફતોના વર્ણન માટે કોઈ નમુનો કે મિસાલ નથી અને તેના જેવા બીજા કોઈની કલ્પના કરવી શક્ય નથી, તેનાથી વધારે કોઈ કુદરત નથી

يَا مَنْ خَلَقَ فَرَزَقَ وَ أَلْهَمَ فَأَنْطَقَ وَ ابْتَدَعَ فَشَرَعَ وَ عَلَا فَارْتَفَعَ وَ قَدَّرَ فَأَحْسَنَ وَ صَوَّرَ فَأَتْقَنَ وَ احْتَجَّ فَأَبْلَغَ وَ أَنْعَمَ فَأَسْبَغَ وَ أَعْطٰى فَأَجْزَلَ وَ مَنَحَ فَأَفْضَلَ ، يَا مَنْ سَمَا فِي الْعِزِّ فَفَاتَ نَوَاظِرَ الْأَبْصَارِ وَ دَنَا فِي اللُّطْفِ فَجَازَ هَوَاجِسَ الْأَفْكَارِ

અય તે કે જેણે ખીલ્કત કરી તો તેને રિઝક પણ આપ્યું અને ઈલ્હામ કર્યો તો તેને વાચા મળી, નવસર્જન કર્યું તો તેની શરૂઆત થઈ, તે ઉચ્ચ છે તો સર્વોચ્ચ પણ છે, તેણે મુકદ્દર કર્યું તો તે બેહતરીન થયું, તેણે આકૃતિ

બનાવી તો મજબૂત બની, તેણે હુજ્જત કાયમ કરી તો તેને પહોચાડી પણ દીધી, તેણે નેઅમતો અતા કરી તો નેઅમતો અઢળક થઇ ગઈ, તેણે અતા કર્યું તો અતિશય અતા કર્યું; અય તે કે જેની ઈઝઝત અને કુદરત એટલી ઉચ્ચ છે કે તે આંખોની નઝરોથી અદ્રશ્ય છે, અને લુત્ફો કરમ કરવામાં એટલો કરીબ છે કે આપણા વિચારોથી પણ આગળ નીકળી ગયો.

يَا مَنْ تَوَحَّدَ بِالْمُلْكِ فَلَا نِدَّ لَه فِيْ مَلَكُوْتِ سُلْطَانِه وَ تَفَرَّدَ بِالْآلَاءِ وَ الْكِبْرِيَاءِ فَلَا ضِدَّ لَه فِيْ جَبَرُوْتِ شَأْنِه

، يَا مَنْ حَارَتْ فِيْ كِبْرِيَاءِ هَيْبَتِه دَقَائِقُ لَطَائِفِ الْأَوْهَامِ وَ انْحَسَرَتْ دُوْنَ إِدْرَاكِ عَظَمَتِه خَطَائِفُ أَبْصَارِ الْأَنَامِ ، يَا مَنْ عَنَتِ الْوُجُوْهُ لِهَيْبَتِه وَ خَضَعَتِ الرِّقَابُ لِعَظَمَتِه وَ وَجِلَتِ الْقُلُوْبُ مِنْ خِيْفَتِه ،

અય તે કે જે એકલો માલિક છે અને તેની હુકુમતની માલીકિય્યતમાં તેનો કોઈ શરીક નથી. તે મહાનતા અને શ્રેષ્ટતામાં એવો છે કે કોઈ તેનો મુકાબલો નથી કરી શકતું. અય એ કે જેના દબદબાની વિશાળતા આગળ વિચારોની બારીકીઓ અજબ પામી

અને તેની મહાનતાને સમજવા માટે લોકોની તેજ દ્રષ્ટિ પણ ટૂંકી પડે છે. અય તે કે જેના રોઅબની સામે ચેહરાઓ વિનમ્રતાથી જુકેલા છે, અને તેની મહાનતાની સામે ગરદનો નીચી છે અને દિલો તેના ખૌફથી ગભરાયેલા છે.

أَسْأَلُكَ بِهٰذِهِ الْمِدْحَةِ الَّتِيْ لَا تَنْبَغِيْ إِلَّا لَكَ وَ بِمَا وَأَيْتَ بِه عَلٰى نَفْسِكَ لِدَاعِيْكَ مِنَ الْمُؤْمِنِيْنَ وَ بِمَا ضَمِنْتَ الْإِجَابَةَ فِيْهِ عَلٰى نَفْسِكَ لِلدَّاعِيْنَ ، يَا أَسْمَعَ السَّامِعِيْنَ وَ أَبْصَرَ النَّاظِرِيْنَ وَ أَسْرَعَ الْحَاسِبِيْنَ يَا ذَا الْقُوَّةِ الْمَتِيْنَ ،

હું તારી આ બધી પ્રસંશા દ્વારા સવાલ કરું છું કે જે પ્રસંશા તારા સિવાય બીજા કોઈને લાયક નથી, અને તને પુકારવાવાળા મોઅમિનો માટે આપેલ એ વાયદા થકી જેને પુરો કરવો પોતાની ઉપર જરૂરી ગણ્યો છે, અને દુઆ કરનારને તે જવાબ આપવાની બાહેંધરી લીધી છે; અય સાંભળનારાઓમાં સૌથી વધારે સાંભળનાર, અને જોવાવાળાઓમાં સૌથી વધારે જોનાર, અને ખુબ જ ઝડપી હિસાબ કરનાર, અય અટલ શક્તિના માલિક !

صَلِّ عَلٰی مُحَمَّدٍ خَاتَمِ النَّبِيِّيْنَ وَ عَلٰی

أَهْلِ بَيْتِه وَ اقْسِمْ لِيْ فِيْ شَهْرِنَا هٰذَا
خَيْرَ مَا قَسَمْتَ وَ احْتِمْ لِيْ فِيْ قَضَائِكَ
خَيْرَ مَا حَتَمْتَ وَ اخْتِمْ لِيْ بِالسَّعَادَةِ
فِيْمَنْ خَتَمْتَ وَ أَحْيِنِيْ مَا أَحْيَيْتَنِيْ
مَوْفُوْرًا وَ أَمِتْنِيْ مَسْرُوْرًا وَ مَغْفُوْرًا وَ
تَوَلَّ أَنْتَ نَجَاتِيْ مِنْ مُسَاءَلَةِ الْبَرْزَخِ
وَ ادْرَأْ عَنِّيْ مُنْكَرًا وَ نَكِيْرًا وَ أَرِ عَيْنِيْ
مُبَشِّرًا وَ بَشِيْرًا وَ اجْعَلْ لِيْ إِلىٰ
رِضْوَانِكَ وَ جِنَانِكَ مَصِيْرًا وَ عَيْشًا
قَرِيْرًا وَ مُلْكًا كَبِيْرًا وَ صَلِّ عَلىٰ مُحَمَّدٍ
وَ آلِه كَثِيْرًا

છેલ્લા નબી હઝરત મુહમ્મદ (સ.અ.વ) પર સલવાત મોકલ, અને તેમની અહલેબય્ત (અ.મુ.) પર, અને આ મહિનામાં તું જે બેહતરીન બાબતો તકસીમ કરો છો તેમાંથી મારી માટે બેહ્તેરીન હિસ્સો અતા કર; અને તારા બેહ્તેરીન ફેસલાઓ માંથી મારી માટે બેહતરીન ફેસલો કરીને મારી નવાઝીશ કરજે અને આ મહીનાને મારી માટે ભલાઈ સાથે પુરો કરજે એ બંદાની જેમ કે જેનો આ મહિનો નેકીની સાથે પુરો થયો હોય, અને મને (રિઝ્કમાં) વિપુલ્તાની સાથે જીવંત રાખ અને મને એ હાલતમાં મૌત આપજે કે હું ખુશહાલ અને બક્ષાઈ ગયો હોવ,

અને બરઝખની મુશ્કેલીઓમાં મારી નજાતનો વલી બની જા, મુન્કીર અને નકીરને મારાથી દૂર કરી દે, અને મારી આંખોની સામે મુબશ્શિર અને બશીરને લાવજે, અને તારી ખુશનુદી હાસિલ કરવા માટેના અને જન્નતો સુધી પહોચવાના રસ્તાને મારી માટે ખોલી આપ, અને આંખોને ઠંડક કરવાવાળી ઝિન્દગી અતા કરજે તેમજ મોટી હુકુમત અતા કરજે; અને હ. મુહમ્મદ સ.અ.વ. અને તેમની આલ (અ.મુ) પર રહમત નાઝિલ ફરમાવ.

## <u>ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ની બીજી દુઆ</u>

ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) તરફથી તેમના ખાસ નાએબ અબુ જઅફર મુહમ્મદ

ઈબ્ને ઉસ્માન (અ.ર.) ને તવકીઅ મારફતે ફરમાવેલ છે કે માહે રજબમાં દરરોજ આ દુઆને પઢે :

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، اَللّٰهُمَّ إِنِّيۡ أَسۡأَلُكَ بِمَعَانِيۡ جَمِيۡعِ مَا يَدۡعُوۡكَ بِهٖ وُلَاةُ أَمۡرِكَ الۡمَأۡمُوۡنُوۡنَ عَلٰى سِرِّكَ الۡمُسۡتَبۡشِرُوۡنَ بِأَمۡرِكَ الۡوَاصِفُوۡنَ لِقُدۡرَتِكَ الۡمُعۡلِنُوۡنَ لِعَظَمَتِكَ

અય અલ્લાહ! હું તારી પાસે સવાલ કરું છુ એ અર્થસભર શબ્દો વડે જેના થકી તારા (બધા) વલી-એ-અમ્ર તને પુકારે છે; જેઓ તારા ભેદોના અમાનતદાર, તારા દરેક ફેસ્લાઓ અને હુકમો (અમ્ર) થી ખુશહાલ છે

અને તારી કુદરતને બયાન કરવાવાળા અને તારી મહાનતા નું એલાન કરવાવાળા છે.

أَسْأَلُكَ بِمَا نَطَقَ فِيْهِمْ مِنْ مَشِيَّتِكَ فَجَعَلْتَهُمْ مَعَادِنَ لِكَلِمَاتِكَ وَ أَرْكَانًا لِتَوْحِيْدِكَ وَ آيَاتِكَ وَ مَقَامَاتِكَ الَّتِيْ لَا تَعْطِيْلَ لَهَا فِيْ كُلِّ مَكَانٍ ، يَعْرِفُكَ بِهَا مَنْ عَرَفَكَ ، لَا فَرْقَ بَيْنَكَ وَ بَيْنَهَا إِلَّا أَنَّهُمْ عِبَادُكَ وَ خَلْقُكَ فَتْقُهَا وَ رَتْقُهَا بِيَدِكَ بَدْؤُهَا مِنْكَ وَ عَوْدُهَا إِلَيْكَ أَعْضَادٌ وَ أَشْهَادٌ وَ مُنَاةٌ وَ أَذْوَادٌ وَ حَفَظَةٌ وَ رُوَّادٌ فَبِهِمْ مَلَأْتَ سَمَاءَكَ وَ

أَرْضَكَ حَتّٰى ظَهَرَ أَنْ لَا إِلٰهَ إِلَّا أَنْتَ ، فَبِذٰلِكَ أَسْأَلُكَ وَ بِمَوَاقِعِ الْعِزِّ مِنْ رَحْمَتِكَ وَ بِمَقَامَاتِكَ وَ عَلَامَاتِكَ أَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَ آلِهِ وَ أَنْ تَزِيْدَنِيْ إِيْمَانًا وَ تَثْبِيْتًا

હું તારા થી સવાલ કરું છુ તારી એ મશીય્યતના વસ્તાથી જેમાં તેઓના (વલી એ અમ્ર) વિષે વર્ણન કરવામાં આવ્યું છે કે તે તેઓને તારા કલેમાતની ખાણ તથા તોહીદના પાયા બનાવ્યા (તેમજ) આયાત અને મકામાત બનાવ્યા કે જે હંમેશા જારી જ છે, (અય અલ્લાહ!) જે કોઈ તને ઓળખે છે તેઓના (ઈમામો) થકી

જ ઓળખે છે, તારી અને તેઓની વચ્ચે કોઈ તફાવત નથી એ સિવાય કે તેઓ તારા બંદા અને તારી મખ્લૂક છે, તેઓના કાર્યોનું ખુલવું અને બંધ થવું તારા હાથમાં છે, તેઓની શરૂઆત તારા તરફથી અને પાછુ ફરવું તારા તરફ છે. તેઓ મદદગાર, ગવાહ, સખી, બચાવનાર, રક્ષકો તથા કાર્યોને સંભાળનાર છે. તેઓ થકીજ તે આકાશ અને ઝમીનને આબાદ કર્યા ત્યાં સુધી કે ઝાહિર થયું કે તારા સિવાય કોઈ મઅબૂદ (ઈબાદતને લાયક) નથી. તો હું તારાથી સવાલ કરું છુ તેઓના આ ઉચ્ચ ફઝીલત તથા મકામના વાસ્તાથી અને તારી મહાન

મહેરબાન ઈઝ્ઝતદાર શાન થકી અને તારા મહાન મરતબાઓ તથા નિશાનીઓ થકી કે મોહમ્મદ (સ.અ.વ.) અને તેઓની આલ (અ) પર રહમત નાઝિલ ફરમાવ અને મારા ઈમાન અને (મારા ઈમાન ઉપરની) સાબિત કદમી (મનોબળ) માં વધારો કર

يَا بَاطِنًا فِيْ ظُهُوْرِه وَ ظَاهِرًا فِيْ بُطُوْنِه وَ مَكْنُوْنِه ، يَا مُفَرِّقًا بَيْنَ النُّوْرِ وَ الدَّيْجُوْرِ ، يَا مَوْصُوْفًا بِغَيْرِ كُنْهٍ وَ مَعْرُوْفًا بِغَيْرِ شِبْهٍ ، حَادَّ كُلِّ مَحْدُوْدٍ وَ شَاهِدَ كُلِّ مَشْهُوْدٍ وَ مُوْجِدَ كُلِّ مَوْجُوْدٍ وَ مُحْصِيَ كُلِّ مَعْدُوْدٍ وَ فَاقِدَ

كُلِّ مَفْقُوْدٍ ، لَيْسَ دُوْنَكَ مِنْ مَعْبُوْدٍ أَهْلَ الْكِبْرِيَاءِ وَ الْجُوْدِ ، يَا مَنْ لَا يُكَيَّفُ بِكَيْفٍ وَ لَا يُؤَيَّنُ بِأَيْنٍ ، يَا مُحْتَجِبًا عَنْ كُلِّ عَيْنٍ يَا دَيْمُوْمُ يَا قَيُّوْمُ وَ عَالِمَ كُلِّ مَعْلُوْمٍ

અય જે જાહેર હોવા છતાં પણ છુપાયેલો છે અને પર્દામાં તથા છુપાયેલો હોવા છતાં પણ જાહેર છે. અય પ્રકાશ અને અંધકારને અલગ કરવાવાળા, અય એવી મહાન સિફાતોવાળા જેની સંપૂર્ણ હકીકતને નથી સમજી શકાતી, અય મિસાલ આપ્યા વગર જેને ઓળખવામાં આવેલ, અય દરેક મેહ્દુદની હદો ને

બાંધવાવાળા, અય દરેક ગવાહી સ્વીકારનારના ગવાહ, અય દરેક વસ્તુ ને અસ્તિત્વ આપનાર, દરેક સંખ્યાની ગણતરી રાખનાર, અય ગૂમકરેલાના (જે તને નથી ઓળખી શક્યો તેના) ગૂમશુદા તારા સિવાય કોઈ મઅબુદ નથી કે જે ખુજબ મહાન અને સખાવતમંદ છે, અય તે કે જેની હકીકતને બયાન કરવી અશક્ય છે, અય જેને કોઈ જગ્યામાં મહ્દૂદ કરવો શક્ય નથી, અય દરેક આંખથી છુપાયેલો, અય હમેશા રહેવાવાળા, અય સાબીત કદમ, અય દરેક જાણકારીના જાણકાર

صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِه وَ عَلٰى عِبَادِكَ

الْمُنْتَجَبِيْنَ وَ بَشَرِكَ الْمُحْتَجِبِيْنَ وَ
مَلَائِكَتِكَ الْمُقَرَّبِيْنَ وَ الْبُهْمِ
الصَّافِّيْنَ الْحَافِّيْنَ وَ بَارِكْ لَنَا فِيْ
شَهْرِنَا هٰذَا الْمُرَجَّبِ الْمُكَرَّمِ وَ مَا
بَعْدَه مِنَ الْأَشْهُرِ الْحُرُمِ وَ أَسْبِغْ
عَلَيْنَا فِيْهِ النِّعَمَ وَ أَجْزِلْ لَنَا فِيْهِ
الْقِسَمَ وَ أَبْرِرْ لَنَا فِيْهِ الْقَسَمَ،
بِاسْمِكَ الْأَعْظَمِ الْأَعْظَمِ الْأَجَلِّ
الْأَكْرَمِ الَّذِيْ وَضَعْتَه عَلَى النَّهَارِ
فَأَضَاءَ وَعَلَى اللَّيْلِ فَأَظْلَمَ

હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને

આલે મુહમ્મદ (અ) ઉપર સલવાત મોકલ, અને તારા ચૂંટાયેલા બંદાઓ પર અને તારા એ બંદા પર જે ગાયેબ છે, અને મુકર્રબ (માનવંત) ફરિશ્તાઓ પર, અને તારા અર્શની આજુબાજુ ઘેરાયેલા રહેનારા કુદરતમંદ (ફરિશ્તાઓ) પર, અને આ મહાન રજબ મહિનાને અને તેની પછી આવી રહેલ એહ્તેરામવાળા મહિનાઓને અમારા માટે બાબરકત અને મુબારક બનાવ, અને આ મહિનામાં અમારી પર તારી નેઅમતોને પુષ્કળ અને વિશાળ કર, અને અમારા નસીબ અને કિસ્મતને ભરપૂર બનાવ, અને અમોને આપેલી (જન્નતની) સૌગંદોને પૂરી કર, તારા

એ સૌથી વધારે અઝમતવાળા નામ (ઈસ્મે અઅઝમ) ના વાસ્તાથી, જે મહાન અને માનવંત છે કે જેને તે દિવસ તરફ મુક્યું તો દિવસ પ્રકાશિત થઇ ગયો અને રાત પર રાખ્યું તો અંધકાર ફેલાઈ ગયો

وَاغْفِرْ لَنَا مَا تَعْلَمُ مِنَّا وَمَا لَا نَعْلَمُ وَ اعْصِمْنَا مِنَ الذُّنُوْبِ خَيْرَ الْعِصَمِ وَ اكْفِنَا كَوَافِيَ قَدَرِكَ وَ امْنُنْ عَلَيْنَا بِحُسْنِ نَظَرِكَ وَلَا تَكِلْنَا إِلٰى غَيْرِكَ وَلَا تَمْنَعْنَا مِنْ خَيْرِكَ وَ بَارِكْ لَنَا فِيْمَا كَتَبْتَه لَنَا مِنْ أَعْمَارِنَا وَ أَصْلِحْ لَنَا خَبِيْئَةَ أَسْرَارِنَا وَ أَعْطِنَا مِنْكَ

الْأَمَانَ وَ اسْتَعْمِلْنَا بِحُسْنِ الْإِيْمَانِ وَ بَلِّغْنَا شَهْرَ الصِّيَامِ وَ مَا بَعْدَهُ مِنَ الْأَيَّامِ وَ الْأَعْوَامِ يَا ذَا الْجَلَالِ وَ الْإِكْرَامِ

અને માફ કરી આપ અમારા એ ગુનાહોને જેને તું જાણે છે અને જેને અમે નથી જાણતા, અને શ્રેષ્ઠ રક્ષણ થકી અમને ગુનાહોથી બચાવ, અને તે મુકદ્દર કરેલા બનાવો માટે તું અમારી માટે કાફી થઈ જા (કિફાયત કર), અને તારી નેક તવજ્જોહ થકી અમારી પર એહસાન કર, અને અમોને તારા સિવાય કોઈ અન્યના હવાલે ન કર, અને તારી ભલાઈથી

અમને વંચિત ન રાખ, અને તે નક્કી કરેલ અમારી ઉમ્રમાં તું બરકત અતા ફરમાવ, અને અમારા છુપાયેલા બુરા ભેદોની ઈસ્લાહ ફરમાવ, અને અમને તારા તરફથી અમાન (રક્ષણ) આપ, અમને બેહતરીન ઈમાન સાથે અમારા અમલને પણ બેહતરીન બનાવ અને અમને માહે સેયામ (માહે રમઝાન) અને તેના પછી આવનારા દિવસો અને વર્ષો સુધી અમને તુલે-ઉમ્ર અતા કર, અય જલાલત અને મહાનતાના માલિક.

## ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ની ત્રીજી દુઆ

ઈમામે ઝમાના (અ.) એ તેમના નાએબે ખાસ અબુલ કાસિમ હુસૈન બિન રવ્હ (અ.ર.)

મારફતે ફરમાવેલ માહે રજબના દિવસોમાં પઢવાની દુઆ :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ إِنِّيْ أَسْأَلُكَ بِالْمَوْلُوْدَيْنِ فِيْ رَجَبٍ مُحَمَّدِ بْنِ عَلِيٍّ الثَّانِيْ وَ ابْنِهِ عَلِيِّ بْنِ مُحَمَّدٍ الْمُنْتَجَبِ وَ أَتَقَرَّبُ بِهِمَا إِلَيْكَ خَيْرَ الْقُرَبِ ، يَا مَنْ إِلَيْهِ الْمَعْرُوْفُ طُلِبَ وَ فِيْمَا لَدَيْهِ رُغِبَ

અય અલ્લાહ ! હું તારી પાસે સવાલ કરું છું માહે રજબમાં વિલાદત થયેલ બંને મૌલૂદના વાસ્તાથી, હ. મોહમ્મદ ઈબ્ને અલી અ. (એટલે કે ઈમામ મોહમ્મદ તકી અ.) અને

તેમના ફરઝંદ અલી ઈબ્ને મોહમ્મદ અ. (ઈમામ અલી નકી અ.) જે પાક અને ઉચ્ચ ખાનદાનવાળા છે; અને હું તેઓ બંનેના વાસ્તાથી તારી શ્રેષ્ઠ કુરબત ચાહું છુ. અય તે કે ફક્ત તેની પાસેથી જ નેકી અને ભલાઈની માંગણી થઈ શકે છે અને અય કે દરેક બાબતો માટે ફક્ત તેની તરફ જ ઉમ્મીદ બાંધવામાં આવે છે

أَسْأَلُكَ سُؤَالَ مُقْتَرِفٍ مُذْنِبٍ قَدْ أَوْبَقَتْهُ ذُنُوْبُه وَ أَوْثَقَتْهُ عُيُوْبُه فَطَالَ عَلَى الْخَطَايَا دُءُوْبُه وَ مِنَ الرَّزَايَا خُطُوْبُه ، يَسْأَلُكَ التَّوْبَةَ وَ حُسْنَ الْأَوْبَةِ وَ النُّزُوْعَ عَنِ الْحَوْبَةِ وَ مِنَ

النَّارِ فَكَاكَ رَقَبَتِه وَ الْعَفْوَ عَمَّا فِيْ رِبْقَتِه ، فَأَنْتَ مَوْلَايَ أَعْظَمُ أَمَلِه وَ ثِقَتِه ، اَللّٰهُمَّ وَ أَسْأَلُكَ بِمَسَائِلِكَ الشَّرِيْفَةِ وَ وَسَائِلِكَ الْمُنِيْفَةِ أَنْ تَتَغَمَّدَنِيْ فِيْ هٰذَا الشَّهْرِ بِرَحْمَةٍ مِنْكَ وَاسِعَةٍ وَ نِعْمَةٍ وَازِعَةٍ وَ نَفْسٍ بِمَا رَزَقْتَهَا قَانِعَةٍ إِلٰى نُزُوْلِ الْحَافِرَةِ وَ مَحَلِّ الْآخِرَةِ وَ مَا هِيَ إِلَيْهِ صَائِرَةٌ

હું તારી પાસે સવાલ કરૂં છુ એ વ્યક્તી જેવો જેના ગૂનાહો એ તેને નાબુદ કરી નાખ્યો હોય અને તેના અયબોએ તેને જકડી લીધો હોય તો

આ કારણે ગુનાહોની આદત લંબાઈ ગઈ હોય અને સખ્ત બલાઓએ તેને ઘેરી લીધો હોય અને તારાથી તૌબા કરવાનો સવાલ કરતો હોય અને સારી રીતે (તારી તરફ) પાછા ફરવાનો, ગુનાહોથી છુટકારાનો અને જહન્નમની આગથી છુટકારાનો, જે તેની ગરદન પર ગુનાહો છે તેની માફીનો સવાલ કરતો હોય, કારણ કે તું, અય મારા મવ્લા, તેની સૌથી મોટી આરઝૂ અને ઉમ્મીદ છો. અય અલ્લાહ તારી પાસે હું માંગણી કરું છું શરીફ મામલાઓ તેમજ શ્રેષ્ઠ વસીલાઓ થકી, કે મને આ મહિનામાં માલામાલ કરી દે, તારી રહમતો જે ફેલાયેલી છે તેના થકી

તેમજ તારી અતા કરેલી નેઅમતો થકી મને એવો બનાવ કે તે મને જે રોઝી આપી છે તેમાં સંતોષી રહું ત્યાં સુધી કે કબ્રમાં ઉતરી જાવ અને છેલ્લી મંઝીલ પર પહોંચુ અને જેની તરફ તેનું પાછું ફરવાનું છે ત્યાં સુધી પહોંચી જાવ

## લય્લતુલ રગાયેબ

રસૂલે ખુદા (સ.અ.વ) એ ફરમાવ્યું છે કે **માહે રજબની પહેલી શબે જુમ્આથી ગાફિલ થશો નહીં કારણ કે ફરિશ્તાઓએ આ રાતને લય્લતુલ રગાયેબ નામ આપ્યું છે.** જયારે રાતનો ત્રીજો ભાગ પસાર થઈ જાય છે ત્યારે આસમાન અને ઝમીનના ફરિશ્તાઓ ખાને કઅબા અને તેની આજુબાજુ ભેગા થાય છે. અલ્લાહ તઆલા ફરિશ્તાઓને કહે છે કે તમે જે

ચાહો તેની માંગણી કરો; ફરિશ્તાઓ જવાબ આપે છે કે અય અમારા પાલનહાર, અમારી એ જ હાજત છે કે માહે રજબમાં રોઝા રાખનારને તુ માફ કરી દે; અલ્લાહ તઆલા જવાબ આપે છે કે મે તેઓને માફ કરી દીધા.

માહે રજબની પહેલી શબે જુમ્આ એટલે કે લય્લતુલ રગાયેબ માટે રસૂલે ખુદા (સ.અ.વ.) તરફથી અમલ બયાન થયેલ છે કે જેની ખુબજ ફઝીલત છે અને જેના કારણે બધા ગુનાહોને માફ કરી દેવામાં આવે છે. **રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે જે કોઈ આ રાતની નમાઝને અદા કરશે** અલ્લાહ તઆલા તેના તમામ ગુનાહોને માફ કરી દેશે, ભલે પછી તે ગુનાહો દરિયાના ફીણ જેવા, રેતીની કણીઓની સંખ્યા જેટલા, પહાડો જેટલા વજનદાર અને વૃક્ષોના પત્તાઓની સંખ્યા જેટલા કેમ ન હોય; તેમજ કયામતના દિવસે પોતાના ૭૦૦ એવા સગાઓની શફાઅત કરશે કે જેઓની માટે જહન્નમની આગના હકદાર હશે;

...જયારે તેની દફ્નની પહેલી રાત હશે ત્યારે અલ્લાહ તઆલા આ નમાઝના સવાબને તેની સામે એક નૂરાની શકલમાં મોકલશે અને તે સવાબ સુંદર ઝબાનથી કહેશે કે અય મારા ચાહવાવાળા, તને ખુશખબરી છે કે તને (કબ્રની આ પહેલી રાતે) દરેક મુશ્કેલી અને સખ્તીથી નજાત મળી છે. હું તે નમાઝ છું કે જેને તે ફલાણી જગ્યાએ અને ફલાણા સમયે પઢી છે. આજે રાતે હું આવી છું કે હું તારો હક્ક અદા કરું, અને તારી તન્હાઈ (એટલે કે તારા એકલા હોવા) ના સમયે તારો સાથી બનું અને હું તારા ડરને દૂર કરું; જયારે સૂર ફૂકવામાં આવશે ત્યારે કયામતના દિવસે હું તારી ઉપર છાંયો કરીશ, અને ક્યારેય પણ નેકીઓ તારીથી દૂર નથી થવાની.

**<u>આ અમલ ની રીત</u>** : આ મહિનામાં પહેલા ગુરુવારે રોઝો રાખે, અને જયારે સાંજ પઢે કે જે શબે જુમ્આ હશે, તેમાં નમાઝે મગરીબ અને નમાઝે ઈશાની વચ્ચે (અને બીજી રિવાયત પ્રમાણે નમાઝે ઈશા અને અડધી રાતની વચ્ચે) બે-બે રકઆત કરીને બાર રકઆત

નમાઝ પઢે કે જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ત્રણ વખત સૂરએ કદ્ર (ઈન્ના અન્ઝલ્ના) અને પછી બાર વખત સૂરએ તવ્હીદ પઢે, અને બાર રકઆત નમાઝ પૂરી થયા પછી સિત્તેર વખત કહે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ النَّبِيِّ الْأُمِّيِّ وَ عَلٰى آلِهِ

અય અલ્લાહ ! રેહમત નાઝિલ ફરમાવ નબીએ ઉમ્મી હઝરત મોહમ્મદ (સ.) પર અને તેઓની આલ (અ.મુ) પર

પછી સજદામાં જઈને સિત્તેર વખત કહે :

سُبُّوحٌ قُدُّوسٌ رَبُّ الْمَلَائِكَةِ وَ الرُّوحِ

પાક અને મુનઝઝા છે ફરિશ્તાઓ અને રૂહનો પરવરદિગાર

પછી સજદામાંથી માથું ઉપાડે અને સિત્તેર વખત કહે :

رَبِّ اغْفِرْ وَ ارْحَمْ وَ تَجَاوَزْ عَمَّا تَعْلَمُ ، إِنَّكَ أَنْتَ الْعَلِيُّ الْأَعْظَمُ

અય પાલનહાર ! તું માફ કર, રહેમ કર અને જે કંઈ તું જાણે છે તે બાબતોને દરગુજર કર; બેશક તું સર્વોચ્ચ અને મહાન છો

પછી ફરી વખત સજદામાં જઈને સિત્તેર વખત કહે અને સજદામાં પોતાની હાજત માંગે, ઈન્શાલ્લાહ હાજત પૂરી થશે. :

سُبُّوحٌ قُدُّوسٌ رَبُّ الْمَلَائِكَةِ وَ الرُّوحِ

પાક અને મુનઝઝા છે ફરિશ્તાઓ અને રૂહ નો પરવરદિગાર

# નમાઝ

## ચાર રકઆત નમાઝ (જુમ્આના દિવસે)

જે કોઈ રજબ મહિનામાં જુમ્આના દિવસે નમાઝે જુમ્આ (અથવા નમાઝે ઝોહર) તથા નમાઝે અસ્ર ની વચ્ચે નીચે મુજબ ચાર રકાત નમાઝ પઢે તો જ્યારથી નમાઝ પઢે તે દિવસથી લઈને જ્યાં સુધી તેને મૌત આવે તે દિવસ સુધી તેની માટે અલ્લાહ તઆલા દરરોજ તેની માટે એક હજાર નેકી લખે છે, દરેક આયત કે જે તેણે પઢી છે તેની સંખ્યા મુજબ જન્નતમાં લાલ યાકૂતના શહેર અતા કરશે, તે આયતના દરેક અક્ષરની સંખ્યા મુજબ સફેદ દરવાજા વાળા મહેલ અતા કરશે અને જન્નતમાં હૂરો સાથે શાદી કરાવશે, અને અલ્લાહ તેનાથી રાઝી થશે, તેની ગણતરી આબિદો (ઈબાદત કરનાર) માં થશે.

બે-બે રકઆત કરીને ચાર રકઆત નમાઝ પઢે : દરેક રકઆતમાં સૂરએ અલહમ્દ પછી

સાત વખત આયતુલ કુરસી અને પાંચ વખત સૂરએ તવ્હીદ (સૂરએ કુલ હોવલ્લાહ) પઢે, ત્યારબાદ ૧૦ વખત નીચે મુજબ કહે :

أَسْتَغْفِرُ اللّٰهَ الَّذِيْ لَا إِلٰهَ إِلَّا هُوَ وَ أَسْأَلُهُ التَّوْبَةَ

માફી ચાહું છું એ ખુદા પાસે કે જેની સિવાય કોઈજ અલ્લાહ નથી અને તેની પાસે તોબાની આજીજી કરું છું

**<u>પૂરા મહિના દરમિયાન સાઈઠ રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ દરેક રાત્રે નીચે મુજબ બે રકઆત નમાઝ અને દુઆ પઢે તો અલ્લાહ તઆલા તેની દુઆઓને કબૂલ કરશે અને તેને સાઈઠ હજ્જનો સવાબ તેમજ સાઈઠ ઉમરાહનો સવાબ અતા કરશે.

દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ત્રણ વખત સૂરએ કાફેરૂન (કુલ યા અય્યોહલ કાફેરૂન)

પઢે ત્યારબાદ એક વખત સૂરએ તવ્હીદ (સૂરએ કુલ હોવલ્લાહો) પઢે, અને નમાઝ ખત્મ થયા બાદ હાથોને ઊંચા કરે અને કહે :

لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَه ، لَهُ الْمُلْكُ وَ لَهُ الْحَمْدُ ، يُحْيِيْ وَ يُمِيْتُ وَ هُوَ حَيٌّ لَا يَمُوْتُ ، بِيَدِهِ الْخَيْرُ وَ هُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ، وَ إِلَيْهِ الْمَصِيْرُ ، وَ لَا حَوْلَ وَ لَا قُوَّةَ إِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ النَّبِيِّ الْأُمِّيِّ وَ آلِه

અને પોતાના હાથોને પોતાના ચેહરા ઉપર ફેરવે.

તરજુમો : અલ્લાહ સિવાય બીજો કોઈ મઅબુદ નથી તે એકજ છે તેનો

કોઈ ભાગીદાર નથી; બધા જ વખાણ ફક્ત તેની માટે છે અને ફક્ત તે જ દરેક બાબતનો માલિક છે, તે જીવંત કરે છે અને મૃત્યુ આપે છે અને તે એવો જીવંત છે કે ક્યારેય મૃત્યુ નથી પામતો, ફક્ત તેના થકી જ ભલાઈ શકય છે અને તે દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે, દરેકનું પાછુ ફરવું તેનીજ તરફ છે, મહાન અને બુઝુર્ગી વાળો અલ્લાહ સિવાય બીજા કોઈની તાકત કે કુદરત નથી; અય અલ્લાહ ! નબીએ ઉમ્મી હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ પર રહેમત નાઝીલ કર.

અને પોતાના હાથોને પોતાના ચેહરા ઉપર ફેરવે.

## બે રકઆત નમાઝમાં ૧૦૦ વખત સૂરએ તવ્હીદ

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની એક રાતમાં બે રકઆત નમાઝમાં એકસો વખત સૂરએ તવ્હીદ પઢે (જેમ કે દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી પચાસ વખત સૂરએ તવ્હીદ પઢે) **તો જાણે અલ્લાહની ખુશનુદી માટે એકસો વરસ રોઝા રાખ્યા છે (તેનો સવાબ મળશે) અને અલ્લાહ તઆલા તેને જન્નતમાં ૧૦૦ મહેલ અતા કરશે કે જે દરેક મહેલો અલ્લાહના નબીઓ (અ.મુ.)ના પાડોશમાં હશે.**

## દસ રકઆત નમાઝ

જે કોઈ **રજબ મહિનામાં એક રાતમાં બે-બે રકઆત કરીને દસ રકઆત નમાઝ** પઢે કે જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી એક વખત સૂરએ કાફેરૂન અને ત્યાર બાદ ત્રણ વખત સૂરએ તવ્હીદ પઢે, તો અલ્લાહ તઆલા તેના દરેક ગુનાહોને માફ કરી આપે છે, દરેક

રકઆતના બદલામાં સિત્તેર વર્ષની ઈબાદતનો સવાબ અતા કરે, દરેક સુરાઓના બદલામાં જન્નતમાં લોઅલોઅના મહેલ અતા કરે, આ વર્ષમાં રોઝા રાખનાર, નમાઝો પઢનાર, ઉમરાહ અને હજ્જ બજાવી લાવનાર તથા જેહાદ કરનારનો અજર અને બદલો અતા કરશે; તેમજ અલ્લાહ તઆલા આવતા વર્ષ સુધી તેને દરરોજ હજ્જ અને ઉમરાહ અદા કરવાનો સવાબ મળશે તથા આ નમાઝ પૂરી થવા પહેલા અલ્લાહ તેને માફ કરી દેશે.

જયારે આ નમાઝ તમામ થઈ જાય ત્યારે એક ફરિશ્તો અર્શે મોઅલ્લાની નીચેથી તે નમાઝ પઢનારને કહે છે કે અય અલ્લાહના ચહિતા બંદા, બેશક અલ્લાહે તને જહન્નમથી આગથી આઝાદી આપી છે, અને આ વર્ષના નમાઝ પઢનારાઓમાં અલ્લાહે તેનો શુમાર કરે છે; અને જો આ વર્ષ દરમ્યાન તેને મૌત આવે તો તે શહીદની મૌત મરશે; અલ્લાહ તેની દુઆઓ ને કબૂલ કરશે, તેની હાજતો પૂરી કરશે, તેના નામે આમાલને તેના જમણા હાથમાં અતા કરશે, અને તેના ચેહરાને નૂરાની

બનાવશે, તેની તથા જહન્નમની આગની વચ્ચે સાત ખીણ ઉભી કરશે.

## ઝિયારતે મઅસૂમીન (અ.મુ)

ઈમામે ઝમાના (અ.) ના ખાસ નાએબ અબુલ કાસિમ હુસૈન બિન રવ્હ (અ.ર.) ફરમાવે છે કે માહે રજબમાં જે મઅસૂમીન (અ.મુ.) ની ઝિયારત થઈ શકે તેની ઝિયારત કરો અને કોઈ પણ મઅસૂમીન (અ.મુ.) ના રોઝા મુબારકમાં આ રીતે ઝિયારત કરો. આ ઝિયારતને ઝિયારતે રજબીય્યહના નામથી પણ ઓળખવામાં આવે છે; આ ઝિયારતને શબે ઈદે-મબઅસના પણ પઢવામાં આવે છે. આ ઝિયારતનો ઝિક્ર સત્યાવીસમી તારીખ ના આમાલ માં પેજ નંબર ૧૧૭ પર કરવામાં આવેલ છે.

## ઉમરાહ

રજબ મહિનામાં ઉમરાહ કરવાની પણ ઘણી બધી ફઝીલત છે, રિવાયતમાં છે કે મહે રજબમાં ઉમરાહ, હજ્જની પછી સૌથી વધારે

ફઝીલત ધરાવે છે. ચોથા ઈમામ હઝરત ઝૈનુલ આબેદીન (અ.) માહે રજબમાં ઉમરાહ અદા કરતા હતા અને દિવસ-રાત પોતાની નમાઝોને ખાન-એ-કઅબા પાસે પઢતા અને હંમેશા દિવસ-રાત સજદામાં રેહતા અને સજદામાં આ ઝિક્ર પઢતા

عَظُمَ الذَّنْبُ مِنْ عَبْدِكَ فَلْيَحْسُنِ الْعَفْوُ مِنْ عِنْدِكَ

તારા બંદા તરફથી મોટો ગુનાહ થઇ ગયો છે પણ તારા તરફથી સુંદર માફી અતા કર

## ખાસ તારીખમાં કરવાના આમાલ

## અલગ અલગ રાત્રીએ પઢવાની નમાઝ

રસૂલે ખુદા (સ.અ.વ.) થી બયાન કરવામાં આવેલ રિવાયત મુજબ માહે રજબમાં નિચે મુજબની નમાઝો અદા કરવી જોઈએ :

**પહેલી રાતના વીસ રકઆત નમાઝ**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની પહેલી રાત્રે નમાઝે મગરીબ પછી બે-બે રકઆત કરીને વીસ રકઆત નમાઝ અદા કરશે કે જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સૂરએ તવ્હીદ પઢે, તો **તે નમાઝ પઢનાર તથા તેના ખાનદાનવાળા, તેનો માલ, તેની અવ્લાદ સલામત રહેશે અને તેને કબ્રના અઝાબથી પનાહ મળશે અને પુલે સિરાત ઉપરથી હિસાબ વગર વિજળીની ઝડપે પસાર થશે.**

**બીજી રાતના દસ રકઆત નમાઝ**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની બીજી રાત્રે બે-બે

રકઆત કરીને દસ રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી એક વખત સૂરએ કાફેરૂન પઢે તો **અલ્લાહ તેના તમામ ગુનાહે સગીરા અને ગુનાહે કબીરાને માફ કરી આપે, અને આવતા વર્ષ સુધી તેની ગણતરી નમાઝ પઢનારાઓમાં થશે, અને તેને નિફાકથી છુટકારો મળશે.**

## ત્રીજી રાતના દસ રકઆત નમાઝ

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની ત્રીજી રાત્રે બે-બે રકઆત કરીને દસ રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી પાંચ વખત સૂરએ નસ્ર (એઝા જાઅ નસરુલ્લાહે) પઢે તો **અલ્લાહ તઆલા તેની માટે જન્નતમાં એક મહેલ બનાવશે કે જેની લંબાઈ અને પહોળાઈ આ દુનિયા કરતાં સાત ગણી અને તેથી પણ વધારે હશે અને આસમાનમાંથી અવાજ આપવામાં આવશે કે આ અલ્લાહના ચહીતા બંદાને ઉચ્ચ દરજ્જાની તેમજ નબીઓ, સિદ્દીકીન, શોહદા તથા**

**સાલેહીનની દોસ્તી અને હમનશીની ખુશખબરી આપો.**

**ચોથી રાતના એકસો રકઆત નમાઝ**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની ચોથી રાત્રે બે-બે રકઆત કરીને એકસો રકઆત નમાઝ પઢે, કે જેની પહેલી રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી એક વખત સૂરએ ફલક પઢે તથા બીજી રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી એક વખત સૂરએ નાસ પઢે તો **દરેક આસમાનમાંથી એક ફરિશ્તો નાઝિલ થાય છે અને તે બધા ફરિશ્તાઓ કયામત સુધી તેની માટે આ નમાઝનો સવાબ લખતા રહેશે, કયામતના દિવસે તેનો ચેહરો પુનમના ચાંદની જેમ ચમકતો હશે, તેને જમણા હાથમાં આમાલનામું આપવામાં આવશે અને તેનો હિસાબ આસાનીથી લેવામાં આવશે.**

**પાંચમી રાતના છ રકઆત નમાઝ**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની પાંચમી રાત્રે બે-બે

રકઆત કરીને છ રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી પચ્ચીસ વખત સૂરએ તવ્હીદ પઢે તો **અલ્લાહ તઆલા તેને ચાલીસ નાબીઓ, ચાલીસ સિદ્દીકીન (સચ્ચાઓ) અને ચાલીસ શહીદોનો સવાબ અતા કરશે તેમજ જન્નતી ઘોડા ઉપર સવાર થઈ પુલે સેરાત ઉપરથી વિજળી વેગે પસાર થઈ જશે.**

**<u>છઠ્ઠી રાતના બે રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની છઠ્ઠી રાત્રે બે રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી સાત વખત આયતલ કુરસી પઢે તો **આસમાનમાંથી અવાજ આવશે કે ખરેખર તુ અલ્લાહનો ચહીતો બંદો છો, તથા તે આ નમાઝમાં જેટલા હરફોની કિરઅત કરી છે (પઢયા છે) તેની સંખ્યા મુજબ તુ મુસલમાનોની શફાઅતનો હક્ક રાખો છો, અને તને સિત્તેર હજાર નેકી આપવામાં આવી છે કે**

**જે દરેક નેકી અલ્લાહની નજીક દુનિયાના પહાડો કરતા વધારે અફઝલ છે.**

## સાતમી રાતના ચાર રકઆત નમાઝ

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની સાતમી રાત્રે બે-બે રકઆત કરીને ચાર રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી ત્રણ વખત સૂરએ તવ્હીદ, ત્રણ વખત સૂરએ ફલક અને ત્રણ વખત સૂરએ નાસ પઢે, દરેક નમાઝ પછી દસ વખત સલવાત પઢે અને દસ વખત તસ્બીહાતે અરબા પઢે; તો **અલ્લાહ તઆલા તેને પોતાના અર્શનો છાંયો અતા કરશે, તેને માહે રમઝાનના રોઝાઓ રાખવાનો સવાબ અતા કરશે, જ્યાં સુધી આ નમાઝમાં મશગૂલ હશે ત્યાં સુધી તેની માટે ફરિશ્તાઓ ઈસ્તિગ્ફાર કરશે, કબ્રની સખ્તીઓ અને પરેશાનીઓ તેની માટે આસાન થઈ જશે, જન્નતમાં પોતાનું મકાન ન જોઈ લે ત્યાં સુધી આ દુનિયામાં તેને મૌત નહિ આવે અને અલ્લાહ તેને મોટા ખૌફથી અમાન આપશે.**

**આંઠમી રાતના વીસ રકઆત નમાઝ**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની આંઠમી રાત્રે બે-બે રકઆત કરીને વીસ રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી ત્રણ વખત સૂરએ તવ્હીદ, ત્રણ વખત સૂરએ કાફેરૂન, ત્રણ વખત સૂરએ ફલક અને ત્રણ વખત સૂરએ નાસ પઢે તો **અલ્લાહ તેને શાકેરીન (શુક્ર કરવાવાળાઓ) અને સાબેરીન (સબ્ર કરવાવાળાઓ) નો સવાબ અતા કરે, અને સિદ્દીકીન (સાચ્ચાઓ) માં તેનું નામ બુલંદ કરે, દરેક હરફના બદલામાં દરેક સિદ્દીક અને શહીદનો અજર અતા કરે, અને જાણે માહે રમઝાનમાં કુરઆન ખત્મ કર્યું હોય (તે સવાબ મળે), અને જયારે કબ્રમાંથી બહાર આવશે ત્યારે સિત્તેર હજાર ફરિશ્તાઓ તેની મુલાકાત કરશે અને તેઓ તેને જન્નતની ખુશખબરી આપશે, અને જન્નત તરફ તેને લઈ જશે.**

## નવમી રાતના બે રકઆત નમાઝ

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની નવમી રાત્રે બે રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી પાંચ વખત સૂરએ અલ્હાકોમુ ત્તકાસુર પઢે તો **તે પોતાની જગ્યા ઉપરથી ઉભો થાય તે પેહલા જ અલ્લાહ તેને માફ કરી આપશે, તેને એકસો હજ્જ અને એકસો ઉમરાહનો સવાબ અતા કરશે, અલ્લાહ તેની ઉપર દસ લાખ રહમતો નાઝિલ કરશે, અલ્લાહ તેને જહન્નમની આગથી અમાન અતા કરશે, અને જો એંસી દિવસ સુધીમાં તેનું મૌત આવે તો તે શહીદની મૌત મરશે.**

## દસમી રાતના બાર રકઆત નમાઝ

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની દસમી રાત્રે બે-બે રકઆત કરીને બાર રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી ત્રણ વખત સૂરએ તવ્હીદ પઢે તો **અલ્લાહ તઆલા તેની માટે યાકૂતના પાયાઓ**

**ઉપર બનેલો મહેલ અતા કરે, કે જે પાયોની લંબાઈ પૂર્વ અને પશ્ચિમ ના અંતર જેટલું હશે; તે પાયાઓની અંદર સાતસો એવા ઓરડાઓ હશે કે દરેક ઓરડાઓ આ દુનિયા કરતા પણ મોટા હશે, અને આ દરેક ઓરડાઓ સોના, ચાંદી, યાકૂત અને ઝબરજદથી બનેલા હશે; અને આ મહેલની અંદર આસમાનના સિતારાઓની સંખ્યા જેટલા ઘરો હશે, અને તેની અંદર એવું બધું હશે કે જેનું વર્ણન કરવું કોઈ ઈન્સાન માટે શક્ય જ નથી.**

**<u>અગ્યારમી રાતના બાર રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની દસમી રાત્રે બે-બે રકઆત કરીને બાર રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી બાર વખત આયાતલ કુરસી પઢે તો **તવરાત, ઈન્જીલ, ઝબૂર, કુરઆન અને બીજી જે પણ કિતાબો અલ્લાહે પોતાના નબીઓ ઉપર નાઝિલ કરી છે અલ્લાહ તઆલા તેની તિલાવતનો સવાબ અતા કરે; અર્શે**

**ઈલાહી પાસેથી મુનાદી અવાજ આપશે કે અલ્લાહે તને માફ કરી આપ્યો છે તો હવે નવેસરથી તારા અમલની શરૂઆત કર.**

**<u>બારમી રાતના બે રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની બારમી રાત્રે બે રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી દસ વખત "આમનર રસૂલ" ની આયત પઢે (જે નીચે મુજબ છે) તો **અલ્લાહ તેને અમ્ર બિલ મઅરૂફ અને નહિ અનિલ મુન્કર કરનાર નો સવાબ અતા કરે, અલ્લાહ તેને બની ઈસ્માઈલ (અ.) ના સિત્તેર ગુલામોને આઝાદ કરવાનો સવાબ અતા કરે, અલ્લાહ તેને સિત્તેર રહમતો અતા કરે.**

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، آمَنَ الرَّسُوْلُ بِمَا أُنْزِلَ إِلَيْهِ مِنْ رَبِّه وَ الْمُؤْمِنُوْنَ ، كُلٌّ آمَنَ بِاللهِ وَ مَلَائِكَتِه

وَ كُتُبِهٖ وَ رُسُلِهٖ، لَا نُفَرِّقُ بَيْنَ أَحَدٍ
مِنْ رُسُلِهٖ وَ قَالُوْا سَمِعْنَا وَ أَطَعْنَا
غُفْرَانَكَ رَبَّنَا وَ إِلَيْكَ الْمَصِيْرُ ، لَا
يُكَلِّفُ اللهُ نَفْسًا إِلَّا وُسْعَهَا ، لَهَا مَا
كَسَبَتْ وَ عَلَيْهَا مَا اكْتَسَبَتْ، رَبَّنَا لَا
تُؤَاخِذْنَا إِنْ نَسِيْنَا أَوْ أَخْطَأْنَا، رَبَّنَا وَ
لَا تَحْمِلْ عَلَيْنَا إِصْرًا كَمَا حَمَلْتَهُ عَلَى
الَّذِيْنَ مِنْ قَبْلِنَا، رَبَّنَا وَ لَا تُحَمِّلْنَا مَا
لَا طَاقَةَ لَنَا بِهٖ وَاعْفُ عَنَّا وَاغْفِرْ لَنَا وَ
ارْحَمْنَا أَنْتَ مَوْلَانَا فَانْصُرْنَا عَلَى
الْقَوْمِ الْكَافِرِيْنَ

(અમારો) રસૂલ (મોહમ્મદ સ.અ.વ.) અને મોઅમીનો (પણ) તેના પર ઈમાન લાવ્યા છે જે તેના પર પરવરદિગાર તરફથી ઉતારવામાં આવ્યું છે.; તેઓ સઘળા અલ્લાહ પર તથા તેના ફરિશ્તાઓ પર તથા તેની કિતાબો પર તથા તેના રસુલો પર ઈમાન લાવ્યા છે; (એમ કહીને કે) અમે તેના રસૂલોમાંથી કોઈની વચ્ચે કાંઈ ભેદભાવ રાખતા નથી; અને તેઓ વળી એમ પણ કહે છે કે અમોએ સાંભળ્યું તથા હુકમને કબૂલ કર્યો, હે અમારા પરવરદિગાર ! અમે તારી જ ક્ષમા ચાહીએ છીએ અને (અમારૂ) તારીજ તરફ પાછું ફરવાનું

છે. અલ્લાહ કોઈ નફસ (વ્યક્તિ)ને તેના તાકત ઉપરાંત તકલીફ આપતો નથી, તેણે જે સારી કમાઈ કરી છે તેનો (નફો) તેનાજ માટે છે અને જે બૂરી કમાઈ કરી છે તેનો ગેરલાભ પણ તેનાજ માટે છે; હે અમારા પરવરદિગાર ! જો અમે ભૂલી જઈએ અથવા કોઈ ચૂક કરી બેસીએ તો તે માટે અમને પકડજે નહિ, અને હે અમારા પરવરદિગાર ! અમારા પર એવો બોજો નાખજે નહિ જેવો કે અમારી પહેલાં થઈ જનારાઓ પર નાખ્યો હતો, અને હે અમારા પરવરદિગાર ! અને અમારાથી એટલું ન ઊંચકાવ કે જે (ઊંચકવા)ની

અમારામાં શક્તિ નથી, અને અમારાથી દરગુજર કર, અને અમને માફ કરી દે, અને અમારા પર દયા કર, તું (જ) અમારો માલિક છે માટે નાસ્તિકોના મુકાબલામાં અમારી સહાય કર.

**તેરમી રાતના દસ રકઆત નમાઝ**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની તેરમી રાત્રે બે-બે રકઆત કરીને દસ રકઆત નમાઝ પઢે, કે જેની પહેલી રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી એક વખત સૂરએ આદેયાત પઢે અને બીજી રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી એક વખત સૂરએ અલ્હાકોમુ ત્તકાસુર પઢે (અને આ રીતે પાંચ નમાઝો એટલે કે દસ રકઆત નમાઝ પઢે) **તો અલ્લાહ તેને ગુનાહોને માફ કરી દેશે, અગર તેના માં-બાપે તેને આંક**

**કરિ દીધો હશે તો અલ્લાહ તેનાથી રાઝી થઈ જશે, મુન્કિર અને નકીર તેની નજીક પણ નહિ આવે અને તેને ડરાવશે નહી, અને પુલી સેરાત ઉપરથી વિજળી વેગે પસાર થઈ જશે, તેને જમણા હાથમાં પોતાનું આમાલનામું આપવામાં આવશે, અને તેના નેક આમાલનું પલડું ભારી હશે, અને જન્નતે ફિરદવ્સમાં તેને એક હજાર શહેરો આપવામાં આવશે.**

**<u>ચૌદમી રાતના ત્રીસ રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની ચૌદમી રાત્રે બે-બે રકઆત કરીને ત્રીસ રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી એક વખત સૂરએ તવ્હીદ પઢે અને ત્યાર બાદ એક વખત સૂરએ કહ્ફ ની છેલ્લી આયાત પઢે (જે નીચે મુજબ છે) તો **તે પાક ઝાતની કસમ છે કે જેના હાથમાં મારી જાન છે, અગર તે (નમાઝી) ના ગુનાહો આસમાનના સિતારાઓથી પણ વધારે હશે તો પણ (આ નમાઝ પૂરી થાય તે પહેલા અલ્લાહ**

તેને માફ કરી દેશે અને) નમાઝને ગુનાહોથી એકદમ પાક થયેલી હાલતમાં તમામ કરશે.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، قُلۡ إِنَّمَا أَنَا بَشَرٌ مِثۡلُكُمۡ يُوۡحٰى إِلَيَّ ، أَنَّمَا إِلٰهُكُمۡ إِلٰهٌ وَاحِدٌ ، فَمَنۡ كَانَ يَرۡجُوۡا لِقَاءَ رَبِّه فَلۡيَعۡمَلۡ عَمَلًا صَالِحاً وَ لَا يُشۡرِكۡ بِعِبَادَةِ رَبِّه أَحَدًا

(અય રસૂલ!) તું કહે કે હું પણ તમારા જ જેવો એક મનુષ્ય છું, (ફેર માત્ર એટલો જ છે કે) મારા તરફ વહી કરવામાં આવે છે કે તમારો માઅબૂદ એકજ માઅબૂદ છે, માટે જે કોઇ પોતાના પરવરદિગારની હુજૂરમાં

જવાની ઉમ્મેદ રાખતો હોય તો તેને જોઈએ કે સત્કાર્યો કરે, અને પોતાના પરવદિગારની ઈબાદતમાં (બીજા) કોઈને શરીક કરે નહિ.

## પંદરમી રાતના ત્રીસ રકઆત નમાઝ

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની પંદરમી રાત્રે બે-બે રકઆત કરીને ત્રીસ રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ તવ્હીદ પઢે **તો નમાઝ પૂરી થયા પેહલા જ સિત્તેર શહીદોનો સવાબ અતા કરવામાં આવશે, કયામતના દિવસે તે નુરાની શકલમાં આવશે, અલ્લાહ તેને જહન્નમની આગથી, નિફાકથી અને કબ્રના અઝાબથી છુટકારો આપશે; (અને બીજી રિવાયત પ્રમાણે આ નમાઝનો સવાબ આ પ્રમાણે છે કે) અલ્લાહ તેને જહન્નમની આગથી નજાત અતા કરશે, દરેક રકઆતના બદલામાં ચાલીસ શાહીદોની ઈબાદતનો**

**સવાબ અતા કરશે, અને દરેક આયતના બદલામાં બાર નૂર અતા કરશે, જેટલી વખત સૂરએ તવ્હીદ પઢયો છે તે દરેકના બદલામાં મિસ્ક અને અંબરની ખુશ્બુથી અલ્લાહ તેની માટે બાર શહેરો બનાવશે, આ મહિનામાં જેટલા બધા મર્દો અને ઔરતોએ રોઝાઓ રાખ્યા છે અને નમાઝ પઢી છે તે બધાનો સવાબ પણ તેને આપવામાં આવશે, અને આવતા વર્ષ સુધીમાં જો તેને મૌત આવી જાય તો તે શહીદની મૌત મરશે અને અલ્લાહ તેને કબ્રમાં બલા અને મુસીબતોથી બચાવશે.**

## <u>સોળમી રાતના ત્રીસ રકઆત નમાઝ</u>

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની સોળમી રાત્રે બે-બે રકઆત કરીને ત્રીસ રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ તવ્હીદ પઢે તો **નમાઝ પૂરી થયા પેહલા જ સિત્તેર શહીદોનો સવાબ અતા કરવામાં આવશે, કયામતના દિવસે તે નુરાની શકલમાં આવશે, અલ્લાહ તેને**

**જહન્નમની આગથી, નિફાકથી અને કબ્રના અઝાબથી છુટકારો આપશે.**

**<u>સત્તરમી રાતના ત્રીસ રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની સત્તરમી રાત્રે બે-બે રકઆત કરીને ત્રીસ રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ તવ્હીદ પઢે **તો નમાઝ પૂરી થયા પેહલા જ સિત્તેર શહીદોનો સવાબ અતા કરવામાં આવશે, કયામતના દિવસે તે નુરાની શકલમાં આવશે, અલ્લાહ તેને જહન્નમની આગથી, નિફાકથી અને કબ્રના અઝાબથી છુટકારો આપશે.**

**<u>અઢારમી રાતના બે રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની અઢારમી રાત્રે બે રકઆત નમાઝ પઢે, કે જેની બન્ને રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ તવ્હીદ, દસ વખત સૂરએ ફલક અને દસ વખત સૂરએ નાસ પઢે તો **અલ્લાહ તઆલા**

**ફરિશ્તાઓને કહે છે કે જો આ નમાઝીના ગુનાહો ઝુલ્મો સિતમ કરનાર હકીમ કરતા પણ વધારે હશે તો આ નમાઝના બદલામાં હું તેને માફ કરી આપીશ; અલ્લાહ તેની અને જહન્નમની આગની વચ્ચે છ ખંડક (આડ) ઉભી કરે કે જે દરેકની વચ્ચેનું અંતર ઝમીન અને આસમાનની વચ્ચેનું અંતર જેટલું હશે.**

**<u>ઓગણીસમી રાતના ચાર રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની ઓગણીસમી રાત્રે બે-બે રકઆત કરીને ચાર રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી પંદર વખત આયતલ કુરસી પઢે અને પંદર વખત સૂરએ તવ્હીદ પઢે તો **અલ્લાહ તઆલાએ જે સવાબ હઝરત મૂસા (અ.) ને આપેલ છે તેની જેવો સવાબ તેને પણ અતા કરશે, દરેક હરફના બદલામાં શહીદનો સવાબ મળશે, ફરિશ્તાઓ તેને ત્રણ બશારત અને ખુશખબરી આપશે, પહેલું : તેના ઐબ મૌકિફમાં જાહેર નહી થાય, બીજું : તેની**

**હિસાબ લેવામાં નહિ આવે, ત્રીજું : હિસાબ વગર તે જન્નતમાં દાખલ થશે; અને જયારે અલ્લાહની બારગાહમાં હાજર થશે તો અલ્લાહ તેને સલામ કરશે અને તેને કહેશે કે અય મારા બંદા, તુ ડર નહિ અને પરેશાન પણ થતો નહિ કારણ કે હું તારીથી રાઝી છું અને તારી માટે જન્નત હલાલ છે.**

**વીસમી રાતના બે રકઆત નમાઝ**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની વીસમી રાત્રે બે રકઆત નમાઝ પઢે, કે જેની બન્ને રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી પાંચ વખત સૂરએ કદ્ર (ઈન્ના અન્ઝલ્ના) પઢે તો **તેને હઝરત ઈબ્રાહીમ (અ.), હઝરત મૂસા (અ.), હઝરત યહ્યા (અ.) અને હઝરત ઈસા (અ.) નો સવાબ મળશે, આ નમાઝ અદા કરનારને જિન્નાત અને ઈન્સાનો કોઈ પણ જાતનું નુકશાન નહિ પહોંચાડી શકે, અને અલ્લાહ તેની ઉપર રહમતની નઝરથી નિગાહ કરશે.**

## એકવીસમી રાતના છ રકઆત નમાઝ

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની એકવીસમી રાત્રે બે-બે રકઆત કરીને છ રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ કવ્સર અને દસ વખત સૂરએ તવ્હીદ પઢે તો **અલ્લાહ તઆલા કેરામલ કાતેબીન (આમાલનામું લખનાર ફરિશ્તાઓ) ને હુકમ આપે છે કે આ નમાઝીના બુરા કાર્યોને આવતા વર્ષ સુધી લખશો નહિ અને એક વર્ષ સુધી તેના આમાલનામાની અંદર નેકીઓ લખજો; કસમ છે તે પાક ઝાતની કે જેના હાથમાં મરી જાન છે અને કસમ છે તે પાક ઝાતની કે જેણે મને નબી બનાવ્યો છે, જે કોઈ મરી સાથે મોહબ્બત કરે છે અને જે કોઈ અલ્લાહ સાથે મોહબ્બત કરે છે તો તે આ નમાઝને પઢે, અગર ઉભા ઉભા પઢવાની શક્તિ ન રાખતો હોય તો બેઠા બેઠા પઢે કારણ કે અલ્લાહ ફરિશ્તાઓ ઉપર આ નમાઝી માટે ફખ્ર અને ગર્વ કરે છે અને કહે છે કે મેં તેને માફ કરી દીધો છે.**

## બાવીસમી રાતના આંઠ રકઆત નમાઝ

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની બાવીસમી રાત્રે બે-બે રકઆત કરીને આંઠ રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી સાત વખત સૂરએ કાફેરૂન પઢે, નમાઝ તમામ કર્યા પછી દસ વખત નબી (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર સલવાત મોકલે, ત્યારબાદ દસ વખત ઈસ્તિગ્ફાર કરે; તો **તેને ત્યાં સુધી મૌત નહિ આવે જ્યાં સુધી તે જન્નતમાં પોતાની જગ્યા અને મકાન ન જોય લે, અને તે મુસલમાનની મૌત મરશે અને તેને સિત્તેર નબીઓનો અજર અતા કરવામાં આવશે**

## ત્રેવીસમી રાતના બે રકઆત નમાઝ

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની ત્રેવીસમી રાત્રે બે રકઆત નમાઝ પઢે, કે જેની બન્ને રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી પાંચ વખત સૂરએ ઝોહા (વઝ્ઝોહા – સૂરા નંબર ૯૩) પઢે તો **તેણે પઢેલા હરફોની સંખ્યા મુજબ તેમજ**

**કાફિર મર્દો અને કાફિર ઔરતોની સંખ્યા મુજબ જન્નતમાં તેને દરજ્જાઓ મળશે, અલ્લાહ તેને સિત્તેર હજ્જનો સવાબ, અને એક હજાર તશીએ જનાઝા કરનારનો સવાબ, અને એક હજાર બિમારોની અયાદત કરનારનો સવાબ, અને મુસલમાનની એક હજાર હાજત પૂરી કરનારનો સવાબ અતા કરશે.**

**<u>ચોવીસમી રાતના ચાલીસ રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની ચોવીસમી રાત્રે બે-બે રકઆત કરીને ચાલીસ રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી એક વખત “આમનર્ રસૂલ” વાળી આયાત પઢે (જે નીચે મુજબ છે) ત્યાર બાદ એક વખત સૂરએ તવ્હીદ પઢે તો **અલ્લાહ તેની માટે ૧૦૦૦ નેકીઓ લખશે, એક હજાર ગુનાહોને માફ કરી દેશે, તેના ૧૦૦૦ દરજ્જાઓ બુલંદ કરશે, આસમાનમાંથી ૧૦૦૦ ફરિશ્તાઓ નાઝિલ થશે કે જેઓ હાથ ઊંચા કરીને આ નમાઝી ઉપર દુરૂદ અને સલામ**

કરતા હશે, અલ્લાહ તેને દુનિયા અને આખેરતમાં સલામતી અતા કરશે, અને જાણે તેણે શબે કદ્રને પામી લીધી છે.

آمَنَ الرَّسُوْلُ بِمَا أُنْزِلَ إِلَيْهِ مِنْ رَبِّه وَ الْمُؤْمِنُوْنَ ، كُلٌّ آمَنَ بِاللّٰهِ وَ مَلَائِكَتِه وَ كُتُبِه وَ رُسُلِه، لَا نُفَرِّقُ بَيْنَ أَحَدٍ مِنْ رُسُلِه وَ قَالُوْا سَمِعْنَا وَ أَطَعْنَا غُفْرَانَكَ رَبَّنَا وَ إِلَيْكَ الْمَصِيْرُ ، لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا إِلَّا وُسْعَهَا ، لَهَا مَا كَسَبَتْ وَ عَلَيْهَا مَا اكْتَسَبَتْ، رَبَّنَا لَا تُؤَاخِذْنَا إِنْ نَسِيْنَا أَوْ أَخْطَأْنَا، رَبَّنَا وَ لَا تَحْمِلْ عَلَيْنَا إِصْرًا كَمَا حَمَلْتَهُ عَلَى

الَّذِيۡنَ مِنۡ قَبۡلِنَا، رَبَّنَا وَ لَا تُحَمِّلۡنَا مَا لَا طَاقَةَ لَنَا بِه وَ اعۡفُ عَنَّا وَ اغۡفِرۡ لَنَا وَ ارۡحَمۡنَا أَنۡتَ مَوۡلَانَا فَانۡصُرۡنَا عَلَى الۡقَوۡمِ الۡكَافِرِيۡنَ

(અમારો) રસૂલ (મોહમ્મદ સ.અ.વ.) અને મોઅમીનો (પણ) તેના પર ઈમાન લાવ્યા છે જે તેના પર પરવરદિગાર તરફથી ઉતારવામાં આવ્યું છે.; તેઓ સઘળા અલ્લાહ પર તથા તેના ફરિશ્તાઓ પર તથા તેની કિતાબો પર તથા તેના રસુલો પર ઈમાન લાવ્યા છે; (એમ કહીને કે) અમે તેના રસૂલોમાંથી કોઈની

વચ્ચે કાંઈ ભેદભાવ રાખતા નથી; અને તેઓ વળી એમ પણ કહે છે કે અમોએ સાંભળ્યું તથા હુકમને કબૂલ કર્યો, હે અમારા પરવરદિગાર ! અમે તારીજ ક્ષમા ચાહીએ છીએ અને (અમારૂ) તારીજ તરફ પાછું ફરવાનું છે. અલ્લાહ કોઈ નફસ (વ્યક્તિ)ને તેના તાકત ઉપરાંત તકલીફ આપતો નથી, તેણે જે સારી કમાઈ કરી છે તેનો (નફો) તેનાજ માટે છે અને જે બૂરી કમાઈ કરી છે તેનો ગેરલાભ પણ તેનાજ માટે છે; હે અમારા પરવરદિગાર ! જો અમે ભૂલી જઈએ અથવા કોઈ ચૂક કરી બેસીએ તો તે માટે અમને પકડજે નહિ, અને

હે અમારા પરવરદિગાર ! અમારા પર એવો બોજો નાખજે નહિ જેવો કે અમારી પહેલાં થઈ જનારાઓ પર નાખ્યો હતો, અને હે અમારા પરવરદિગાર ! અને અમારાથી એટલું ન ઊંચકાવ કે જે (ઊંચકવા)ની અમારામાં શકિત નથી, અને અમારાથી દરગુજર કર, અને અમને માફ કરી દે, અને અમારા પર દયા કર, તું (જ) અમારો માલિક છે માટે નાસ્તિકોના મુકાબલામાં અમારી સહાય કર.

**<u>પચ્ચીસમી રાતના વીસ રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની પચ્ચીસમી રાત્રે મગરિબ

અને ઈશાની નમાઝની વચ્ચે બે-બે રકઆત કરીને વીસ રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી એક વખત "આમનર્ રસૂલ" વાળી આયાત પઢે (જે નીચે મુજબ છે) ત્યાર બાદ એક વખત સૂરએ તવ્હીદ પઢે તો **અલ્લાહ તેની હિફાઝત કરશે તેમજ તેના કુટુંબની, તેના દીનની, તેના માલની, તેની દુનિયાની અને તેની આખેરતની હિફાઝત કરશે અને તે પોતાની જગ્યા ઉપરથી આ નમાઝ પઢીને ઉભો થાય તે પેહલાજ અલ્લાહ તેને માફ કરી દેશે.**

آمَنَ الرَّسُوْلُ بِمَا أُنْزِلَ إِلَيْهِ مِنْ رَبِّه وَ الْمُؤْمِنُوْنَ ، كُلٌّ آمَنَ بِاللّٰهِ وَ مَلَائِكَتِه وَ كُتُبِه وَ رُسُلِه، لَا نُفَرِّقُ بَيْنَ أَحَدٍ مِنْ رُسُلِه وَ قَالُوْا سَمِعْنَا وَ أَطَعْنَا غُفْرَانَكَ رَبَّنَا وَ إِلَيْكَ الْمَصِيْرُ ، لَا

يُكَلِّفُ اللهُ نَفْسًا إِلَّا وُسْعَهَا ، لَهَا مَا كَسَبَتْ وَ عَلَيْهَا مَا اكْتَسَبَتْ، رَبَّنَا لَا تُؤَاخِذْنَا إِنْ نَسِيْنَا أَوْ أَخْطَأْنَا، رَبَّنَا وَ لَا تَحْمِلْ عَلَيْنَا إِصْرًا كَمَا حَمَلْتَهُ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِنَا، رَبَّنَا وَ لَا تُحَمِّلْنَا مَا لَا طَاقَةَ لَنَا بِه وَ اعْفُ عَنَّا وَ اغْفِرْ لَنَا وَ ارْحَمْنَا أَنْتَ مَوْلَانَا فَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكَافِرِيْنَ

(અમારો) રસૂલ (મોહમ્મદ સ.અ.વ.) અને મોઅમીનો (પણ) તેના પર ઈમાન લાવ્યા છે જે તેના પર પરવરદિગાર તરફથી ઉતારવામાં

આવ્યું છે.; તેઓ સઘળા અલ્લાહ પર તથા તેના ફરિશ્તાઓ પર તથા તેની કિતાબો પર તથા તેના રસુલો પર ઈમાન લાવ્યા છે; (એમ કહીને કે) અમે તેના રસૂલોમાંથી કોઈની વચ્ચે કાંઈ ભેદભાવ રાખતા નથી; અને તેઓ વળી એમ પણ કહે છે કે અમોએ સાંભળ્યું તથા હુકમને કબૂલ કર્યો, હે અમારા પરવરદિગાર ! અમે તારીજ ક્ષમા ચાહીએ છીએ અને (અમારૂ) તારીજ તરફ પાછું ફરવાનું છે. અલ્લાહ કોઈ નફસ (વ્યક્તિ)ને તેના તાકત ઉપરાંત તકલીફ આપતો નથી, તેણે જે સારી કમાઈ કરી છે તેનો (નફો) તેનાજ માટે છે અને જે

બૂરી કમાઈ કરી છે તેનો ગેરલાભ પણ તેનાજ માટે છે; હે અમારા પરવરદિગાર ! જો અમે ભૂલી જઈએ અથવા કોઈ ચૂક કરી બેસીએ તો તે માટે અમને પકડજે નહિ, અને હે અમારા પરવરદિગાર ! અમારા પર એવો બોજો નાખજે નહિ જેવો કે અમારી પહેલાં થઈ જનારાઓ પર નાખ્યો હતો, અને હે અમારા પરવરદિગાર ! અને અમારાથી એટલું ન ઊંચકાવ કે જે (ઊંચકવા)ની અમારામાં શક્તિ નથી, અને અમારાથી દરગુજર કર, અને અમને માફ કરી દે, અને અમારા પર દયા

કર, તું (જ) અમારો માલિક છે માટે નાસ્તિકોના મુકાબલામાં અમારી સહાય કર.

**છવ્વીસમી રાતના બાર રકઆત નમાઝ**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની છવ્વીસમી રાત્રે બે-બે રકઆત કરીને બાર રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી ચાલીસ વખત (અથવા બીજી એક રિવાયત મુજબ ચાર વખત) સૂરએ તવ્હીદ પઢે તો **ફરિશ્તાઓ તેની સાથે મુસાફેહો કરશે, અને જેની સાથે ફરિશ્તાઓ મુસાફેહો કરે તે પુલે સેરાત, હિસાબ અને મીઝાન ના વુકૂફથી અમાનમાં (બચેલો) રહેશે; અલ્લાહ તેની માટે સિત્તેર ફરિશ્તાઓને મુકર્રર કરશે કે જેઓ આ નમાઝી માટે ઈસ્તિગ્ફાર કરશે અને તેના સવાબ ને લખશે, અને તેની માટે તહલીલ (લા ઈલાહ ઈલ્લલ્લાહ) પઢશે, અને સવાર સુધી તેની માટે**

**અલ્લાહ પાસે ઈસ્તીગ્ફાર કરશે કે અય અલ્લાહ, તારા આ બંદાને માફ કરી દે.**

**<u>સત્યાવીસમી રાતના બાર રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની સત્યાવીસમી રાત્રે બે-બે રકઆત કરીને બાર રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ અઅલા (સૂરા નંબર ૮૭ : સબ્બેહિસ્મ રબ્બેક) પઢે ત્યારબાદ દસ વખત સૂરએ કદ્ર પઢે, અને નમાઝ પૂરી થયા પછી એકસો વખત રસૂલે ખુદા અને તેની ઔલાદ ઉપર સલવાત મોકલે અને પછી એકસો વખત ઈસ્તિગ્ફાર કરે તો **અલ્લાહ તઆલા તેને ફરિશ્તાઓનો ઈબાદતનો સવાબ અતા કરશે.**

**નોંધ :** ૨૭, ૨૮ અને ૨૯મી રાત્રીની નમાઝો ની રીત નીચે મુજબ સરખી છે

**<u>અઠ્યાવીસમી રાતના બાર રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની અઠ્યાવીસમી રાત્રે બે-બે રકઆત કરીને બાર રકઆત નમાઝ પઢે, કે

જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલહમ્દ પછી દસ વખત સૂરએ અઅલા (સૂરા નંબર ૮૭ : સબ્બેહિસ્મ રબ્બેક) પઢે ત્યારબાદ દસ વખત સૂરએ કદ્ર પઢે, અને નમાઝ પૂરી થયા પછી એકસો વખત રસૂલે ખુદા અને તેની ઔલાદ ઉપર સલવાત મોકલે અને પછી એકસો વખત ઈસ્તિગ્ફાર કરે તો **અલ્લાહ તઆલા તેને ફરિશ્તાઓનો ઈબાદતનો સવાબ અતા કરશે.**

**<u>ઓગણત્રીસમી રાતના બાર રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની ઓગણત્રીસમી રાત્રે બે-બે રકઆત કરીને બાર રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલહમ્દ પછી દસ વખત સૂરએ અઅલા (સૂરા નંબર ૮૭ : સબ્બેહિસ્મ રબ્બેક) પઢે ત્યારબાદ દસ વખત સૂરએ કદ્ર પઢે, અને નમાઝ પૂરી થયા પછી એકસો વખત રસૂલે ખુદા અને તેની ઔલાદ ઉપર સલવાત મોકલે અને પછી એકસો

વખત ઈસ્તિગ્ફાર કરે તો અલ્લાહ તઆલા તેને ફરિશ્તાઓનો ઈબાદતનો સવાબ અતા કરશે.

**<u>ત્રીસમી રાતના દસ રકઆત નમાઝ</u>**

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની ત્રીસમી રાત્રે બે-બે રકઆત કરીને દસ રકઆત નમાઝ પઢે, કે જેની પહેલી રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ તવ્હીદ પઢે તો **અલ્લાહ તઆલા તેને જન્નતે ફિરદવ્સમાં સાત શહેરો અતા કરે, કબ્રમાંથી જયારે બહાર આવશે ત્યારે તેનો ચેહરો પુનમના ચાંદની જેમ ચમકતો હશે, પુલે સેરાત ઉપર થી વિજળી વેગે પસાર થાય જશે અને જહન્નમની આગથી નજાત પામશે.**

## <u>પેહલી રાત ના આમાલ</u>

## <u>ચાંદ જોઈને પઢવાની દુઆ</u>

માહે રજબના ચાંદને જોઈને આ દુઆ પઢે :

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، اَللّٰهُمَّ أَهِلَّه عَلَيۡنَا بِالۡأَمۡنِ وَ الۡإِيۡمَانِ وَ السَّلَامَةِ وَ الۡإِسۡلَامِ ، رَبِّيۡ وَ رَبُّكَ اللّٰهُ عَزَّ وَ جَلَّ

અય અલ્લાહ! આ મહિનાની શરૂઆતને અમારા પર અમન, ઈમાન, સલામતી અને ઈસ્લામની સાથે કરાર આપ. (અય ચાંદ) મારો પાલનહાર તથા તારો પાલનહાર અલ્લાહ છે જે કુદરતમંદ અને જલાલવાળો છે.

રસૂલે ખુદા (સ.અ.વ.) જયારે માહે રજબના ચાંદને જોતા તો આ મુજબ કહેતા

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، اَللّٰهُمَّ

بَارِكْ لَنَا فِيْ رَجَبٍ وَ شَعْبَانَ وَ بَلِّغْنَا شَهْرَ رَمَضَانَ وَ أَعِنَّا عَلَى الصِّيَامِ وَ الْقِيَامِ وَ حِفْظِ اللِّسَانِ وَ غَضِّ الْبَصَرِ وَ لَا تَجْعَلْ حَظَّنَا مِنْهُ الْجُوْعَ وَ الْعَطَشَ

અય અલ્લાહ! અમારી માટે રજબ અને શઅબાન મહિનામાં બરકત અતા કર, તથા અમોને (આ બરકતોની સાથે) માહે રમઝાન નસીબ કર, અને માહે રમઝાનના રોઝા રાખવામાં, રાત્રીમાં જાગીને ઈબાદત કરવામાં, જીભ પર અંકુશ રાખવામાં તેમજ આંખોને (ગુનાહો પર) બંધ રાખવામાં અમારી મદદ

કર; અને માહે રમઝાનમાં (રોઝા રાખીને) અમારા નસીબમાં ફક્ત ભૂખ અને તરસ ન રાખજે

## નમાઝે મગરીબ પછી પઢવાની નમાઝ

(આ નમાઝનો ઝીક્ર દરરોજ પઢવાની નમાઝમાં થઇ ચુક્યો છે) રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની પહેલી રાત્રે નમાઝે મગરીબ પછી બે-બે રકઆત કરીને વીસ રકઆત નમાઝ અદા કરશે કે જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સૂરએ તવ્હીદ પઢે, તો **તે નમાઝ પઢનાર તથા તેના ખાનદાનવાળા, તેનો માલ, તેની અવ્લાદ સલામત રહેશે અને તેને કબ્રના અઝાબથી પનાહ મળશે અને પુલે સિરાત ઉપરથી હિસાબ વગર વિજળીની ઝડપે પસાર થશે.**

## નમાઝે ઈશા પછી પઢવાની દુઆ

ઈમામ મોહમ્મદ તકી (અ.) થી રિવાયત છે કે નીચેની દુઆને પહેલી રજબની રાત્રે નમાઝે ઈશા પછી પઢવી મુસ્તહબ છે અને ત્યારબાદ પોતાની હાજત માંગે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ إِنِّيْ أَسْأَلُكَ بِأَنَّكَ مَلِكٌ وَ أَنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ مُقْتَدِرٌ ، وَ أَنَّكَ مَا تَشَاءُ مِنْ أَمْرٍ يَكُوْنُ ، اَللّٰهُمَّ إِنِّيْ أَتَوَجَّهُ إِلَيْكَ بِنَبِيِّكَ مُحَمَّدٍ نَبِيِّ الرَّحْمَةِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ آلِهِ يَا مُحَمَّدُ يَا رَسُوْلَ اللّٰهِ ، إِنِّيْ أَتَوَجَّهُ بِكَ إِلَى اللّٰهِ رَبِّكَ وَ رَبِّيْ لِيُنْجِحَ بِكَ

طَلِبَتِي ، اَللّٰهُمَّ بِنَبِيِّكَ مُحَمَّدٍ وَ الْأَئِمَّةِ مِنْ أَهْلِ بَيْتِه صَلَّى اللهُ عَلَيْهِ وَ عَلَيْهِمْ أَنْجِحْ طَلِبَتِي

અય અલ્લાહ! હું તારાથી સવાલ કરું છુ કારણ કે બેશક તું દરેક વસ્તુઓનો માલિક છો અને તું જ દરેક કાર્ય માટે કુદરત ધરાવે છે, અને બેશક તું જે ચાહે છે તે થઈ જાય છે; અય અલ્લ્લાહ! હું તારી તરફ તવજ્જોહ કરું છું તારા રહમતના નબી હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ના વાસ્તાથી – અલ્લાહની સલવાત થાય તેઓ ઉપર અને તેઓની આલ પર – અય મોહમ્મદ! અય અલ્લાહ ના રસુલ,

અલ્લાહની તવજ્જોહ માટે તમારી તરફ આવ્યો છુ, જે તમારો અને મારો રબ છે જેથી અલ્લાહ મારી હાજત ને તમારા વાસ્તાથી પૂરી ફરમાવે. અય અલ્લાહ ! તારા નબી (સ) તેમજ તેમના એહલેબયત માંથી ઈમામો (અ.મુ) ના વસ્તાથી સવાલ કરું છે કે મારી હાજતો ને પૂરી કર (અલ્લાહ રેહમત નાઝિલ કરે હ. મુહમ્મદ અને તેમની આલ ઉપર)

## નમાઝે ઈશા પછી બે રકાત નમાઝ

નમાઝે ઈશા પછી નીચે મુજબ બે રકઆત નમાઝ પઢે તો **અલ્લાહ તઆલા તેના ગુનાહોને એવી રીતે માફ કરી આપશે જેવી રીતે તેના જન્મ સમયે ગુનાહોથી પાક હોય છે.** પહેલી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ત્રણ વખત સૂરએ તવ્હીદ પઢે અને બીજી રકઆતમાં સૂરએ

અલ્હમ્દ પછી સૂરએ અલમ્નશરહ, સૂરએ તવ્હીદ, સૂરએ ફલક, સૂરએ નાસ પઢે અને જયારે નમાઝ પૂરી કરે તો ત્રીસ વખત "લા ઈલાહ ઈલ્લલ્લાહ" કહે અને પછી ત્રીસ વખત સલવાત પઢે.

## ગુસ્લ કરવું

રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબને પામે અને તેની પહેલી રાતે, પંદરમી રાતે અને છેલ્લી રાતે ગુસ્લ કરશે તો ગુનાહોથી એવી રીતે પાક થશે જાણે કે માતાના પેટમાંથી તેનો જન્મ થયો હોય.

## ઝિયારતે ઈમામ હુસૈન (અ.)

ઈમામ સાદિક (અ.) થી રિવાયત છે કે જે કોઈ પહેલી તારીખે ઈમામ હુસૈન (અ.) ની ઝિયારત કરે તો અલ્લાહ તઆલા ચોક્કસ તેને માફ કરી દેશે. **માહે રજબની પહેલી રાતની ઈમામ હુસૈન (અ.સ.) ની મખ્સૂસ ઝિયારત :**

بِسۡمِ اللهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، اَلسَّلَامُ عَلَيۡكَ يَا ابۡنَ رَسُوۡلِ اللهِ ، السَّلَامُ عَلَيۡكَ يَا ابۡنَ خَاتَمِ النَّبِيِّيۡنَ ، اَلسَّلَامُ عَلَيۡكَ يَا ابۡنَ سَيِّدِ الۡوَصِيِّيۡنَ، اَلسَّلَامُ عَلَيۡكَ يَا أَبَا عَبۡدِ اللهِ، اَلسَّلَامُ عَلَيۡكَ يَا حُسَيۡنَ بۡنَ عَلِيٍّ، اَلسَّلَامُ عَلَيۡكَ يَا ابۡنَ فَاطِمَةَ سَيِّدَةِ نِسَاءِ الۡعَالَمِيۡنَ، اَلسَّلَامُ عَلَيۡكَ يَا وَلِيَّ اللهِ وَ ابۡنَ وَلِيِّه، اَلسَّلَامُ عَلَيۡكَ يَا صَفِيَّ اللهِ وَ ابۡنَ صَفِيِّه، اَلسَّلَامُ عَلَيۡكَ يَا حُجَّةَ اللهِ وَ

ابْنَ حُجَّتِه، اَلسَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللهِ وَ ابْنَ حَبِيْبِه، اَلسَّلَامُ عَلَيْكَ يَا سَفِيْرَ اللهِ وَ ابْنَ سَفِيْرِه

સલામ થાય તમારી પર અય રસુલુલ્લાહ ના ફરઝંદ, સલામ થાય તમારી પર અય છેલ્લા નબીના ફરઝંદ, સલામ થાય તમારી પર અય વસીઓના સરદારના ફરઝંદ, સલામ થાય તમારી પર અય અબા અબ્દીલ્લાહ, સલામ થાય તમારી પર અય હઝરત અલી (અ) ના ફરઝંદ હુસૈન (અ), સલામ થાય તમારી પર અય દરેક દુનિયાઓની સ્ત્રીઓની સરદાર બીબી ફાતિમા (સ) ના

ફરઝંદ, સલામ થાય તમારી પર અય અલ્લાહના વલી અને અલ્લાહના વલીના ફરઝંદ, સલામ થાય તમારી ઉપર અય અલ્લાહના ચૂંટેલા તેમજ અલ્લાહના ચૂંટેલાના ફરઝંદ, સલામ થાય તમારી પર અય અલ્લાહની હુજ્જત અને અલ્લાહની હુજ્જત ના ફરઝંદ, સલામ થાય તમારી પર અય અલ્લાહના હબીબ અને અલ્લાહના હબીબ ના ફરઝંદ, સલામ થાય તમારી પર અય અલ્લાહના એલચી (સફીર) અને અલ્લાહના એલચીના ફરઝંદ

اَلسَّلَامُ عَلَيْكَ يَا خَازِنَ الْكِتَابِ الْمَسْطُوْرِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ

التَّوْرَاةِ وَ الْإِنْجِيْلِ وَ الزَّبُوْرِ، اَلسَّلَامُ
عَلَيْكَ يَا أَمِيْنَ الرَّحْمٰنِ، اَلسَّلَامُ
عَلَيْكَ يَا شَرِيْكَ الْقُرْآنِ، اَلسَّلَامُ
عَلَيْكَ يَا عَمُوْدَ الدِّيْنِ، اَلسَّلَامُ
عَلَيْكَ يَا بَابَ حِكْمَةِ رَبِّ الْعَالَمِيْنَ،
اَلسَّلَامُ عَلَيْكَ يَا عَيْبَةَ عِلْمِ اللهِ،
اَلسَّلَامُ عَلَيْكَ يَا مَوْضِعَ سِرِّ اللهِ،
اَلسَّلَامُ عَلَيْكَ يَا ثَارَ اللهِ وَ ابْنَ ثَارِهٖ وَ
الْوِتْرَ الْمَوْتُوْرَ، اَلسَّلَامُ عَلَيْكَ وَ عَلَى
الْأَرْوَاحِ الَّتِيْ حَلَّتْ بِفِنَائِكَ وَ أَنَاخَتْ
بِرَحْلِكَ

સલામ થાય તમારી પર અય છુપી કિતાબના ખઝાનેદાર, સલામ થાય તમારી પર અય તૌરાત, ઈન્જીલ તથા ઝબુરના વારીસ, સલામ થાય તમારી પર અય રહમાનના અમાનતદાર, સલામ થાય તમારી પર અય શરીકે કુરઆન, સલામ થાય તમારી પર અય દીનના સ્તંભ, સલામ થાય તમારી પર અય આલમીનના રબની હિકમતના દરવાજા, સલામ થાય તમારી પર અય હિત્તાના દરવાજા કે જે કોઈ પણ તેમાંથી દાખલ થઈ ગયો તે દરેક બલાથી સુરક્ષિત થઈ ગયો, સલામ થાય તમારી પર અય અલ્લાહના ઈલ્મના ખજાનાની

તિજોરી, સલામ થાય તમારી પર અય અલ્લાહના ભેદના રેહથાણ, સલામ થાય તમારી પર અય અલ્લાહના લોહી તેમજ અલ્લાહના લોહીના ફરઝંદ, અને જેને એકલો કરી દેવામાં આવ્યો, સલામ થાય તમારી પર અને એ રૂહો પર જે તમારી બારગાહમાં ઉતરી, અને ત્યાં જ પોતાનું રેહ્ઠાણ બનાવ્યું.

بِأَبِي أَنْتَ وَ أُمِّي وَ نَفْسِي يَا أَبَا عَبْدِ اللهِ ، لَقَدْ عَظُمَتِ الْمُصِيْبَةُ وَ جَلَّتِ الرَّزِيَّةُ بِكَ عَلَيْنَا وَ عَلٰى جَمِيْعِ أَهْلِ الْإِسْلَامِ ، فَلَعَنَ اللهُ أُمَّةً أَسَّسَتْ أَسَاسَ الظُّلْمِ وَ الْجَوْرِ عَلَيْكُمْ أَهْلَ الْبَيْتِ وَ لَعَنَ اللهُ

أُمَّةً دَفَعَتْكُمْ عَنْ مَقَامِكُمْ وَ أَزَالَتْكُمْ عَنْ مَرَاتِبِكُمُ الَّتِي رَتَّبَكُمُ اللهُ فِيهَا

મારા મા-બાપ અને મારી જાન આપ પર કુરબાન થાય અય અબ અબ્દીલ્લાહ ! બેશક તમારા ગમગીન થવાથી અને તમારી ઉપર મુસીબતો પડવાથી અમારા પર અને તમામ મુસલમાનો પર, તમામ માટે આ ખુબ જ મોટી મુસીબતો છે જેને સહન અને સબ્ર કરવી અમારા માટે ખુબજ અઘરી છે, તો અલ્લાહની લઅનત થાય જેણે તમો અહલેબય્ત (અ.મુ.) પર ઝુલ્મો-સિતમ કર્યા અને ઝુલ્મો-સિતમના પાયાઓ નાખ્યા,

અને અલ્લાહની લઅનત થાય તેઓ ઉપર જેને આપ (અ.મુ) ને અલ્લાહે આપેલા રુતબા અને મકામથી હટાવી દીધા.

بِأَبِيْ أَنْتَ وَ أُمِّيْ وَ نَفْسِيْ يَا أَبَا عَبْدِ اللهِ ، أَشْهَدُ لَقَدِ اقْشَعَرَّتْ لِدِمَائِكُمْ أَظِلَّةُ الْعَرْشِ مَعَ أَظِلَّةِ الْخَلَائِقِ وَ بَكَتْكُمُ السَّمَاءُ وَ الْأَرْضُ وَ سُكَّانُ الْجِنَانِ وَ الْبَرِّ وَ الْبَحْرِ صَلَّى اللهُ عَلَيْكَ عَدَدَ مَا فِيْ عِلْمِ اللهِ ، لَبَّيْكَ دَاعِيَ اللهِ إِنْ كَانَ لَمْ يُجِبْكَ بَدَنِيْ عِنْدَ اسْتِغَاثَتِكَ وَ لِسَانِيْ عِنْدَ اسْتِنْصَارِكَ فَقَدْ أَجَابَكَ

قَلْبِيْ وَ سَمْعِيْ وَ بَصَرِيْ ، سُبْحَانَ رَبِّنَا إِنْ كَانَ وَعْدُ رَبِّنَا لَمَفْعُوْلًا ،

મારા મા-બાપ અને મારી જાન આપ પર કુરબાન થાય અય અબ અબ્દીલ્લાહ ! હું ગવાહી આપું છું કે તમારા ખૂનના કારણે અર્શની છત, ખિલ્કતના સ્તંભ સાથે ધ્રુજી ઉઠી; અને આકાશ, ઝમીન તેમજ જન્નતના રેહવાસીઓ, તથા દરીયા અને જમીન તમારી પર રડ્યા; અલ્લાહના ઈલ્મમાં રહેલી સંખ્યા પ્રમાણે અલ્લાહની રેહમત થાય તમારી પર. લબ્બયક અય અલ્લાહ તરફ બોલાવીને લઈ જનાર, અગર અમારા શરીરે તમારી ઈસ્તેગાસાના

સમયે તેમજ અમારી ઝબાને મદદની યાચના ના સમયે જવાબ ન આપ્યો તો પણ ચોક્કસ અમારા હ્રદયે, કાને તથા આંખે જવાબ આપ્યો; પાક છે અમારો પરવરદિગાર અને ચોક્કસ અમારા રબનો વાયદો જરૂર પુરો થાવાનો છે જ.

أَشْهَدُ أَنَّكَ طُهْرٌ طَاهِرٌ مُطَهَّرٌ مِنْ طُهْرٍ طَاهِرٍ مُطَهَّرٍ طَهُرْتَ وَ طَهُرَتْ بِكَ الْبِلَادُ وَ طَهُرَتْ أَرْضٌ أَنْتَ بِهَا وَ طَهُرَ حَرَمُكَ ، أَشْهَدُ أَنَّكَ أَمَرْتَ بِالْقِسْطِ وَ الْعَدْلِ وَ دَعَوْتَ إِلَيْهِمَا وَ أَنَّكَ صَادِقٌ صِدِّيقٌ صَدَقْتَ فِيمَا

دَعَوْتَ إِلَيْهِ وَ أَنَّكَ ثَارُ اللهِ فِي الْأَرْضِ وَ أَشْهَدُ أَنَّكَ قَدْ بَلَّغْتَ عَنِ اللهِ وَ عَنْ جَدِّكَ رَسُوْلِ اللهِ وَ عَنْ أَبِيْكَ أَمِيْرِ الْمُؤْمِنِيْنَ وَ عَنْ أَخِيْكَ الْحَسَنِ وَ نَصَحْتَ وَ جَاهَدْتَ فِيْ سَبِيْلِ اللهِ وَ عَبَدْتَه مُخْلِصًا حَتّٰى أَتَاكَ الْيَقِيْنُ ،

હું ગવાહી આપુ છું કે તમે પાક છો, પાક કરનારા છો, પાકીઝા છો, એમનાથી છો જેઓ પાક, પાક કરનારા અને પાકીઝા છે; તમે પાકીઝા છો અને તમારા થકી શહેરો પાક થયા અને તમારા થકી એ જમીન પાક થઈ જેમાં તમો વસો

છો અને તમારું હરમ પાક થયુ. હું ગવાહી આપું છુ કે તમે ન્યાય અને અદલની આજ્ઞા આપી, અને તેનું આમંત્રણ આપ્યું અને બેશક તમે સાચા છો તથા સત્યવાદી છો, તમે જે તરફ આમંત્રણ આપ્યું તે સાચુ જ હતું, અને તમે આ ઝમીન પર અલ્લાહનું લોહી છો; હું ગવાહી આપું છું કે બેશક તમે તમારી ફરજો ને સંપૂર્ણ રીતે પૂરી કરી જે અલ્લાહ તરફથી, તમારા જદ રસુલુલ્લાહ (સ) તરફથી અને તમારા પિતા અમીરલ મોમેનીન (અ) તરફથી અને તમારા ભાઈ હસન (અ) તરફથી હતી. અને તમે નસીહત કરી અને અલ્લાહની રાહમાં લડત કરી અને અલ્લાહની

શુધ્ધ બંદગી કરી ત્યાં સુધી કે મુત્યુ આવી પહોંચ્યું;

فَجَزَاكَ اللهُ خَيْرَ جَزَاءِ السَّابِقِيْنَ وَ صَلَّى اللهُ عَلَيْكَ وَ سَلَّمَ تَسْلِيْمًا ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ صَلِّ عَلَى الْحُسَيْنِ الْمَظْلُوْمِ الشَّهِيْدِ الرَّشِيْدِ قَتِيْلِ الْعَبَرَاتِ وَ أَسِيْرِ الْكُرُبَاتِ صَلاَةً نَامِيَةً زَاكِيَةً مُبَارَكَةً يَصْعَدُ أَوَّلُهَا وَ لَا يَنْفَدُ آخِرُهَا، أَفْضَلَ مَا صَلَّيْتَ عَلٰى أَحَدٍ مِنْ أَوْلَادِ أَنْبِيَائِكَ الْمُرْسَلِيْنَ يَا إِلٰهَ الْعَالَمِيْنَ

તો અલ્લાહ તમને તેનો સર્વશ્રેષ્ઠ

અજર આપે, અલ્લાહની રહમત અને સલામતી થાય તમારી પર; અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ) અને આલે મોહમ્મદ (અ.મુ) પર રહમત નાઝિલ કર, અને રહમત ઉતાર ઈમામ હુસૈન (અ) પર, જે મઝલુમ, શહીદ, રશીદ, કતીલે અબરાત, ગમ અને રંજોના બંદી; એવી સલવાત અને રહમત નાઝિલ કર, જે વધારો કરવાવાળી હોય, મુબારક હોય, જે સલવાતની શરૂઆત શ્રેષ્ઠ હોય અને જેનો અંત ફના થવાવાળો ન હોય, તેનાથી પણ અફઝલ એવી સલવાત મોકલ જેવી તે નબીઓ અને રસૂલો ની અવ્લાદ પર ઉતારી હોય, અય આલમીનના

## મઅબૂદ...!

હઝરત અલી અકબર (અ.સ.) ની ઝિયારત :

اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا الصِّدِّيْقُ الطَّيِّبُ الزَّكِيُّ الْحَبِيْبُ الْمُقَرَّبُ وَ ابْنَ رَيْحَانَةِ رَسُوْلِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ مِنْ شَهِيْدٍ مُحْتَسِبٍ وَ رَحْمَةُ اللّٰهِ وَ بَرَكَاتُه ، مَا أَكْرَمَ مَقَامَكَ وَ أَشْرَفَ مُنْقَلَبَكَ ، أَشْهَدُ لَقَدْ شَكَرَ اللّٰهُ سَعْيَكَ وَ أَجْزَلَ ثَوَابَكَ وَ أَلْحَقَكَ بِالذِّرْوَةِ الْعَالِيَةِ حَيْثُ الشَّرَفُ كُلُّ الشَّرَفِ كَمَا مَنَّ عَلَيْكَ مِنْ قَبْلُ وَ جَعَلَكَ مِنْ أَهْلِ

الْبَيْتِ الَّذِيْنَ أَذْهَبَ اللّٰهُ عَنْهُمُ الرِّجْسَ وَطَهَّرَهُمْ تَطْهِيْرًا

સલામ થાય તમારી પર અય સિદ્દીક અને પાકો-પાકીઝા, મહબૂબ અને મુકર્રબ, અને રસુલ (સ) ની ફુલ (જેવી દુખ્તર) ના ફરઝંદ, સલામ થાય તમારી પર કે તમે શહીદ છો અને રાહેખુદા માં અમલ કરવાવાળા છો, અને અલ્લાહની રેહમતો તથા બરકતો તમારી પર નાઝિલ થાય; કેવુ મનવંત છે તમારું મકામ ! અને સૌથી શરીફ છે તમારૂ પાછું ફરવું ! હું ગવાહી આપું છું કે અલ્લાહે તમારા પ્રયાસોનો અભાર માન્યો અને બેહતરીન અજર આપ્યો, ઉચ્ચ

મર્તબા પર ફાઈઝ કર્યા, એવા મર્તબા પર જે તમામ ઈઝ્ઝતદારો માંથી અઝીઝ છે, અને બુલંદ મકામોની અતા થકી એહસાન કાર્યો જેવી રીતે પેહલા પણ તમારી પર એહસાન કર્યો હતો, અને તમને એવા એહલેબેત અતા કર્યા કે અલ્લાહે આલુદગી અને નજાસતોને તેઓથી દૂર રાખી છે અને સંપૂર્ણ પાક રાખ્યા છે

صَلَوَاتُ اللهِ عَلَيْكَ وَ رَحْمَةُ اللهِ وَ بَرَكَاتُه وَ رِضْوَانُه فَاشْفَعْ أَيُّهَا السَّيِّدُ الطَّاهِرُ إِلىٰ رَبِّكَ فِي حَطِّ الْأَثْقَالِ عَنْ ظَهْرِيْ وَ تَخْفِيْفِهَا عَنِّيْ وَ ارْحَمْ ذُلِّيْ وَ خُضُوْعِيْ لَكَ وَ لِلسَّيِّدِ أَبِيْكَ صَلَّى اللهُ

عَلَيْكُمَا ، زَادَ اللهُ فِيْ شَرَفِكُمْ فِي الْآخِرَةِ كَمَا شَرَّفَكُمْ فِي الدُّنْيَا وَ أَسْعَدَكُمْ كَمَا أَسْعَدَ بِكُمْ وَ أَشْهَدُ أَنَّكُمْ أَعْلَامُ الدِّيْنِ وَ نُجُوْمُ الْعَالَمِيْنَ وَ السَّلَامُ عَلَيْكُمْ وَ رَحْمَةُ اللهِ وَ بَرَكَاتُه

સલવાત, રહમતો, બરકતો અને અલ્લાહની ખુશનુદી તમારી પર થાય, અય પાક સય્યદ અને સરદાર ! મારા અમલનામાં ને ગુનાહોથી સાફ કરવા માટે, મારી પીઠને ગુનાહોના બોજથી હળવી કરવા માટે, અને તે (ગુનાહો) માં ઘટાડો કરવામાં તમે

અલ્લાહ પાસે મારા શફીઅ બની જાવ; રહેમ કરો મારી ઝિલ્લત અને વિનમ્રતા પર જે તમારી માટે તથા તમારા પિતા અને સરદાર માટે છે, અને અલ્લાહની સલવાત થાય તમારા બંને પર. અલ્લાહે જેવી રીતે દુનિયામાં તમોને સંપૂર્ણ શરાફત અતા કરી છે તેવી રીતે અલ્લાહ આખેરતમાં પણ તમારી શરાફતમાં વધારો અતા કરે, આખેરતમાં પણ તમને સઆદત આપે જેવી રીતે તમારા થકી (બીજાઓને) સઆદત આપી, અને હું ગવાહી આપું છું કે તમે દીનના પરચમો અને આલમીન માટે સિતારાઓ છો; અને તમારી પર અલ્લાહની સલામ અને રહમત અને

બરકતો થાય.

શોહદાએ કરબલા (અ.મુ.) ની ઝિયારત :

اَلسَّلَامُ عَلَيْكُمْ يَا أَنْصَارَ اللّٰهِ وَ أَنْصَارَ رَسُوْلِه وَ أَنْصَارَ عَلِيِّ بْنِ أَبِيْ طَالِبٍ وَ أَنْصَارَ فَاطِمَةَ وَ أَنْصَارَ الْحَسَنِ وَ الْحُسَيْنِ وَ أَنْصَارَ الْإِسْلَامِ، أَشْهَدُ لَقَدْ نَصَحْتُمْ لِلّٰهِ وَ جَاهَدْتُمْ فِيْ سَبِيْلِه فَجَزَاكُمُ اللّٰهُ عَنِ الْإِسْلَامِ وَ أَهْلِه أَفْضَلَ الْجَزَاءِ ، فُزْتُمْ وَ اللّٰهِ فَوْزًا عَظِيْمًا ، يَا لَيْتَنِيْ كُنْتُ مَعَكُمْ فَأَفُوْزَ فَوْزًا عَظِيْمًا ، أَشْهَدُ أَنَّكُمْ أَحْيَاءٌ

عِنْدَ رَبِّكُمْ تُرْزَقُوْنَ ، أَشْهَدُ أَنَّكُمُ الشُّهَدَاءُ وَ السُّعَدَاءُ وَ أَنَّكُمُ الْفَائِزُوْنَ فِيْ دَرَجَاتِ الْعُلٰى وَ السَّلَامُ عَلَيْكُمْ وَ رَحْمَةُ اللّٰهِ وَ بَرَكَاتُه

## શબ-બેદારી

ઈમામ સાદિક (અ.) થી રિવાયત છે કે પહેલી રજબની રાત તે રાત્રીઓ માંથી છે કે જેમાં રસૂલે ખુદા (સ.અ.વ.) શબ-બેદારી કરતા હતા એટલે કે આખી રાત ઈબાદતમાં પસાર કરતા હતા.

## નમાઝે શબ પછી પઢવાની દુઆ

રિવાયતમાં છે કે ઈમામ મુસા કાઝિમ (અ.) **નમાઝે શબની આંઠ રકઆત પછી સજદામાં** આ દુઆ પઢતા હતા :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، لَكَ

الْمَحْمَدَةُ إِنْ أَطَعْتُكَ وَ لَكَ الْحُجَّةُ إِنْ عَصَيْتُكَ ، لَا صُنْعَ لِيْ وَ لَا لِغَيْرِيْ فِيْ إِحْسَانٍ إِلَّا بِكَ ، يَا كَائِنُ قَبْلَ كُلِّ شَيْءٍ وَ يَا مُكَوِّنَ كُلِّ شَيْءٍ ، إِنَّكَ عَلىٰ كُلِّ شَيْءٍ قَدِيْرٌ ، اَللّٰهُمَّ إِنِّيْ أَعُوْذُ بِكَ مِنَ الْعَدِيْلَةِ عِنْدَ الْمَوْتِ وَ مِنْ شَرِّ الْمَرْجِعِ فِي الْقُبُوْرِ وَ مِنَ النَّدَامَةِ يَوْمَ الْآزِفَةِ

અગર મેં તારી ઈતાઅત કરી છે તો પણ વખાણ અને શુક્ર તો ફક્ત તારા જ માટે છે અને અગર મેં તારી નાફરમાની કરી છે તો (મારી

ખિલાફ) તારી પાસે હુજ્જત તથા દલીલ છે; તારી ઈનાયત અને રજા વગર મારાથી અને બીજા કોઈથી, કોઈ પણ પ્રકારની નેકી ન થઈ શકે. એ દરેક વસ્તુની પહેલા પણ જેનું અસ્તિત્વ હતું, એ દરેકને અસ્તિત્વ આપનાર, તું દરેક કાર્ય માટે સંપૂર્ણ કુદરત ધરાવો છો, તો અય અલ્લાહ ! મૌતના સમયે ઈમાન ન ગુમાવવાથી, ભટકી જવાથી, અને જ્યારે કબ્રોમાંથી ઉઠાડવામાં આવે તે સમયના ભયાનક ખતરાથી અને કયામતના દિવસના પસ્તાવાથી હું તારી પાસે પનાહ માંગુ છું

فَأَسْأَلُكَ أَنْ تُصَلِّيَ عَلَى مُحَمَّدٍ وَ آلِ

مُحَمَّدٍ وَ أَنْ تَجْعَلَ عَيْشِي عِيْشَةً نَقِيَّةً
وَ مِيْتَتِي مِيْتَةً سَوِيَّةً وَ مُنْقَلَبِي مُنْقَلَبًا
كَرِيْمًا غَيْرَ مُخْزٍ وَ لَا فَاضِحٍ ، اَللّٰهُمَّ
صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِهِ الْأَئِمَّةِ يَنَابِيْعِ
الْحِكْمَةِ وَ أُوْلِي النِّعْمَةِ وَ مَعَادِنِ
الْعِصْمَةِ وَ اعْصِمْنِي بِهِمْ مِنْ كُلِّ سُوْءٍ
وَ لَا تَأْخُذْنِي عَلٰى غِرَّةٍ وَ لَا عَلٰى غَفْلَةٍ وَ
لَا تَجْعَلْ عَوَاقِبَ أَعْمَالِي حَسْرَةً وَ
ارْضَ عَنِّي فَإِنَّ مَغْفِرَتَكَ لِلظَّالِمِيْنَ وَ
أَنَا مِنَ الظَّالِمِيْنَ

અને હું તારી પાસે સવાલ કરું છું કે

હઝરત મુહમ્મદ (સ) અને આલે મોહમ્મદ (અ.મુ) પર રહમત નાઝીલ કર, અને મારા જીવનને પાક જીવન બનાવો અને મારા મૃત્યુને ન્યાયપ્રિય મૃત્યુ બનાવજે અને હું ઈઝ્ઝત સાથે (તારી તરફ) પાછો ફરું જેમા અપમાન અને રુસ્વાઇ ન હોય. અય અલ્લાહ ! મોહમ્મદ (સ.અ.વ) અને આલે મોહમ્મદ (અ.મુ) પર રહમત નાઝીલ કર, જેઓ એવા ઈમામો છે કે જેઓ હીકમતના ઝરણાઓ અને નેઅમતના માલિકો અને મઅસૂમિય્યત ની ખાણ છે અને મને તેઓના વસીલાથી દરેક બુરાઈથી રોક; અને મારા ઘમંડને તથા મારી ગફલતને માફ કરી આપજે અને

મારા આમાલનો અંત હસરત અને રંજ ન હોય, અને મારાથી રાજી થઈ જા કારણ કે બેશક તારી માફી ઝાલીમો માટે છે અને હું ઝાલીમોં માંથી છું (હું મારા નફસ ઉપર ઝુલ્મ કરવાવાળો ગુનેહગાર છું, તો મને માફ કરે આપ)

اَللّٰهُمَّ اغْفِرْ لِيْ مَا لَا يَضُرُّكَ وَ أَعْطِنِيْ مَا لَا يَنْقُصُكَ فَإِنَّكَ الْوَسِيْعُ رَحْمَتُهُ الْبَدِيْعُ حِكْمَتُه وَ أَعْطِنِي السَّعَةَ وَ الدَّعَةَ وَ الْأَمْنَ وَ الصِّحَّةَ وَ الْبُخُوْعَ وَ الْقُنُوْعَ وَ الشُّكْرَ وَ الْمُعَافَاةَ وَ التَّقْوٰى وَ الصَّبْرَ وَ الصِّدْقَ عَلَيْكَ وَ عَلٰى

أَوْلِيَائِكَ وَ الْيُسْرَ وَ الشُّكْرَ وَ اعْمُمْ بِذٰلِكَ يَا رَبِّ أَهْلِيْ وَ وَلَدِيْ وَ إِخْوَانِيْ فِيْكَ وَ مَنْ أَحْبَبْتُ وَ أَحَبَّنِيْ وَ وَلَدْتُ وَ وَلَدَنِيْ مِنَ الْمُسْلِمِيْنَ وَ الْمُؤْمِنِيْنَ يَا رَبَّ الْعَالَمِيْنَ

અય અલ્લાહ ! મને માફ કર, માફ કરવામાં તને કશું જ નુકશાન નથી અને મને એ (બધું જ) અતા કર કે જે (અતા કરવાથી) તારા (ખજાનામાં) કશું જ ઘટી નથી જવાનું કારણ કે બેશક તારી રહમત વિશાળ છે, અને તારી હિકમતોમાં નવીનતા હોય છે (જેનાથી લોકો અજાણ હોય છે); મને અતા કર

વિશાળતા, રાહત, રક્ષણ, તંદુરસ્તી, વધારો, સંતોષ, શુક્ર-ગુઝારી, સંપૂર્ણ સલામતી, તકવા, સબ્ર, તારી ઉપર અને તારા અવલીયા ઉપર સાચ્ચું ઈમાન, આસાની, શુક્ર અને આ બધું જ એ મારા પાલનહાર ! મને અને મારા ઘરવાળાઓને, અવલાદને, દીની ભાઈઓને, અને જેને પણ હું ચાહું છું અને જે જે કોઈ મને ચાહે છે, અને જે મારા બચ્ચાઓ છે અને જેનો હું ફરઝંદ છું અને જે મુસલમાનો માંથી હોય અને મોઅમિનો માંથી હોય તેઓ દરેક માટે આ બધી માંગેલી બાબતો અતા કરી આપ, અય દુનિયાઓના

## પાલનહાર!

નમાઝે શબની છેલ્લી ત્રણ રકઆત પછી બેઠા બેઠા આ દુઆ પઢે :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَا تَنْفَدُ خَزَائِنُه وَ لَا يَخَافُ آمِنُه ، رَبِّ إِنِ ارْتَكَبْتُ الْمَعَاصِيَ فَذٰلِكَ ثِقَةٌ مِنِّيْ بِكَرَمِكَ ، إِنَّكَ تَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِكَ وَ تَعْفُوْ عَنْ سَيِّئَاتِهِمْ وَ تَغْفِرُ الزَّلَلَ وَ إِنَّكَ مُجِيْبٌ لِدَاعِيْكَ وَ مِنْهُ قَرِيْبٌ وَ أَنَا تَائِبٌ إِلَيْكَ مِنَ الْخَطَايَا وَ رَاغِبٌ إِلَيْكَ فِيْ تَوْفِيْرِ حَظِّيْ مِنَ الْعَطَايَا ، يَا خَالِقَ

الْبَرَايَا ، يَا مُنْقِذِيْ مِنْ كُلِّ شَدِيْدَةٍ ، يَا مُجِيْرِيْ مِنْ كُلِّ مَحْذُوْرٍ ، وَفِّرْ عَلَيَّ السُّرُوْرَ وَ اكْفِنِيْ شَرَّ عَوَاقِبِ الْأُمُوْرِ فَأَنْتَ اللهُ عَلٰى نَعْمَائِكَ وَ جَزِيْلِ عَطَائِكَ مَشْكُوْرٌ وَلِكُلِّ خَيْرٍ مَذْخُوْرٌ.

બધા જ વખાણ એ અલ્લાહના કે જેના ખજાનામાં ઘટાડો નથી થતો અને તે જેને રક્ષણ આપે છે તેના માટે કોઈ જ પ્રકારનો ડર નથી રેહતો; એ મારા રબ ! અગર મે તારી નાફરમાની કરી છે તેનું કારણ છે તારા લુત્ફો-કરમ ઉપર મારો ભરોસો !! બેશક તું જ બંદાઓની તૌબાને કબૂલ કરે છો અને તેની બુરાઈઓને

દરગુજર કરે છો અને તેની ભૂલોને માફ કરે છો; બેશક તું પુકારવા વાળાને જવાબ આપે છો અને તું તેની કરીબ છો. હું મારી ભૂલોથી તારી તરફ તોબા કરુ છું અને તારી અતાઓ માં મારા હિસ્સાને વધારો કરવા ફક્ત તારી તરફ ઉમ્મીદ અને રગબત ધરાવું છું; અય દરેક મખ્લૂકના સર્જનહાર ! અય મને દરેક મુશ્કેલીથી નજાત આપનાર ! અય દરેક ભય સામે મારી પનાહગાહ! મારી ખુશીમાં વધારો કર અને મારા કાર્યોનું બુરૂ અંત ન આવે તે હેતુથી મારા માટે કાફી થઈ જા. તું જ એ અલ્લાહ છો કે જેની નેઅમતો માટે અને અતાઓ માટે આભાર

અને શુક્ર માનવામાં આવે છે અને દરેક સારી બાબતોનો સ્ત્રોત તું છો

## પેહલી તારીખના દિવસના આમાલ

પહેલી તારીખે દિવસના અમુક આમાલ છે જે નિચે મુજબ છે :

## રોઝો રાખવો

રિવાયતમાં છે કે પહેલી તારીખે હઝરત નૂહ (અ.) કશ્તીમાં સવાર થયા જેઓ પણ તેમની સાથે હતા બધાને હુકમ આપ્યો કે રોઝો રાખવામાં આવે. **જે કોઈ આ દિવસે રોઝો રાખે તો જહન્નમની આગ તેનાથી એક વર્ષ દૂર થઇ જાય છે.**

## ગુસ્લ કરવું

આ દિવસે ગુસ્લ કરવું જોઈએ

## ઝિયારતે ઈમામ હુસૈન (અ.)

ઈમામ સાદિક (અ.) થી રિવાયત છે કે જે કોઈ પેહલી રજબના દિવસે ઈમામ હુસૈન (અ.) ની ઝિયારત કરશે તો ચોક્કસ અલ્લાહ

તઆલા તેને માફ કરી દેશે. આ એજ ઝિયારત છે જેનો ઝિક્ર પેજ નંબર ૫૮ પહેલી રજબની રાતના આમાલમાં થઈ ચુક્યો છે

## નમાઝે જ. સલમાન ફારસી (ર.અ.) - દસ રકઆત

બે-બે રકઆત કરીને દસ રકઆત નમાઝ પઢે કે જેની દરેક રકઆતમાં સૂરએ અલહમ્દ પછી ત્રણ વખત સૂરએ તવ્હીદ, ત્રણ વખત સૂરએ કાફેરૂન પઢે અને દરેક બે રકાતની સલામ પછી પોતાના હાથોને ઊંચા કરી અને કહે :

لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ، يُحْيِي وَيُمِيْتُ وَهُوَ حَيٌّ لَا يَمُوْتُ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيْرٌ ، اَللّٰهُمَّ لَا مَانِعَ لِمَا

أَعْطَيْتَ وَ لَا مُعْطِيَ لِمَا مَنَعْتَ وَ لَا يَنْفَعُ ذَا الْجَدِّ مِنْكَ الْجَدُّ

અને પછી પોતાના હાથોને પોતાના ચેહરા ઉપર ફેરવે અને પોતાની હાજત માંગે અને આ નમાઝના અઢળક ફાયદાઓથી મેહરૂમ ન રહે.

તરજુમો : અલ્લાહ સિવાય બીજો કોઈ મઅબૂદ (ઈબાદતને લાયક) નથી, તે એકલો જ (કાફી) છે, તેનો કોઈ ભાગીદાર નથી, ફક્ત તે જ દરેક વસ્તુનો માલિક છે અને સમગ્ર વખાણ ફક્ત તેના માટે જ છે, તે જીવન આપે છે અને મૃત્યુ આપે છે અને તે એવો જીવંત છે કે તેને ક્યારેય પણ મૌત નથી, તેના થકી જ બધી ભલાઈ છે અને તે દરેક બાબતે શક્તિવાન અને સંપૂર્ણ કુદરતવાળો

છે. અલ્લાહ જે અતા કરે છે તેને કોઈ રોકી શકતું નથી અને અલ્લાહ જે રોકી રાખે છે તેને કોઈ અતા નથી કરી શકતું.

આ સિવાય આજ પ્રમાણે થોડા ફેરફાર સાથે પંદરમી રાત્રે અને છેલ્લી રાત્રે દસ-દસ રકઆત પઢવાની છે જેની વિગત તે દિવસોના આમાલમાં આવશે; આ બધી મળીને કુલ ત્રીસ રકઆત થાય છે.

## નમાઝે જ. સલમાન ફારસી (ર.અ.) બીજી દસ રકઆત

માહે રજબમાં પેહલી તારીખે પઢવા માટે આ દસ રકઆતનું પણ વર્ણન થયેલ છે કે જેને બે-બે રકઆત કરીને પઢવાની છે; **આ નમાઝની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ત્રણ વખત સૂરએ તવ્હીદ પઢે;** આ નમાઝ પઢનારના ગુનાહોને માફ કરવામાં આવશે, કબ્રની મુશ્કિલોથી બચી જશે તેમજ કયામતના

દિવસે અઝાબથી મહફૂઝ રહેશે, અને અગર તેને ત્રણ મોટી બીમારી હશે તો તેની બીમારી દૂર થઇ જશે.

## તેરમી રાતના આમાલ

તેરમી માહે રજબ ખુબજ મુબારક તારીખ છે, જેમાં અમીરલ મોઅમેનીન હઝરત ઈમામ અલી ઈબ્ને અબીતાલિબ (અ.મ.) ની વિલાદતનો દિવસ છે. આપ (અ) ની વિલાદત આમુલ ફીલ ના ત્રીસમાં વર્ષે તેરમી રજબના ખાન-એ- કઅબામાં થઇ હતી.

**બે રકાત નમાઝ**

મુસ્તહબ છે કે રજબ મહિનામાં, તેમજ શઅબાન અને રમઝાન મહિના એમ ત્રણે મહિનાઓ માં તેરમી રાત્રે બે રકઆત, ચૌદમી રાત્રે ચાર રકઆત અને પંદરમી રાત્રે છ રકઆત નમાઝ પઢે, જે બે-બે રકઆત કરીને પઢવાની છે; જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સૂરએ યાસીન, સૂરએ મુલ્ક અને સૂરએ તવ્હીદ પઢે.

ઈમામ સાદિક (અ.) ફરમાવે છે કે જે કોઈ આ પ્રમાણે નમાઝ પઢશે તો તે આ ત્રણે મહિનાની તમામ ફઝીલત મેળવશે તથા શિર્ક સિવાયના તેના તમામ ગુનાહોને માફ કરી દેવામાં આવશે.

**અમલે ઉમ્મે દાઊદ ની શરૂઆત**

તેરમી તારીખે રોઝો રાખવો કે જેની માટે રિવાયતમાં ઘણો બધો સવાબ મળે છે. અને જે કોઈ અમલે ઉમ્મે દાઊદ અંજામ આપવા માંગતા હોય તે પણ આ દિવસનો રોઝો રાખે તેમજ ચૌદમી તારીખે અને પંદરમી તારીખે પણ રોઝો રાખે.

## ચૌદમી રાતના આમાલ

**ચાર રકાત નમાઝ**

ચૌદમી રજબની  રાતે ચાર રકઆત બે-બે રકઆત કરીને પઢવાની છે; જેની દરેક

રકઆતમાં સૂરએ અલહમ્દ પછી સૂરએ યાસીન, સૂરએ મુલ્ક અને સૂરએ તવ્હીદ પઢે.

**રોઝો રાખવો**

આ દિવસે રોઝો રાખવાનો ઘણોજ સવાબ છે, અને જેઓ અમલે ઉમ્મે દાઊદ કરવા માંગતા હોય તેઓ આ દિવસે પણ રોઝો રાખે.

## પંદરમી રાતના આમાલ

**ગુસ્લ કરવું**

પંદરમી રાત્રે ગુસ્લ કરવું. રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબને પામે અને તેની પહેલી રાતે, પંદરમી રાતે અને છેલ્લી રાતે ગુસ્લ કરશે તો ગુનાહોથી એવી રીતે પાક થશે જાણે કે માતાના પેટમાંથી તેનો જન્મ થયો હોય.

**શબ-બેદારી**

પંદરમી રાતને અલ્લાહની ઈબાદતમાં જાગીને પસાર કરવી.

## ઝિયારતે ઈમામ હુસૈન (અ.સ.)

ઈમામ હુસૈન (અ.) ની ઝિયારત

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ
عَلَيْكُمْ يَا آلَ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكُمْ
يَا صَفْوَةَ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا
خِيَرَةَ اللهِ مِنْ خَلْقِهِ ، اَلسَّلَامُ
عَلَيْكُمْ يَا سَادَةَ السَّادَاتِ ، اَلسَّلَامُ
عَلَيْكُمْ يَا لُيُوْثَ الْغَابَاتِ ، اَلسَّلَامُ
عَلَيْكُمْ يَا سُفُنَ النَّجَاةِ، اَلسَّلَامُ
عَلَيْكَ يَا أَبَا عَبْدِ اللهِ الْحُسَيْنَ ،
اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عِلْمِ الْأَنْبِيَاءِ

وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهُ

સલામ તમારી પર અય અલ્લાહના ખાનદાન ! સલામ થાય તમારી પર અય અલ્લાહ તરફથી ચૂંટાયેલા ! સલામ થાય તમારી પર જેઓને અલ્લાહ તમામ મખ્લુક માંથી પસંદ કરેલા છે ! સલામ થાય તમારી પર અય સરદારોના સરદાર ! સલામ થાય તમારી પર અને બહાદુર સિંહો ! સલામ થાય તમારી પર અય નજાતની કશ્તીઓ ! સલામ થાય તમારી પર અય અબા અબ્દીલ્લાહ ! સલામ થાય તમારી પર એ નબીઓના ઈલ્મના વારીસ ! અલ્લાહની રહેમત અને તેની બરકત તમારી પર નાઝિલ થાય !

اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ إِسْمَاعِيْلَ
ذَبِيْحِ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ
مُوْسَى كَلِيْمِ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا
وَارِثَ عِيْسَى رُوْحِ اللّٰهِ ، اَلسَّلَامُ
عَلَيْكَ يَا وَارِثَ مُحَمَّدٍ حَبِيْبِ اللّٰهِ ،
اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ مُحَمَّدٍ
الْمُصْطَفٰى ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ عَلِيٍّ
الْمُرْتَضٰى ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ
فَاطِمَةَ الزَّهْرَاءِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا
ابْنَ خَدِيْجَةَ الْكُبْرٰى ، اَلسَّلَامُ
عَلَيْكَ يَا شَهِيْدَ ابْنَ الشَّهِيْدِ ،

اَلسَّلَامُ عَلَيْكَ يَا قَتِيْلَ ابْنَ الْقَتِيْلِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَلِيَّ اللّٰهِ وَ ابْنَ وَلِيِّه ، اَلسَّلَامُ عَلَيْكَ يَا حُجَّةَ اللّٰهِ وَ ابْنَ حُجَّتِه عَلٰى خَلْقِه

સલામ થાય તમારી પર અય અલ્લાહની કુરબાની હઝરત ઈસ્માઈલ (અ) ના વારીસ, સલામ થાય તમારી પર અય હઝરત મૂસા કલીમુલ્લાહ (અ) ના વારીસ, સલામ થાય તમારી પર અય હઝરત ઈસા રૂહુલ્લાહ (અ) ના વારિસ, સલામ થાય તમારી પર અય હઝરત મોહમ્મદ (સ) હબીબે ખુદાના

વારિસ, સલામ થાય તમારી પર અય હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ) ના ફરઝંદ ! સલામ થાય તમારી પર અય અલીએ મુરતઝા (અ) ના ફરઝંદ, સલામ થાય તમારી પર અય જનાબે ફાતેમા ઝહરા (સ.અ) ના ફરઝંદ, સલામ થાય તમારી પર અય શહીદ અને શહીદના ફરઝંદ, સલામ થાય તમારી પર અય કતલ થયેલા અને કતલ થયેલાઓ ના ફરઝંદ, સલામ થાય તમારી પર ભાઈ અલ્લાહના વલી અને અલ્લાહના વલીના ફરઝંદ, સલામ થાય તમારી પર અય અલ્લાહની હુજ્જત અને બધીજ મખલુક પર ખુદાની

હુજ્જતના ફરઝંદ;

أَشْهَدُ أَنَّكَ قَدْ أَقَمْتَ الصَّلَاةَ وَ آتَيْتَ الزَّكَاةَ وَ أَمَرْتَ بِالْمَعْرُوْفِ وَ نَهَيْتَ عَنِ الْمُنْكَرِ وَ رُزِئْتَ بِوَالِدَيْكَ وَ جَاهَدْتَ عَدُوَّكَ وَ أَشْهَدُ أَنَّكَ تَسْمَعُ الْكَلَامَ وَ تَرُدُّ الْجَوَابَ وَ أَنَّكَ حَبِيْبُ اللهِ وَ خَلِيْلُهُ وَ نَجِيْبُهُ وَ صَفِيُّهُ وَ ابْنُ صَفِيِّهِ

હું સાક્ષી આપું છું કે તમે નમાઝ કાએમ કરી અને ઝકાત અદા કરી, ભલાઈની આજ્ઞા કરી અને બુરાઈથી મનાઈ કરી અને તમારા માતા-પિતાની પર મુસીબતો પડી અને તમે

તમારા દુશ્મનો સાથે જેહાદ કરી. અને હું સાક્ષી આપું છું કે તમે અમારી દરેક બાબતોને સાંભળો છો અને તેનો જવાબ આપો છો અને તમે અલ્લાહના મહેબૂબ અને તેના દોસ્ત છો, તેના શરીફ બંદા તથા તેના પસંદીદા છો અને તેના ચૂંટાયેલા ના ફરઝંદ છો

يَا مَوْلَايَ زُرْتُكَ مُشْتَاقًا فَكُنْ لِيْ شَفِيْعًا إِلَى اللهِ يَا سَيِّدِيْ وَ أَسْتَشْفِعُ إِلَى اللهِ بِجَدِّكَ سَيِّدِ النَّبِيِّيْنَ وَ بِأَبِيْكَ سَيِّدِ الْوَصِيِّيْنَ وَ بِأُمِّكَ فَاطِمَةَ سَيِّدَةِ نِسَاءِ الْعَالَمِيْنَ ، أَلَا لَعَنَ اللهُ قَاتِلِيْكَ وَ لَعَنَ اللهُ ظَالِمِيْكَ وَ لَعَنَ

اللّٰهُ سَالِبِيْكَ وَ مُبْغِضِيْكَ مِنَ الْأَوَّلِيْنَ وَ الْآخِرِيْنَ وَ صَلَّى اللّٰهُ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَ آلِهِ الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ

અય મારા મૌલા ! મે ઉત્સાહભેર અને શોખથી તમારી ઝીયારત કરી; અય મારા આકા ! અલ્લાહની બારગાહમાં અમારા શફીઅ બનજો, અય મારા મૌલા! ખુદાની બારગાહ શફાઅતની માંગણી કરું છું તમારા જદ જે બધા જ નબીઓના સરદાર છે તેના વસીલા થકી અને તમારા પિતાના વસીલાથી જે જાનશીનો સરદાર છે અને તમારી માતા જનાબે

ફાતેમા (સ) ના વસીલાથી કે જે દુનિયાઓની સ્ત્રીઓની સરદાર છે. અલ્લાહ લઅનત કરે તમારા કાતિલ પર અને લઅનત કરે તમારી પર ઝુલ્મ કરનાર પર અને અલ્લાહ લઅનત કરે તમારો હક ગસબ કરનાર પર અને તમારી સાથે બુગ્ઝ રાખવાવાળા પર, ભલે પછી તે પહેલાના લોકો માંથી હોય કે પછીના લોકોમાંથી હોય; અને અલ્લાહની સલવાત થાય અમારા સૈયદ હઝરત મોહમ્મદ (સ.અ.વ) અને તેમની પાક અને પવિત્ર આલ પર

હઝરત અલી અકબર (અ.) ની ઝિયારત :

اَلسَّلَامُ عَلَيْكَ يَا مَوْلَايَ وَ ابْنَ مَوْلَايَ ، لَعَنَ اللهُ قَاتِلِيْكَ وَ لَعَنَ اللهُ

ظَالِمِيْكَ ، إِنِّيْ أَتَقَرَّبُ إِلَى اللهِ بِزِيَارَتِكُمْ وَ بِمَحَبَّتِكُمْ وَ أَبْرَأُ إِلَى اللهِ مِنْ أَعْدَائِكُمْ وَ السَّلَامُ عَلَيْكَ يَا مَوْلَايَ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُه

સલામ થાય તમારી પર અય મારા મૌલા! અને મારા મૌલાના ફરઝંદ, અલ્લાહની લઅનત થાય તમારા કાતિલ પર અને અલ્લાહની લઅનત થાય તમારી પર ઝુલ્મ કરનારા પર, બેશક હું તમારી ઝીયારત થકી અને તમારી મહોબ્બત થકી હું અલ્લાહની નઝદીકી ચાહું છું અને તમારા દુશ્મનોથી બેઝારી (નફરત)નુ એલાન કરું છું; અલ્લાહના સલામ તથા

અલ્લાહની રહમત તથા બરકત થાય તમારી પર અય મારા મૌલા !

શોહદાએ કરબલા (અ.મુ.) ની ઝિયારત :

اَلسَّلَامُ عَلَى الْأَرْوَاحِ الْمُنِيْخَةِ بِقَبْرِ أَبِيْ عَبْدِ اللهِ الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا طَاهِرِيْنَ مِنَ الدَّنَسِ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا مَهْدِيُّوْنَ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا أَبْرَارَ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكُمْ وَ عَلَى الْمَلَائِكَةِ الْحَافِّيْنَ بِقُبُوْرِكُمْ أَجْمَعِيْنَ ، جَمَعَنَا اللهُ وَ إِيَّاكُمْ فِيْ مُسْتَقَرِّ رَحْمَتِهِ وَ

تَحْتِ عَرْشِه ، إِنَّه أَرْحَمُ الرَّاحِمِيْنَ وَ
السَّلَامُ عَلَيْكُمْ وَ رَحْمَةُ اللهِ وَ بَرَكَاتُهُ

સલામ થાય એ રૂહો પર જે અબા અબ્દીલ્લાહ (ઈમામ હુસૈન અ.) ની કબ્રની આસપાસ સુતેલી છે. સલામ થાય તમારા પર અય આલુદગી અને બુરાઈથી પાક હસ્તીઓ, સલામ થાય તમારી પર અય હીદાયત પામેલાઓ, સલામ થાય તમારી પર અય અલ્લાહના નેક બંદાઓ, સલામ થાય તમારી પર અને બધાજ ફરીશ્તાઓ પર જે તમારી કબ્રોની આસપાસ છે. અલ્લાહ અમને અને તમને તેમની રહેમતની જગ્યા અને તેના અર્શ હેઠળ સાથે ભેગા કરે; બેશક તે રહેમ

કરનારાઓમા સૌથી વધારે રહેમ કરનાર છે. સલામ થાય તમારા બધા પર ! અને અલ્લાહની રહેમત થાય તથા તેની બરકત થાય

હઝરત અબ્બાસ (અ.) ની ઝિયારત :

اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا الْعَبْدُ الصَّالِحُ الْمُطِيْعُ لِلّٰهِ وَ لِرَسُوْلِه وَ لِأَمِيْرِ الْمُؤْمِنِيْنَ وَ الْحَسَنِ وَ الْحُسَيْنِ صَلَّى اللّٰهُ عَلَيْهِمْ وَ سَلَّمَ ، اَلسَّلَامُ عَلَيْكَ وَ رَحْمَةُ اللّٰهِ وَ بَرَكَاتُه وَ مَغْفِرَتُه وَ رِضْوَانُه وَ عَلٰى رُوْحِكَ وَ بَدَنِكَ أَشْهَدُ وَ أُشْهِدُ اللّٰهَ أَنَّكَ مَضَيْتَ عَلٰى مَا مَضٰى بِهِ الْبَدْرِيُّوْنَ وَ الْمُجَاهِدُوْنَ فِيْ سَبِيْلِ

اللهِ الْمُنَاصِحُوْنَ لَه فِيْ جِهَادِ أَعْدَائِهِ الْمُبَالِغُوْنَ فِيْ نُصْرَةِ أَوْلِيَائِهِ الذَّابُّوْنَ عَنْ أَحِبَّائِه ، فَجَزَاكَ اللهُ أَفْضَلَ الْجَزَاءِ وَأَكْثَرَ الْجَزَاءِ وَأَوْفَرَ الْجَزَاءِ وَ أَوْفٰى جَزَاءِ أَحَدٍ مِمَّنْ وَفٰى بِبَيْعَتِه وَ اسْتَجَابَ لَه دَعْوَتَه وَأَطَاعَ وُلَاةَ أَمْرِه

સલામ થાય તમારી પર અય અલ્લાહના નેક અને ફરમાબરદાર બંદા તેમજ રસુલુલ્લાહ (સ) તથા અમીરૂલ મોઅમેનીન (અ) તથા ઈમામ હસન (અ) તથા ઈમામ હુસૈન (અ) ના ઈતાઅતગુઝાર, અલ્લાહની રહમત અને સલામ થાય

તેઓ સર્વે પર), સલામ થાય તમારી પર (અય હઝરત અબલ ફઝિલલ અબ્બાસ (અ)) અને અલ્લાહની રહમત તેમજ તેની બરકત અને તેની મગફેરત અને તેની ખુશનુદી થાય (તમારી પર) અને તમારી રૂહ પર અને બદન પર. હુ સાક્ષી આપુ છુ, તેમજ અલ્લાહને સાક્ષી બનાવુ છુ કે બેશક તમે એ જ રસ્તા પર ચાલ્યા જે રસ્તા પર જંગે બદ્રવાળા મુસલમાનો ચાલ્યા કે જેઓ અલ્લાહની રાહમા દુનીયાથી રૂખ્સત થયા, અને જેઓ રાહે ખુદા માં જેહાદ કર્યો, અને અલ્લાહના દુશ્મનો સામે લડત કરી અને તેના (અલ્લાહના) વલીની નુસરત માટે

સઘર્ષ કરી અને તેના આશીકોની દીફાઅ કરી. તો અલ્લાહ તમને અજ્ર આપે જે ક્ષેષ્ઠ અને ઉચ્ચતર અજ્ર હોય, વધારે હોય, સંપુર્ણ હોય, જે વફાદાર હોય તેવો અજ્ર, એવા શખ્સ જેવો અજ્ર જેણે બયઅતમાં પ્રમાણીકતા દાખવી હોય, અને તેમની દાવતને કબુલ કરી હોય અને બધા જ વલીએ-અમ્ર ની ઈતાઅત કરી હોય.

أَشْهَدُ أَنَّكَ قَدْ بَالَغْتَ فِي النَّصِيْحَةِ وَ أَعْطَيْتَ غَايَةَ الْمَجْهُوْدِ فَبَعَثَكَ اللّٰهُ فِي الشُّهَدَاءِ وَ جَعَلَ رُوْحَكَ مَعَ أَرْوَاحِ السُّعَدَاءِ وَ أَعْطَاكَ مِنْ جِنَانِه

أَفْسَحِهَا مَنْزِلًا وَ أَفْضَلِهَا غُرَفًا وَ رَفَعَ
ذِكْرَكَ فِيْ عِلِّيِّيْنَ وَ حَشَرَكَ مَعَ
النَّبِيِّيْنَ وَ الصِّدِّيْقِيْنَ وَ الشُّهَدَاءِ وَ
الصَّالِحِيْنَ وَ حَسُنَ أُولٰئِكَ رَفِيْقًا ،
أَشْهَدُ أَنَّكَ لَمْ تَهِنْ وَ لَمْ تَنْكُلْ وَ أَنَّكَ
مَضَيْتَ عَلٰى بَصِيْرَةٍ مِنْ أَمْرِكَ
مُقْتَدِيًا بِالصَّالِحِيْنَ وَ مُتَّبِعًا
لِلنَّبِيِّيْنَ ، فَجَمَعَ اللهُ بَيْنَنَا وَ بَيْنَكَ وَ
بَيْنَ رَسُوْلِهِ وَ أَوْلِيَائِهِ فِيْ مَنَازِلِ
الْمُخْبِتِيْنَ فَإِنَّهُ أَرْحَمُ الرَّاحِمِيْنَ

હું ગવાહી આપુ છું કે નસીહત કરવા

માટે તમે સખ્ત પ્રયત્ન કર્યા અને પુરેપુરી કોષીષ કરી, અલ્લાહ તમને શહીદોના સમુહ સાથે મબઊસ કરે અને તમારી રૂહને નેક રૂહોની સાથે કરાર આપે અને તમને જન્નતનો સૌથી ઉચ્ચ અને વિશાળ મરતબો અતા કરે કે જેના વિભાગો શ્રેષ્ઠ હોય; અને તમારા ઝિક્રને સર્વોચ્ચ મકામ સુધી લઈ જાય અને પયગમ્બરો, સીદ્દીકો અને શહીદો અને નેક લોકો સાથે તમને મેહશુર કરે, અને આ બધા કેવા સારા દોસ્તો છે. હું ગવાહી આપુ છુ કે તમે જરા પણ આળસ કે પાછીપાની નથી કરી અને તમારી જવાબદારી પ્રત્યે બસીરત સાથે એ હાલતમાં રેહલત ફરમાવી કે આપ

નેક અને સાલેહ હસ્તીઓનુ અને પયગમ્બરોનું અનુસરણ કરતા હતા; અલ્લાહ અમોને તમારી સાથે તેમજ તેના રસુલ (સ.અ.વ.) અને તેના વલીઓની સાથે ઉચ્ચ મંઝીલો પર ફાએઝ કરી ભેગા કરે, તે અલ્લાહ રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર છે.

**છ રકાત નમાઝ**

પંદરમી તારીખની રાતે છ રકઆત નમાઝ બે-બે રકઆત કરીને પઢવાની છે; જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સૂરએ યાસીન, સૂરએ મુલ્ક અને સૂરએ તવ્હીદ પઢે.

**ત્રીસ રકાત નમાઝ**

આ નમાઝનો ઝીક્ર દરરોજ રાત્રે પઢવાની નમાઝોમાં થઇ ચુક્યો છે, રસૂલે ખુદા

(સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબની પંદરમી રાત્રે બે-બે રકઆત કરીને ત્રીસ રકઆત નમાઝ પઢે, કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ તવ્હીદ પઢે તો નમાઝ પૂરી થયા પેહલા જ સિત્તેર શહીદોનો સવાબ અતા કરવામાં આવશે, કયામતના દિવસે તે નુરાની શકલમાં આવશે, અલ્લાહ તેને જહન્નમની આગથી, નિફ઼ાકથી અને કબ્રના અઝાબથી છુટકારો આપશે; (અને બીજી રિવાયત પ્રમાણે આ નમાઝનો સવાબ આ પ્રમાણે છે કે) અલ્લાહ તેને જહન્નમની આગથી નજાત અતા કરશે, દરેક રકઆતના બદલામાં ચાલીસ શાહીદોની ઈબાદતનો સવાબ અતા કરશે, અને દરેક આયતના બદલામાં બાર નૂર અતા કરશે, જેટલી વખત સૂરએ તવ્હીદ પઢયો છે તે દરેકના બદલામાં મિસ્ક અને અંબરની ખુશ્બુથી અલ્લાહ તેની માટે બાર શહેરો બનાવશે, આ મહિનામાં જેટલા બધા મર્દો અને ઔરતોએ રોઝાઓ રાખ્યા છે અને નમાઝ પઢી છે તે બધાનો સવાબ પણ તેને આપવામાં આવશે,

અને આવતા વર્ષ સુધીમાં જો તેને મૌત આવી જાય તો તે શહીદની મૌત મરશે અને અલ્લાહ તેને કબ્રમાં બલા અને મુસીબતોથી બચાવશે.

**બાર રકાત નમાઝ**

રિવાયત માં ઈમામે સાદિક (અ.) થી આ બાર રકઆત નમાઝ બે રીતે વારિદ થયેલ છે.

**પેહલી રીત**

સય્યદ ઈબ્ને તાઊસ (અ.ર.) આ નમાઝને ઈમામ સાદિક (અ.) થી બયાન કરે છે કે બે-બે રકઆત કરીને બાર રકઆત નમાઝ પઢે કે જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ચાર-ચાર વખત સૂરએ તવ્હીદ, સૂરએ ફલક, સૂરએ નાસ, આયતુલ કુરસી અને સૂરએ કદ્ર પઢે અને દરેક બે રકઆત નમાઝ પછી ચાર વખત નીચે મુજબ કહે અને પોતાની હાજત માંગે :

اَللّٰهُ اَللّٰهُ رَبِّيْ ، لَا أُشْرِكُ بِهِ شَيْئًا وَ لَا أَتَّخِذُ مِنْ دُوْنِهِ وَلِيًّا

અલ્લાહ, અલ્લાહ મારો પાલનહાર છે. હુ કોઇ પણ વસ્તુને તેનો ભાગીદાર નથી સમજતો અને તેના સિવાય બીજા કોઇને મારો વલી (સરપરસ્ત) નથી બનાવતો.

**બીજી રીત**

ઈમામ સાદિક (અ.) થી એવી રીતે પણ રિવાયત છે કે બે-બે રકઆત કરીને બાર રકઆત નમાઝ પઢે કે જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી કોઈ પણ સૂરો પઢે. નમાઝ પૂરી થયા પછી ચાર-ચાર વખત સૂરએ અલ્હમ્દ, સૂરએ ફલક, સૂરએ નાસ, સૂરએ તવ્હીદ, અને આયતુલ કુરસી પઢે, ત્યાર બાદ ચાર વખત કહે :

سُبْحَانَ اللّٰهِ وَ الْحَمْدُ لِلّٰهِ وَ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَ اللّٰهُ أَكْبَرُ

પાક છે અલ્લાહ અને બધાજ વખાણ ફક્ત અલ્લાહ માટે જ છે અને અલ્લાહ સીવાય કોઈ મઅબૂદ (ઈબાદતને લાયક) નથી અને અલ્લાહ સર્વેથી મહાન છે.

પછી એક વખત કહે :

اَللّٰهُ اَللّٰهُ رَبِّيْ ، لَا أُشْرِكُ بِه شَيْئًا وَ مَا شَاءَ اللّٰهُ ، لَا قُوَّةَ إِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

અલ્લાહ! અલ્લાહ મારો પાલનહાર ! હુ કોઈ ને પણ તારો ભાગીદાર નથી બનાવતો અને જે કાઈ પણ અલ્લાહ ઈચ્છે છે તે જ થાય છે, સર્વોચ્ચ અને મહાન અલ્લાહની સિવાય બીજા કોઈની પાસે શક્તિ કે તાકત નથી

# પંદરમી તારીખ દિવસના આમાલ

## ગુસ્લ કરવું

પંદરમી તારીખે ગુસ્લ કરવું.

## ઝિયારતે ઈમામ હુસૈન (અ.સ.)

આપણા આઠમાં ઈમામ હઝરત અલી રઝા (અ.) થી જયારે પુછવામાં આવ્યું કે ઈમામ હુસૈન (અ.) ની ઝિયારત કયા મહિનામાં કરવામાં આવે તો આપ (અ.) એ જવાબ આપ્યો કે માહે રજબની પંદરમી તારીખે તેમજ માહે શઅબાન ની પંદરમી તારીખે. આ ઝિયારતનો ઝિક્ર પેહલી રાતના આમાલમાં પેજ નંબર ૫૮ પર કરવામાં આવેલ છે, નીચે ક્લિક કરવા ગુઝારીશ છે

ઝિયારતે ઈમામ હુસૈન (અ.સ.)

**નમાઝે જ. સલમાન ફારસી (ર.અ.) - દસ રકઆત**

બે-બે રકઆત કરીને દસ રકઆત નમાઝ પઢે કે જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ત્રણ વખત સૂરએ તવ્હીદ, ત્રણ વખત સૂરએ કાફેરૂન પઢે; આ નમાઝનો ઝિક્ર પેજ નંબર પર ૭૪ પહેલી તારીખના આમાલમાં કરવામાં આવેલ છે

**ચાર રકાત નમાઝ**

પંદરમી તારીખે બે-બે રકઆત કરીને ચાર રકઆત નમાઝ પઢે અને જયારે નમાઝ પુરી થાય ત્યારે પોતાના હાથોને ફેલાવે અને કહે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ يَا مُذِلَّ كُلِّ جَبَّارٍ وَ يَا مُعِزَّ الْمُؤْمِنِيْنَ ، أَنْتَ كَهْفِيْ حِيْنَ تُعْيِيْنِي الْمَذَاهِبُ وَ أَنْتَ بَارِئُ خَلْقِيْ رَحْمَةً بِيْ وَ قَدْ كُنْتَ عَنْ خَلْقِيْ غَنِيًّا وَ لَوْ لَا رَحْمَتُكَ لَكُنْتُ

مِنَ الْهَالِكِيْنَ وَ أَنْتَ مُؤَيِّدِيْ بِالنَّصْرِ عَلٰى أَعْدَائِيْ وَ لَوْ لَا نَصْرُكَ إِيَّايَ لَكُنْتُ مِنَ الْمَفْضُوْحِيْنَ ، يَا مُرْسِلَ الرَّحْمَةِ مِنْ مَعَادِنِهَا وَ مُنْشِئَ الْبَرَكَةِ مِنْ مَوَاضِعِهَا ،

અય દરેક નાફરમાન ઝાલીમ ને ઝલીલ કરનાર, અને મોઅમિનોને ઈઝ્ઝત અતા કરનાર, તુ જ મારી પનાહની જગ્યા છે એ સમયે જ્યારે બધાજ આચરણો, તદબીરો મને અશક્ત બનાવી દે. તુ જ એ છો જેણે મને મહોબ્બત અને રેહમતથી અસ્તિત્વ આપ્યું જ્યારે કે મારા

સર્જનથી તને કોઈ પણ ફાયદો ન હતો, અને અગર તારી રહમત ન હોતે તો બેશક હું હલાક થવાવાળા માંથી હોતે, અને તુ જ એ છો જે દુશ્મનો સામે મારી જીતનું સમર્થન કરનાર અને અગર તારી મદદ ન હોતે તો હું રૂસવા થવાવાળાઓ માંથી હોતે; અય રહમતને તેના સ્ત્રોતથી વહેતી કરનાર અને બરકતને તેની જગ્યાએથી પૈદા કરનાર

يَا مَنْ خَصَّ نَفْسَه بِالشُّمُوْخِ وَ الرِّفْعَةِ ، فَأَوْلِيَاؤُه بِعِزِّه يَتَعَزَّزُوْنَ وَ يَا مَنْ وَضَعَتْ لَهُ الْمُلُوْكُ نِيْرَ الْمَذَلَّةِ عَلىٰ أَعْنَاقِهِمْ فَهُمْ مِنْ سَطَوَاتِه خَائِفُوْنَ ،

أَسْأَلُكَ بِكَيْنُونِيَّتِكَ الَّتِي اشْتَقَقْتَهَا
مِنْ كِبْرِيَائِكَ وَ أَسْأَلُكَ بِكِبْرِيَائِكَ
الَّتِي اشْتَقَقْتَهَا مِنْ عِزَّتِكَ وَ أَسْأَلُكَ
بِعِزَّتِكَ الَّتِي اسْتَوَيْتَ بِهَا عَلٰى عَرْشِكَ
فَخَلَقْتَ بِهَا جَمِيْعَ خَلْقِكَ فَهُمْ لَكَ
مُذْعِنُوْنَ أَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَ أَهْلِ
بَيْتِه

અય જેણે પોતાના વજૂદને ખૂબજ બુલંદી અને શ્રેષ્ઠતા સુધી મખ્સૂસ રાખી, તો તેના વલીઓ તેની (અલ્લાહની) કુદરત થકી કુદરતમંદ થાય છે, અય એ કે જેની સામે

બાદશાહો એ પોતાની ઝીલ્લત ભરી ગરદનો જુકવી દીધી છે તો તેઓ તેના (અલ્લાહ) ના ઈન્તેકામના હમલાથી ગભરાઆએલા છે. તારા થી તારા એ વજૂદ ના હક થી સવાલ કરૂ છું , કે જેને ( વજૂદ) ને તારી કીબ્રીયાઈ થી મહાન બનાવ્યો અને સવાલ કરૂ છુ તારી મોટાઈ ( કીબ્રીયાઈ ) ના વસ્તા થી કે જેને તે તારી ઈઝઝત વડે મેળવી અને તારા થી સવાલ કરૂ છુ તારી ઈઝઝત ના વાસ્તા થી કે જે પુરી હસ્તી ની હુકુમત પર છવાએલી છે અને જેના થકી દરેક મખ્લુક ને પૈદા કરી જેના પરિણામે બધીજ મખ્લુક તારી હસ્તી નો સ્વીકાર કર્યો કે સલવાત મોકલ

## મોહમ્મદ (સ.અ.વ.) અને તેમના એહલેબૈત

રિવાયતમાં છે કે જો કોઈ ગમગીન હશે અને આ દુઆ પઢશે તો અલ્લાહ તઆલા તેના આ દુઃખ અને ગમગીનીને દૂર કરી દેશે.

## <u>અમલે ઉમ્મે દાઊદ</u>

આજના દિવસમાં આ મુખ્ય અમલ છે જે હાજતો પૂરી થવા માટે તેમજ મુશ્કેલીઓ દૂર થવા માટે અને ઝાલિમોના ઝુલ્મના ખાત્મો આપવા માટે ખુબજ અસરકારક છે;

આ અમલની રીત નીચે મુજબ છે : તેરમી, ચૌદમી તેમજ પંદરમી તારીખે રોઝો રાખે; પંદરમી તારીખે ઝવાલ (ઝોહર) ના સમયની નજીક ગુસ્લ કરે; જયારે ઝોહરનો સમય થાય ત્યારે ઝોહર અને અસરની નમાઝ પઢે કે જેમાં રુકૂઅને તેમજ સજ્દાઓને સારી રીતે અદા કરે; અને એવી જગ્યાને પસંદ કરે કે જ્યાં બીજી કોઈ બાબત તેને મશગૂલ ન કરે તેમજ કોઈ ઇન્સાન તેની સાથે વાત ન કરે.

જયારે નમાઝ પુરી થઈ જાય ત્યારે કિબ્લા તરફ જ મોઢું રાખીને આ બધા સુરાઓ પઢે : એકસો વખત સૂરએ અલ્હમ્દ, એકસો વખત સૂરએ તવ્હીદ, દસ વખત આયતલ કુરસી અને ત્યાર બાદ એક-એક વખત સૂરએ અન્આમ (સૂરા નંબર ૬), સૂરએ બની ઈસરાઈલ (૧૭), સૂરએ કહ્ફ (૧૮), સૂરએ લુકમાન (૩૧), સૂરએ યાસીન (૩૬), સૂરએ સાફ્ફાત (૩૭), સૂરએ હામીમ-સજદા (૪૧), સૂરએ હામીમ-અયન સીન કાફ (૪૨), સૂરએ હામીમ-દુખાન (૪૪), સૂરએ ફત્હ (૪૮), સૂરએ વાકેઆ (૫૬), સૂરએ મુલ્ક (૬૭), સૂરએ કલમ (૬૮), સૂરએ એઝસ્સમાઉન શક્કત (૮૪), અને તેના પછીથી કુરઆન ખત્મ થાય ત્યાં સુધીના બધા સૂરાઓ પઢે (સૂરા નંબર ૮૫ થી ૧૧૪ સુધી); જયારે આ બધા સૂરાઓ પઢાય જાય ત્યારે આ દુઆ પઢે :

صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ الَّذِيْ لَا إِلٰهَ إِلَّا هُوَ
الْحَيُّ الْقَيُّوْمُ ذُو الْجَلَالِ وَ الْإِكْرَامِ

الرَّحْمٰنُ الرَّحِيْمُ الْحَلِيْمُ الْكَرِيْمُ الَّذِيْ لَيْسَ كَمِثْلِه شَيْءٌ وَ هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ الْبَصِيْرُ الْخَبِيْرُ ، شَهِدَ اللهُ أَنَّه لَا إِلٰهَ إِلَّا هُوَ وَ الْمَلَائِكَةُ وَ أُوْلُوا الْعِلْمِ ، قَائِمًا بِالْقِسْطِ ، لَا إِلٰهَ إِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ وَ بَلَّغَتْ رُسُلُهُ الْكِرَامُ وَ أَنَا عَلٰى ذٰلِكَ مِنَ الشَّاهِدِيْنَ

મહાન અલ્લાહે સત્ય જ કહ્યું છે, તેના સિવાય કોઇ (ઈબાદતને લાયક) મઅબુદ નથી જે હંમેશાથી જીવંત છે અને બધાને કાએમ કરનાર છે, જે મહાનતા અને ઈઝઝતના માલિક, જે બધા પ્રત્યે મહેરબાન છે અને

ખૂજબ દયાળુ છે, જે સહનશીલ અને કરીમ છે, તેના જેવું બિજુ કોઈ (મિસ્લ) નથી. અને તે તે દરેક બાબતોને સંભાળનાર, જોનાર, તેમજ જાણનાર અને ખબર રાખનાર છે. અલ્લાહ અને ફરિશ્તાઓ તથા સાહેબાને-ઈલ્મ ગવાહી આપે છે કે તેના સિવાય અન્ય કોઇ મઅબુદ નથી અને તે (અલ્લાહ) જ ન્યાયની સ્થાપના કરનાર છે. તેના સિવાય કોઈ અલ્લાહ નથી, તે જ માનવંત અને હિકમતવાળો છે. તેમના માનવંત રસુલોએ આ હકીકતને લોકો સુધી પોહચાડી દીધી, અને આ હકીકતની સાક્ષીઓ આપનારમાં હું પણ શામિલ છું.

اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ وَ لَكَ الْمَجْدُ وَ لَكَ
الْعِزُّ وَ لَكَ الْفَخْرُ وَ لَكَ الْقَهْرُ وَ لَكَ
النِّعْمَةُ وَ لَكَ الْعَظَمَةُ وَ لَكَ الرَّحْمَةُ وَ
لَكَ الْمَهَابَةُ وَ لَكَ السُّلْطَانُ وَ لَكَ
الْبَهَاءُ وَ لَكَ الْاِمْتِنَانُ وَ لَكَ
التَّسْبِيْحُ وَ لَكَ التَّقْدِيْسُ وَ لَكَ
التَّهْلِيْلُ وَ لَكَ التَّكْبِيْرُ وَ لَكَ مَا يُرَى
وَ لَكَ مَا لَا يُرَى وَ لَكَ مَا فَوْقَ
السَّمَاوَاتِ الْعُلىٰ وَ لَكَ مَا تَحْتَ الثَّرٰى
وَ لَكَ الْأَرَضُوْنَ السُّفْلىٰ وَ لَكَ الْاٰخِرَةُ
وَ الْأُوْلىٰ وَ لَكَ مَا تَرْضٰى بِهٖ مِنَ الثَّنَاءِ

وَالْحَمْدِ وَالشُّكْرِ وَالنَّعْمَاءِ

અય અલ્લાહ ! બધા જ વખાણ ફક્ત તારી માટે છે, અને મહાનતાનો માલિક તું જ છો, અને ઈઝઝત અને ગૌરવનો માલિક તું જ છો, અને તારું જ પ્રભુત્વ છે, અને નેઅમતો નો માલિક તું જ છો અને બુઝુર્ગી નો માલિક તું જ છો અને રહમતનો માલિક તું જ છો, અને હયબત (રોઅબ) ફક્ત તારા માટે છે, અને હુકુમતનો માલિક તું જ છો, અને એહસાન અને નેઅમતોની બક્ષિસ ફક્ત તારી તરફથી છે; અને ફક્ત તારી માટે જ છે પાકીઝગી અને પવિત્રતા,

એકતા અને મહાનતાનો માલિક તું જ છો, અને જે કઈ જોઈ શકાય છે તેનો માલિક તું જ છો અને જે નથી જોઈ શકાતુ તે સર્વેનો માલિક તું જ છો; અને જે કઈ આકાશની બુલંદીઓ પર છે અને જે કઈ ઝમીનના ઉંડાળોમા છે તે બધાનો માલિક તું જ છો. અને નીચલી ઝમીનો અને આખેરત તથા દુનિયા આ બધાનો માલિક તું જ છો; અને જે વખાણ, પ્રસંશા, શુક્ર અને નેઅમતોથી તુ રાજી થાય છે એ બધુ જ તારૂ જ છે (આ બધું જ તારી માલિકીનું છે).

اَللّٰهُمَّ صَلِّ عَلٰى جَبْرَئِيْلَ أَمِيْنِكَ عَلٰى

وَحْيِكَ وَ الْقَوِيِّ عَلىٰ أَمْرِكَ وَ الْمُطَاعِ فِيْ سَمَاوَاتِكَ وَ مَحَالِّ كَرَامَاتِكَ الْمُتَحَمِّلِ لِكَلِمَاتِكَ النَّاصِرِ لِأَنْبِيَائِكَ الْمُدَمِّرِ لِأَعْدَائِكَ ، اَللّٰهُمَّ صَلِّ عَلىٰ مِيْكَائِيْلَ مَلَكِ رَحْمَتِكَ وَ الْمَخْلُوْقِ لِرَأْفَتِكَ وَ الْمُسْتَغْفِرِ الْمُعِيْنِ لِأَهْلِ طَاعَتِكَ ، اَللّٰهُمَّ صَلِّ عَلىٰ إِسْرَافِيْلَ حَامِلِ عَرْشِكَ وَ صَاحِبِ الصُّوْرِ الْمُنْتَظِرِ لِأَمْرِكَ الْوَجِلِ الْمُشْفِقِ مِنْ خِيْفَتِكَ ، اَللّٰهُمَّ صَلِّ عَلىٰ حَمَلَةِ الْعَرْشِ الطَّاهِرِيْنَ وَ عَلَى السَّفَرَةِ

الْكِرَامِ الْبَرَرَةِ الطَّيِّبِيْنَ وَ عَلٰى مَلائِكَتِكَ الْكِرَامِ الْكَاتِبِيْنَ وَ عَلٰى مَلائِكَةِ الْجِنَانِ وَ خَزَنَةِ النِّيْرَانِ وَ مَلَكِ الْمَوْتِ وَ الْأَعْوَانِ يَا ذَا الْجَلَالِ وَ الْإِكْرَامِ،

અય અલ્લાહ! રહેમત નાઝિલ કર હઝરત જબ્રઈલ (અ) પર જે તારી વહીના અમાનતદાર છે, જે તારા હુકમ મુજબ અમલ કરવા માટે શક્તિવાન છે, આસમાનોમાં જેની ઈતાઅત થાય છે અને તારો કરમ જેની ઉપર નાઝિલ થાય છે, જે તારા કલામ અને હુકમોને પહોચાડે છે, જે તારા નબીઓના મદદગાર છે અને

તારા દુશ્મનોને નાબૂદ કરનાર છે. અય અલ્લાહ! રહેમત નાઝિલ કર હઝરત મીકાઈલ (અ) પર જે તારી રહમતના ફરીશ્તા છે, જેની ખિલ્કતનો મકસદ તારી મહેરબાનીઓ (પહોચાડવી) છે. અને ઈતાઅત કરવાવાળાઓ માટે ઈસ્તેગ્ફાર કરનાર તેમજ તેમનો મદદગાર છે. અય અલ્લાહ ! હઝરત ઈસરાફીલ (અ) પર દુરુદ મોકલ જેણે તારા અર્શને ઉપાડયૂ છે અને સુર ફુકનાર છે, અલ્લાહના હુક્મની ચુસ્તતાથી રાહ જોવે છે, તારો ખૌફથી તે મુશફિક અને નમ્રતાથી ડરેલો છે. અય અલ્લાહ! દુરુદ મોકલ તારા અર્શના ઉઠાવનારાઓ પર જે

પાક છે, અને તારા માનવંત, નેક અને પાકીઝા એલચીઓ પર, અને શરીફ પવિત્ર લખનાર ફરિશ્તાઓ પર અને (દુરુદ મોકલ) તારા જન્નતના ફરિશ્તાઓ પર અને દોઝખપર નિમવામા આવેલા ફરિશ્તાઓ પર અને મૌતના ફરીશ્તા પર અને તેના મદદગારો પર, અય મહાનતા ના માલિક! અને ઈઝ્ઝત ના માલિક!

اَللّٰهُمَّ صَلِّ عَلٰى أَبِيْنَا آدَمَ بَدِيْعِ فِطْرَتِكَ الَّذِيْ كَرَّمْتَهُ بِسُجُوْدِ مَلَائِكَتِكَ وَ أَبَحْتَه جَنَّتَكَ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى أُمِّنَا حَوَّاءَ الْمُطَهَّرَةِ مِنَ الرِّجْسِ الْمُصَفَّاةِ مِنَ الدَّنَسِ

الْمُفَضَّلَةِ مِنَ الْإِنْسِ الْمُتَرَدِّدَةِ بَيْنَ
مَحَالِّ الْقُدُسِ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى
هَابِيْلَ وَ شَيْثٍ وَ إِدْرِيْسَ وَ نُوْحٍ وَ هُوْدٍ
وَ صَالِحٍ وَ إِبْرَاهِيْمَ وَ إِسْمَاعِيْلَ وَ
إِسْحَاقَ وَ يَعْقُوْبَ وَ يُوْسُفَ وَ الْأَسْبَاطِ
وَ لُوْطٍ وَ شُعَيْبٍ وَ أَيُّوْبَ وَ مُوْسٰى وَ
هَارُوْنَ وَ يُوْشَعَ وَ مِيْشَا وَ الْخِضْرِ وَ
ذِي الْقَرْنَيْنِ وَ يُوْنُسَ وَ إِلْيَاسَ وَ
الْيَسَعِ وَ ذِي الْكِفْلِ وَ طَالُوْتَ وَ دَاوُدَ وَ
سُلَيْمَانَ وَ زَكَرِيَّا وَ شَعْيَا وَ يَحْيَى وَ
تُوْرَخَ وَ مَتّٰى وَ إِرْمِيَا وَ حَيْقُوْقَ وَ

دَانِيَالَ وَ عُزَيْرٍ وَ عِيْسٰى وَ شَمْعُوْنَ وَ جِرْجِيْسَ وَ الْحَوَارِيِّيْنَ وَ الْأَتْبَاعِ وَ خَالِدٍ وَ حَنْظَلَةَ وَ لُقْمَانَ

અય અલ્લાહ ! તારી રહમત થાય આપણા પિતા હઝરત આદમ (અ) કે જે ખિલ્કતમા પહેલા હતા જેને તે ફરિશ્તાઓ ના સજદા થકી માનવંત બનાવ્યા અને તેને જન્નત અતા કરી. અય અલ્લાહ ! અમારી માતા બીબી હવ્વા (સ) પર તારી રહમત નાઝીલ કર, એ જે બુરાઈથી પાક હતા, દનસ થી સાફ હતા, અને લોકો કરતા શ્રેષ્ઠ, અને મુકદ્દસ જગ્યાઓ પર ફરવાવાળા. અય અલ્લાહ ! દુરુદ

મોકલ હઝરત હાબીલ, હઝરત શીશ, હઝરત ઈદરીસ, હઝરત નૂહ અને હ.હુદ (અ.મુ) ઉપર, અને હઝરત સાલેહ અને હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ અને હઝરત ઈસ્હાક અને હ.યુસુફ અને હઝરત અસ્બાત તથા હઝરત લૂત પર અને હઝરત શોએબ, હઝરત અય્યુબ, હઝરત મુસા, હઝરત હારૂન, હઝરત યુશઅ, અને હઝરત મીશા અને હઝરત ખીઝર અને હઝરત ઝુલ્કરનૈન અને હઝરત યુનુસ અને હઝરત ઈલ્યાસ અને હઝરત યસઅ અને હઝરત ઝુલ્કિફલ અને હઝરત તાલૂત અને હઝરત દાઊદ અને

હઝરત સુલૈમાન અને હઝરત ઝકરીયા અને હઝરત શઅયા અને હઝરત યહ્યા અને હઝરત તુરખ, અને હઝરત મતાઅ અને હઝરત ઈરમીયા અને હઝરત યફ્હુક અને હઝરત દાન્યાલ અને હઝરત ઉઝૈર અને હઝરત ઈસા અને હઝરત શમઉન અને હઝરત જીરજીસ અને હવારિઓ અને અનુયાયીઓ અને હઝરત ખાલિદ અને હઝરત હન્ઝલહ અને હઝરત લુકમાન (અલયહે મુસ્સલામ) પર દુરુદ મોકલ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ
ارْحَمْ مُحَمَّدًا وَ آلَ مُحَمَّدٍ وَ بَارِكْ عَلٰى

مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ وَ
رَحِمْتَ وَ بَارَكْتَ عَلٰى إِبْرَاهِيْمَ وَ آلِ
إِبْرَاهِيْمَ إِنَّكَ حَمِيْدٌ مَجِيْدٌ، اَللّٰهُمَّ
صَلِّ عَلَى الْأَوْصِيَاءِ وَ السُّعَدَاءِ وَ
الشُّهَدَاءِ وَ أَئِمَّةِ الْهُدٰى ، اَللّٰهُمَّ صَلِّ
عَلَى الْأَبْدَالِ وَ الْأَوْتَادِ وَ السُّيَّاحِ وَ
الْعُبَّادِ وَ الْمُخْلِصِيْنَ وَ الزُّهَّادِ وَ أَهْلِ
الْجِدِّ وَ الاجْتِهَادِ وَ اخْصُصْ مُحَمَّدًا وَ
أَهْلَ بَيْتِهِ بِأَفْضَلِ صَلَوَاتِكَ وَ أَجْزَلِ
كَرَامَاتِكَ

અય અલ્લાહ! સલવાત થાય

હ.મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.) પર અને રહમત નાઝિલ કર હ. મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.) અને બરકત નાઝીલ કર હ. મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.) પર. એવી સલવાત, રેહમતો અને બરકતો કે જે તે હ.ઈબ્રાહીમ (અ) અને આલે ઈબ્રાહિમ (અ) પર નાઝીલ કરી. બેશક તુ વખાણને પાત્ર અને મહાન છે. અય અલ્લાહ ! રહમત નાઝીલ કર વસીઓ પર, અને સઆદતમંદો પર અને શહીદો પર અને હિદાયતના ઈમામો પર. અય અલ્લાહ ! રહમત નાઝીલ કર અબ્દાલ પર, અને અવતાદ પર અને

યાત્રાળુઓ પર અને ઈબાદત-ગુઝારો પર અને ખાલિસ બંદાઓ પર અને (સાદાઈથી રહેતા) ઝાહિદ બંદાઓ પર અને સતત પ્રયત્નશીલ પર; અને તારી બેહતરીન સલવાત તેમજ તારી ઉચ્ચ મહાનતાને હ. મોહમ્મદ (સ.અ.વ.) અને તેમના એહલેબૈત માટે મખ્સુસ બનાવ.

وَ بَلِّغْ رُوْحَه وَ جَسَدَه مِنِّيْ تَحِيَّةً وَ سَلَامًا وَ زِدْهُ فَضْلًا وَ شَرَفًا وَ كَرَمًا حَتّٰى تُبَلِّغَه أَعْلٰى دَرَجَاتِ أَهْلِ الشَّرَفِ مِنَ النَّبِيِّيْنَ وَ الْمُرْسَلِيْنَ وَ الْأَفَاضِلِ الْمُقَرَّبِيْنَ ، اَللّٰهُمَّ وَ صَلِّ عَلٰى مَنْ سَمَّيْتُ وَ مَنْ لَمْ أُسَمِّ مِنْ مَلَائِكَتِكَ وَ

أَنْبِيَائِكَ وَ رُسُلِكَ وَ أَهْلِ طَاعَتِكَ وَ أَوْصِلْ صَلَوَاتِي إِلَيْهِمْ وَ إِلَىٰ أَرْوَاحِهِمْ وَ اجْعَلْهُمْ إِخْوَانِي فِيْكَ وَ أَعْوَانِي عَلَىٰ دُعَائِكَ

અને તેની રુહ અને જિસ્મ પર મારા તરફથી તહિય્યત અને સલામ પહોંચાડ, અને તેની પર એવી રીતે તારો ફઝલ અને કરમ અને શરફમાં વધારો કર કે તેને પયગમ્બરો, ફરિશ્તાઓ અને તારા મુકર્રબ બંદાઓના શરફ સુધી પહોચાડી દે. અય અલ્લાહ! તારા ફરિશ્તાઓ, પયગંબરો, રસુલો અને ઈતાઅતગુઝારો પર, એ દરેક પર તારી રેહમત નાઝીલ કર જેના નામો નો મેં ઉલ્લેખ કર્યો અને જેના નામો મેં નથી લીધા; અને મારી દુરુદને તેઓ પર અને તેઓની રૂહો સુધી પહોંચાડી દે, અને તેઓને મારા ભાઈઓ

બનાવ અને તને પુકારવામા મારા મદદગાર બનાવ.

اَللّٰهُمَّ إِنِّيْ أَسْتَشْفِعُ بِكَ إِلَيْكَ وَ بِكَرَمِكَ إِلىٰ كَرَمِكَ وَ بِجُوْدِكَ إِلىٰ جُوْدِكَ وَ بِرَحْمَتِكَ إِلىٰ رَحْمَتِكَ وَ بِأَهْلِ طَاعَتِكَ إِلَيْكَ وَ أَسْأَلُكَ اللّٰهُمَّ بِكُلِّ مَا سَأَلَكَ بِه أَحَدٌ مِنْهُمْ مِنْ مَسْأَلَةٍ شَرِيْفَةٍ غَيْرِ مَرْدُوْدَةٍ وَ بِمَا دَعَوْكَ بِه مِنْ دَعْوَةٍ مُجَابَةٍ غَيْرِ مُخَيَّبَةٍ

અય અલ્લાહ! હુ તારી થકી તારી પાસે શફાઅત માંગુ છુ. અને તારા કરમથી તારા કરમ તરફ અને તારી સખાવતથી તારી સખાવત તરફ અને

તારી રેહમત થી તારી રેહમત તરફ અને તારા ઈતાઅત ગુઝારોથી તારી તરફ અને તારી પાસે માંગણી કરુ છુ એ બધી જ બાબતોની જે તારા નેક બંદઓએ તારી પાસે માંગણી કરી, એવી માંગણી જે શરાફતમા વધારો કરનારો હોય, જે રદ ન થાય અને તને પુકારૂ છુ એ થકી જેના દ્વારા (તેઓએ) તને પોકાર્યો. અને એવી પુકાર હોય કે જેનો જવાબ મળ્યો હોય અને જે પુકાર નાઉમ્મીદ ન થઈ હોય.

يَا اَللّٰهُ يَا رَحْمَانُ يَا رَحِيْمُ يَا حَلِيْمُ يَا كَرِيْمُ يَا عَظِيْمُ يَا جَلِيْلُ يَا مُنِيْلُ يَا جَمِيْلُ يَا كَفِيْلُ يَا وَكِيْلُ يَا مُقِيْلُ يَا

مُجِيْرُ يَا خَبِيْرُ يَا مُنِيْرُ يَا مُبِيْرُ يَا
مَنِيْعُ يَا مُدِيْلُ يَا مُحِيْلُ يَا كَبِيْرُ يَا
قَدِيْرُ يَا بَصِيْرُ يَا شَكُوْرُ يَا بَرُّ يَا طُهْرُ يَا
طَاهِرُ يَا قَاهِرُ يَا ظَاهِرُ يَا بَاطِنُ يَا سَاتِرُ
يَا مُحِيْطُ يَا مُقْتَدِرُ يَا حَفِيْظُ يَا
مُتَجَبِّرُ يَا قَرِيْبُ يَا وَدُوْدُ يَا حَمِيْدُ يَا
مَجِيْدُ يَا مُبْدِئُ يَا مُعِيْدُ يَا شَهِيْدُ يَا
مُحْسِنُ يَا مُجْمِلُ يَا مُنْعِمُ يَا مُفْضِلُ
يَا قَابِضُ يَا بَاسِطُ يَا هَادِيْ يَا مُرْسِلُ
يَا مُرْشِدُ يَا مُسَدِّدُ يَا مُعْطِيْ يَا مَانِعُ يَا
دَافِعُ يَا رَافِعُ يَا بَاقِيْ يَا وَاقِيْ يَا خَلَّاقُ يَا

وَهَّابُ يَا تَوَّابُ يَا فَتَّاحُ يَا نَفَّاحُ يَا مُرْتَاحُ

અય અલ્લાહ! અય અતા કરવાવાળા! અય મહેરબાન! અય સહનશીલ! અય કરીમ! અય મહાન! અય મહાનતા ધરાવનાર! અય સખી! અય સુંદર! અય સરપરસ્ત! અય મુશ્કીલને દૂર કરનાર! અય ચુકી ગયેલી ઘડીઓ ને પકડી પાડનાર! અય પનાહ આપનાર! અય જાણકાર! અને પ્રકાશ આપનાર! અય નાબુદ કરવાવાળા! અય ઉચ્ચ મકામવાળા! અને અય (આલમીનના) ચલાવવાવાળા! અય હિકમતવાળા! અય મહાન! અય શક્તિવાન! અય જોવાવાળો! અય

વખાણ ને સ્વીકારનાર! અય ખૂબજ નેક! અય પવિત્રતા ! અય પવિત્ર ! અય કુદરતવાળા! અય છુપો! અય અય્બોને છુપાવનાર ! અય છવાઈ જનાર! અય તાકતવર! અય રક્ષક! અય મહાન વિચારશરણી! અય નજીક! અય મુહબ્બત કરનાર! અય વખાણ થયેલા! અય મહાન! અય શરૂ કરનાર! અય પાછો ફેરવનાર! અય સાક્ષી! અય એહસાન કરનાર! અય સુંદરતા અર્પણ કરનાર! અય સખાવત આપનાર! અય વધારો કરનાર! અય લઈ લેનાર! અય આપનાર! અય માર્ગદર્શક! અય મોકલનાર! અય વૃદ્ધિ આપનાર! અય મજબૂતાઈ આપનાર! અય

મહાનતા આપનાર! અય હંમેશા બાકી રેહનાર! અય ધ્યાન રાખવાવાળા! અય સર્જનહાર! અય ખૂબજ અતા કરનાર! અય તૌબાને કબુલ કરવાવાળા! અય કાર્યોને ઉકેલનાર! અય ખુબજ આપવાવાળા! અય ઉત્સાહ આપનાર!

يَا مَنْ بِيَدِهِ كُلُّ مِفْتَاحٍ يَا نَفَّاعُ يَا رَءُوْفُ يَا عَطُوْفُ يَا كَافِيُ يَا شَافِيُ يَا مُعَافِيُ يَا مُكَافِيُ يَا وَفِيُّ يَا مُهَيْمِنُ يَا عَزِيْزُ يَا جَبَّارُ يَا مُتَكَبِّرُ يَا سَلامُ يَا مُؤْمِنُ يَا أَحَدُ يَا صَمَدُ يَا نُوْرُ يَا مُدَبِّرُ يَا فَرْدُ يَا وِتْرُ يَا قُدُّوْسُ يَا نَاصِرُ يَا

مُؤْنِسُ يَا بَاعِثُ يَا وَارِثُ يَا عَالِمُ يَا
حَاكِمُ يَا بَادِيُ يَا مُتَعَالِيُ يَا مُصَوِّرُ يَا
مُسَلِّمُ يَا مُتَحَبِّبُ يَا قَائِمُ يَا دَائِمُ يَا
عَلِيْمُ يَا حَكِيْمُ يَا جَوَادُ يَا بَارِئُ يَا بَارُّ
يَا سَارُّ يَا عَدْلُ يَا فَاصِلُ يَا دَيَّانُ يَا
حَنَّانُ يَا مَنَّانُ يَا سَمِيْعُ يَا بَدِيْعُ يَا
خَفِيْرُ يَا مُعِيْنُ يَا نَاشِرُ يَا غَافِرُ يَا
قَدِيْمُ يَا مُسَهِّلُ يَا مُيَسِّرُ يَا مُمِيْتُ يَا
مُحْيِيُ يَا نَافِعُ يَا رَازِقُ يَا مُقْتَدِرُ يَا
مُسَبِّبُ يَا مُغِيْثُ يَا مُغْنِيُ يَا مُقْنِيُ يَا
خَالِقُ يَا رَاصِدُ يَا وَاحِدُ يَا حَاضِرُ يَا

جَابِرُ يَا حَافِظُ يَا شَدِيْدُ يَا غِيَاثُ يَا عَائِدُ يَا قَابِضُ

અય એ કે જેના હાથમાં દરેકની ચાવી છે. અય ખૂબજ વધારે ફાયદો પહોચાડનાર! અય મોહબ્બત કરનાર! અય માયાળુ! અય રોકનાર! અય શફા આપનાર! અય સલામતી આપનાર! અય અજ આપનાર! અય વફા કરનાર! અય પ્રભુત્વ ધરાવનાર! અય ઈઝ્ઝતવાળા! અય ભરપાઈ કરવાવાળા! અય ઉચ્ચ વિચારધારા વાળા! અય સલામતી! અય રક્ષણ આપનાર! અય એકલો (કાફી)! અય બેનીયાઝ! અય નૂર! અય રસ્તો કાઢનાર! અય એકતા! અય એક જ!

અય કુદ્દુસ! અય મદદગાર! અય સાથી! અય પ્રેરણાદાયી! અય વારિસ! અય જ્ઞાની! અય હુક્મ આપનાર! અય શરૂ કરનાર! અય ઉચ્ચ! અય આકાર આપનાર! અય સલામતિ આપનાર! અય પ્રેમ વરસાવનાર! અય મક્કમ! અય હમેંશાવાળા! અય જ્ઞાની! અય હિક્મતવાળા! અય સખી! અય સર્જનહાર! અય ભલા! અય ખુશી વધારનાર! અય ન્યાય કરનાર! અય ન્યાયધીશ! અય બદલો આપનાર! અય પ્રેમથી ભરેલો! અય એહસાનો કરનાર! અય સાંભળનાર! અય અસ્તીત્વ આપનાર! અય આધાર આપનાર! અય મદદગાર! અય મુર્દા ને જીવંત કરનાર! અય માફ

કરનાર! અય જુનામાં જુનો! અય સરળતા ઉભી કરનાર! અય સરળ કરનાર! અય મૃત્યુ આપનાર! અય જીવંત કરનાર! અય નફો પોહચાડનાર! અય રોઝી આપનાર! અય કુદરતમંદ! અય સબબ બનાવનાર! અય ફરયાદે પહોચનાર! અય બેનીયાઝ કરવાવાળા! અય અતા અને જૂદના માલિક! અય પૈદા કરનાર! અય સુક્ષ્મતાથી ધ્યાન આપનાર! અય એકલો! અય હાજર! અય ભરપાઈ કરનાર! અય રક્ષણહાર! અય મક્કમ! અય ફરયાદે પહોચનાર! અય પાછુ અપાવનાર! અય લઈ લેનાર!

يَا مَنْ عَلا فَاسْتَعْلَى فَكَانَ بِالْمَنْظَرِ

الْأَعْلَى يَا مَنْ قَرُبَ فَدَنَا وَ بَعُدَ فَنَأَى وَ
عَلِمَ السِّرَّ وَ أَخْفَى ، يَا مَنْ إِلَيْهِ
التَّدْبِيْرُ وَ لَهُ الْمَقَادِيْرُ وَ يَا مَنِ
الْعَسِيْرُ عَلَيْهِ سَهْلٌ يَسِيْرٌ ، يَا مَنْ هُوَ
عَلٰى مَا يَشَاءُ قَدِيْرٌ ، يَا مُرْسِلَ الرِّيَاحِ
، يَا فَالِقَ الْإِصْبَاحِ ، يَا بَاعِثَ الْأَرْوَاحِ
، يَا ذَا الْجُوْدِ وَ السَّمَاحِ ، يَا رَادَّ مَا قَدْ
فَاتَ ، يَا نَاشِرَ الْأَمْوَاتِ يَا جَامِعَ
الشَّتَاتِ يَا رَازِقَ مَنْ يَشَاءُ بِغَيْرِ
حِسَابٍ وَ يَا فَاعِلَ مَا يَشَاءُ كَيْفَ يَشَاءُ
وَ يَا ذَا الْجَلَالِ وَ الْإِكْرَامِ ، يَا حَيُّ يَا

قَيُّومُ يَا حَيًّا حِيْنَ لَا حَيَّ يَا حَيُّ يَا مُحْيِيَ الْمَوْتَى يَا حَيُّ لَا إِلٰهَ إِلَّا أَنْتَ بَدِيْعُ السَّمَاوَاتِ وَالْأَرْضِ

અય એ કે બુલંદ છે અને તેનું મકામ ખુબ જ બુલંદ છે! તો પોતાના ઉચ્ચ મકામ પર ફાએઝ છે! અય એ કે જે નજીક થયો તો પાસે આવી ગયો! અને દુર થયો તો પ્રાપ્ત ન થવાવાળો થઈ ગયો! અને છુપો તથા ન દેખાતુ ને જાણે છે! અય એ કે જેના હાથમાં દરેક કાર્યોની તદબીર છે. અને જેના હાથમાં તકદીર છે! અય એ કે દરેક મુશ્કેલી તેના માટે હલ અને સરળ છે! અય એ કે જે કંઈ પણ ચાહે છે તે કરી શકે છે! અય હવાઓને ને

મોકલનાર! અય ફ્જના પ્રકારને ઉત્પન્ન કરનાર! અય રૂહો ને ઉઠાવનાર! અય બક્ષિશ અને નેઅમતોના માલીક! અય ગુમાવેલા ને પાછુ અપાવનાર! અય મુર્દાઓ ને જીવન આપનાર! અય છુટા પડેલાઓ ને એકઠા કરનાર! અય જેને ચાહે તેને બેહિસાબ રોઝી આપવાવાળા! અય જે ચાહે અને જેવી રીતે ચાહે તેમ કરવાવાળા! અય ઈઝ્ઝત અને બુઝુર્ગી ના માલીક! અય જીવંત! અય મક્કમ! અય એ સમયે જીવીત જ્યારે કોઈ જ જીવતું ન હતુ! અય હંમેશાથી જીવંત! અય મુર્દાઓને જીવન આપનાર! અય એવો જીવંત કે તારી સિવાય બીજો

કોઈ ખુદા નથી કે જેણે આસમાનો અને જમીન ને બનાવેલ છે!

يَا إِلٰهِيْ وَ سَيِّدِيْ ، صَلِّ عَلىٰ مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ ارْحَمْ مُحَمَّدًا وَ آلَ مُحَمَّدٍ وَ بَارِكْ عَلىٰ مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ وَ بَارَكْتَ وَ رَحِمْتَ عَلىٰ إِبْرَاهِيْمَ وَ آلِ إِبْرَاهِيْمَ، إِنَّكَ حَمِيْدٌ مَجِيْدٌ وَ ارْحَمْ ذُلِّيْ وَ فَاقَتِيْ وَ فَقْرِيْ وَ انْفِرَادِيْ وَ وَحْدَتِيْ وَ خُضُوْعِيْ بَيْنَ يَدَيْكَ وَ اعْتِمَادِيْ عَلَيْكَ وَ تَضَرُّعِيْ إِلَيْكَ

અય મારા મઅબૂદ ! અય મારા મૌલા

! હ.મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ) પર રહમત નાઝીલ કર, અને હ.મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ) પર એવી બરકત નાઝિલ કર જેવી તે હ.ઈબ્રાહિમ (અ) અને આલે ઈબ્રાહિમ (અ) માટે નાઝિલ કરી. બેશક તુ જ વખાણને પાત્ર અને માનવંત છો, અને મારી ઝિલ્લત પર તથા મારી મોહતાજી, પર મારી જરૂરત પર, અને મારી ગરીબી પર, અને મારી એકલતા પર રહેમ ફરમાવ; અને મારી વિનમ્રતા અને આજીજી તારી સામે છે. મારો ભરોસો અને આધાર તારી પર જ છે. મારી ગિર્યાઝારી તારા માટે છે.

أَدْعُوكَ دُعَاءَ الْخَاضِعِ الذَّلِيْلِ الْخَاشِعِ الْخَائِفِ الْمُشْفِقِ الْبَائِسِ الْمَهِيْنِ الْحَقِيْرِ الْجَائِعِ الْفَقِيْرِ الْعَائِذِ الْمُسْتَجِيْرِ الْمُقِرِّ بِذَنْبِهِ الْمُسْتَغْفِرِ مِنْهُ الْمُسْتَكِيْنِ لِرَبِّه ، دُعَاءَ مَنْ أَسْلَمَتْهُ ثِقَتُهوَ رَفَضَتْهُ أَحِبَّتُه وَ عَظُمَتْ فَجِيعَتُه ، دُعَاءَ حَرِقٍ حَزِيْنٍ ضَعِيْفٍ مَهِيْنٍ بَائِسٍ مُسْتَكِيْنٍ بِكَ مُسْتَجِيْرٍ

હુ તને પુકારૂ છું એ શખ્સની પુકારની જેમ જે વિનમ્ર હોય, ભાંગી પડેલો

હોય, ભયભીત હોય, જેનુ કોઇ ન હોય, જે નાચીઝ હોય, ભુખ્યો હોય, નાદાર હોય, પનાહ શોધનાર હોય, ગુનાહનો ઈકરાર કરતો હોય, ભુલોની માફી માંગતો હોય, ભટકેલો, રખડી પડેલો પોતાના પરવરદીગાર ની બારગાહ મા આવ્યો હોય. હુ તને પુકારૂ છુ એ શખ્સની પુકાર જેવી જેના આધારો તુટી ગયા, જેના દોસ્તો એ તેને તરછોડી મુક્યો અને જેની લાચારી ખૂબજ વધી ગઈ હોય, તેના જેવી પોકાર જે દિલ જલેલો હોય, ગમગીન, અશક્ત, મુલ્ય ગુમાવેલો હોય, જેનુ કોઇ ન

હોય, ઠોકરો ખાધેલો, પનાહ શોધનાર હોય

اَللّٰهُمَّ وَ أَسْأَلُكَ بِأَنَّكَ مَلِيْكٌ وَ أَنَّكَ مَا تَشَاءُ مِنْ أَمْرٍ يَكُوْنُ وَ أَنَّكَ عَلٰى مَا تَشَاءُ قَدِيْرٌ وَ أَسْأَلُكَ بِحُرْمَةِ هٰذَا الشَّهْرِ الْحَرَامِ وَ الْبَيْتِ الْحَرَامِ وَ الْبَلَدِ الْحَرَامِ وَ الرُّكْنِ وَ الْمَقَامِ وَ الْمَشَاعِرِ الْعِظَامِ وَ بِحَقِّ نَبِيِّكَ مُحَمَّدٍ عَلَيْهِ وَ آلِهِ السَّلَامُ ، يَا مَنْ وَهَبَ لِآدَمَ شَيْئًا وَ لِإِبْرَاهِيْمَ إِسْمَاعِيْلَ وَ إِسْحَاقَ ، وَ يَا مَنْ رَدَّ يُوْسُفَ عَلٰى

يَعْقُوْبَ وَ يَا مَنْ كَشَفَ بَعْدَ الْبَلَاءِ
ضُرَّ أَيُّوْبَ ، يَا رَادَّ مُوْسٰى عَلٰى أُمِّهِ وَ
زَائِدَ الْخِضْرِ فِيْ عِلْمِه وَ يَا مَنْ وَهَبَ
لِدَاوُدَ سُلَيْمَانَ وَ لِزَكَرِيَّا يَحْيٰى وَ
لِمَرْيَمَ عِيْسٰى ، يَا حَافِظَ بِنْتِ شُعَيْبٍ
وَيَا كَافِلَ وَلَدِ أُمِّ مُوْسٰى

અય અલ્લાહ! તારાથી સવાલ કરૂ છુ, તારી માલિકિયતના વાસ્તા થકી અને તુ જે ચાહે તે થઈ જાય છે. અને તુ જે ઈરાદો કરે છે તેની કુદરત પણ રાખે છો. અને તારી પાસે સવાલ કરૂ છુ, આ મોહતરમ મહિના ના વાસ્તાથી અને મોહતરમ ઘરના

વાસ્તાથી અને મોહતરમ શહેરના વાસ્તાથી અને રૂકન, મકામ અને મશઅરના વાસ્તાથી અને તારા પયગમ્બર હ. મોહમ્મદ (સ.અ.વ.) ના વાસ્તાથી કે સલામ થાય તેઓ પર અને તેઓની આલ પર; અય હ.આદમ (અ.) ને શય્સ (અ) અતા કરનાર, અને હ.ઈબ્રાહીમ (અ.) ને હ.ઈસ્માઈલ (અ) તેમ જ હ.ઈસ્હાક (અ) અતા કરનાર, અને અય હ. યુસુફ (અ) ને હ.યઅકૂબ (અ) તરફ પલટાવનાર, અને અય જ. અય્યુબ (અ) ની બલાઓને ઈમ્તેહાન પછી દફે કરનાર. અય હ. મુસા(અ.) ને તેમની માતા તરફ પલટાવનાર, અને

હ.ખિઝ્ર (અ) ના ઈલ્મમાં વધારો કરનાર, અય હ.દાઊદ ને હ.સુલૈમાન (અ) અતા કરનાર, અને જ.ઝકરીયા ને જ.યહ્યા અને જ.મરયમ ને જ.ઈસા અતા કરનાર, અય હ. શોએબ (અ) ની દિકરી ની હિફાઝત કરનાર, અય માદરે મુસા (અ) ના દીકરાની સરપરસ્તી કરનાર

أَسْأَلُكَ أَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ أَنْ تَغْفِرَ لِيْ ذُنُوْبِي كُلَّهَا وَ تُجِيْرَنِيْ مِنْ عَذَابِكَ وَ تُوْجِبَ لِيْ رِضْوَانَكَ وَ أَمَانَكَ وَ إِحْسَانَكَ وَ غُفْرَانَكَ وَ جِنَانَكَ وَ أَسْأَلُكَ أَنْ تَفُكَّ

عَنِّيْ كُلَّ حَلْقَةٍ بَيْنِيْ وَ بَيْنَ مَنْ يُؤْذِيْنِيْ وَتَفْتَحَ لِيْ كُلَّ بَابٍ وَتُلَيِّنَ لِيْ كُلَّ صَعْبٍ وَ تُسَهِّلَ لِيْ كُلَّ عَسِيْرٍ وَ تُخْرِسَ عَنِّيْ كُلَّ نَاطِقٍ بِشَرٍّ وَ تَكُفَّ عَنِّيْ كُلَّ بَاغٍ وَ تَكْبِتَ كُلَّ عَدُوٍّ لِيْ وَ حَاسِدٍ وَتَمْنَعَ مِنِّيْ كُلَّ ظَالِمٍ

હું તારા થી સવાલ કરું છું કે હ.મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ.) પર રેહમત નાઝીલ કર. અને મારા બધા જ ગુનાહોને માફ કર. અને મને તારા અઝાબથી પનાહ આપ, અને મારી ઈજાબત એવી રીતે કર કે મને તારી

ખુશનુદી, અમાન, એહસાન, માફી, અને જન્નતો પ્રાપ્ત થાય. અને હુ સવાલ કરું છુ કે મને દરેક ઘેરાવ અને મુશ્કેલીમાથી છોડાવ જે મને તકલીફો પોહચાડે છે, અને દરેક દરવાજા મારા માટે ખોલી આપ, અને દરેક સખ્તીને મારા માટે આસાન બનાવ, અને દરેક અઘરા કાર્યો ને સરળ બનાવ, અને દરેક નિંદાખોર (જે મારી વિરૂધ્ધ નિંદા કરતો હોય) ની જીભ ને મુંગી કરી દે. અને દરેક અત્યાચારી ને (મારી પર અત્યાચાર કરવાથી) થી રોકી લે, અને મારા દરેક દુશ્મન અને ઈર્ષાળુને નાબુદ કર. અને દરેક ઝાલીમને મારી પર ઝૂલ્મ કરવાથી અટકાવી દે.

وَ تَكْفِيَنِي كُلَّ عَائِقٍ يَحُولُ بَيْنِي وَ بَيْنَ حَاجَتِي وَ يُحَاوِلُ أَنْ يُفَرِّقَ بَيْنِي وَ بَيْنَ طَاعَتِكَ وَ يُثَبِّطَنِي عَنْ عِبَادَتِكَ ، يَا مَنْ أَلْجَمَ الْجِنَّ الْمُتَمَرِّدِيْنَ وَ قَهَرَ عُتَاةَ الشَّيَاطِيْنِ وَ أَذَلَّ رِقَابَ الْمُتَجَبِّرِيْنَ وَ رَدَّ كَيْدَ الْمُتَسَلِّطِيْنَ عَنِ الْمُسْتَضْعَفِيْنَ ، أَسْأَلُكَ بِقُدْرَتِكَ عَلَىٰ مَا تَشَاءُ وَ تَسْهِيلِكَ لِمَا تَشَاءُ كَيْفَ تَشَاءُ أَنْ تَجْعَلَ قَضَاءَ حَاجَتِي فِيمَا تَشَاءُ

અને મારી માટે કાફી થઈ મારા દરેક

એ અવરોધને દૂર કર જે મારી અને મારી હાજત ની કબૂલીયત ની વચ્ચે છે અને (એ અવરોધ) ચાહે છે કે મને અને મારી હાજતને એક બીજાથી વિખૂટા પાડી દે. અને (એ અવરોધને દૂર કર જે) તારી ઈબાદતથી મને રોકી રાખે અને મારી અને ઈબાદત વચ્ચે અંતર નાખી દે છે, (અને આ રીતે બધા અવરોધોને દૂર કરીને મારી માટે કાફી થઈ જા). અય એ કે જેને વિકરાળ જીનોને નહાર કર્યા, અને ઘમંડી શયતાનોને પછાડી ફેક્યાં, અને નાફરમાનોના માથાઓને ઝમીન પર ફેકી રગડયા, અને કાબુ મેળવનાર ના છળને નબળા લોકોથી પાછો ફેરવ્યો,

તારાથી સવાલ કરૂ છુ તારી એ કુદરતના વસ્તાથી જેના થકી તું જે ચાહે તે થાય છે. અને તારી સરળ કરવાની તાકતના વસ્તા થકી જે ચાહે છે તેને આસાન કરે છે. (હુ ચાહુ છુ કે) મને એ લોકોમાં શામિલ કર જેની હાજત તે પુરી કરી છે.

પછી ઝમીન ઉપર સજદો કરે અને બન્ને ગાલોને માટી ઉપર રાખે અને કહે અને કોશિશ કરે કે આંખોમાંથી આંસુ જારી થાય ભલે પછી માંખીની પાંખની જેટલા જ કેમ ન હોય કારણ કે આમ થવું તે કબુલ થવાની નિશાની છે :

اَللّٰهُمَّ لَكَ سَجَدْتُ وَ بِكَ آمَنْتُ فَارْحَمْ ذُلِّيْ وَ فَاقَتِيْ وَ اجْتِهَادِيْ وَ تَضَرُّعِيْ وَ مَسْكَنَتِيْ وَ فَقْرِيْ إِلَيْكَ يَا رَبِّ

અય અલ્લાહ! ફક્ત તારા માટે સજદો કર્યો, અને ફક્ત તારી પર ઈમાન લાવ્યો છું, તો તું રહેમ કર મારી ઝીલ્લત પર અને મારી ગરીબી પર અને મારા પ્રયત્નો પર અને મારા આંસુઓ પર અને મારી લાચારી પર અને મારી ફકીરી પર, અય મારા પલનહાર!

## સત્યાવીસમી રજબની રાત

શબે મબ્અસ (ઈદે બેઅસત) તથા ઈદે મેઅરાજ

આ રાત ખુબજ બરકતવાળી રાત છે અને આ રાતના અમુક આમાલ છે. આપણા નવમાં ઈમામ હઝરત મોહમ્મદ તકી (અ.) થી રિવાયત છે કે જે બધી વસ્તુ ઉપર સુરજનો પ્રકાશ પડે છે તેની બધી વસ્તુથી વધારે બેહતર સત્યાવીસમી રજબની રાત છે કે જેની સુબ્હમાં (સવારે) અલ્લાહ તરફથી પયગમ્બર (સ.અ.વ.) ને રિસાલતનો તાજ પહેરાવવામાં આવ્યો;

<u>**નવમાં ઈમામ (અ.સ.) નો અમલ**</u>

ઈમામ મુહમ્મદ તકી (અ) ફરમાવે છે કે **ચોક્કસ અમારા શિયાઓમાંથી જે કોઈ આ રાત્રીએ એક અમલ બજાવી લાવશે તેની માટે સાઈઠ વર્ષનો સવાબ છે.** જયારે ઈમામ (અ.) ને પુછવામાં આવ્યું કે આ કયો અમલ છે તો ઈમામ (અ.) એ જવાબ આપ્યો કે :

નમાઝે ઈશા પછી રાતના સુતા બાદ અડધી રાતની પહેલા જાગે અને બે-બે રકઆત કરીને બાર રકાત નમાઝ અદા કરે, જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી કુરઆનના નાના સૂરાઓ (મુફસ્સલ) એટલે કે સૂરા નંબર ૪૬ સૂરએ મુહમ્મદ (સ.અ.વ.) થી સૂરએ નાસ (છેલ્લા સૂરા) સુધીમાંથી કોઈ પણ સુરો પઢે. **આ રીતે બાર રકઆત નમાઝ** પૂરી થયા પછી સાત વખત સૂરએ અલ્હમ્દ, સાત વખત સૂરએ ફલક, સાત વખત સૂરએ નાસ, સાત વખત સૂરએ તવ્હીદ, સાત વખત સૂરએ કાફિરૂન, સાત વખત સૂરએ કદ્ર, સાત વખત આયતુલ કુરસી પઢે અને ત્યારબાદ આ નીચે મુજબ દુઆ

પઢે અને પછી પોતાની હાજત માંગે અને જે દુઆ માંગવી હોય તે દુઆ માંગે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَمْ يَتَّخِذْ وَلَدًا وَلَمْ يَكُنْ لَه شَرِيْكٌ فِي الْمُلْكِ وَلَمْ يَكُنْ لَه وَلِيٌّ مِنَ الذُّلِّ وَ كَبِّرْهُ تَكْبِيْرًا ، اَللّٰهُمَّ إِنِّيْ أَسْأَلُكَ بِمَعَاقِدِ عِزِّكَ عَلٰى أَرْكَانِ عَرْشِكَ وَ مُنْتَهَى الرَّحْمَةِ مِنْ كِتَابِكَ وَ بِاسْمِكَ الْأَعْظَمِ الْأَعْظَمِ الْأَعْظَمِ وَ ذِكْرِكَ الْأَعْلَى الْأَعْلَى الْأَعْلٰى وَ بِكَلِمَاتِكَ التَّامَّاتِ أَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَ آلِه وَ أَنْ تَفْعَلَ بِيْ مَا أَنْتَ

أَهْلُه

બધા જ વખાણ એ અલ્લાહના કે જેની કોઈ અવલાદ નથી અને ન તો તેની હુકુમતમા કોઈ ભાગીદાર છે, ન તો તેની નમ્રતા માટે કોઈ મદદગાર છે, અને તેને ખુબજ મહાન જાણવામા આવે. અય અલ્લાહ! હુ તારાથી સવાલ કરૂ છુ , તારા માનવંત મકામના વાસ્તાથી કે જે તારા અર્શના પાયા પર છે અને તારી કિતાબ (કુરઆન) માં દર્શાવેલી છેલ્લી હદ સુધીની રહેમતના વાસ્તા અને તારા ખુબજ અઝમતવાળા અઝીમ નામના વાસ્તાથી અને તારા સર્વોચ્ચ અને બુલંદ ઝીક્ર થકી અને

તારા સંપૂર્ણ કલેમાઓ થકી કે હ. મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ પર રહેમત નાઝિલ કર અને મારી સાથે એવો વર્તાવ કર જેવું વર્તન તને શોભે છે.

**ગુસ્લ**

આ રાતના ગુસ્લ કરવું મુસ્તહબ છે.

**નમાઝ – બાર રકઆત**

આ નમાઝ પંદરમી રાતના પણ પઢવામાં આવે છે, આપણા છઠ્ઠા ઈમામ હઝરત જઅફરે સાદિક (અ.) થી રિવાયત છે કે બે-બે રકઆત કરીને બાર રકઆત નમાઝ પઢે કે જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી કોઈ પણ સૂરો પઢે. નમાઝ પૂરી થયા પછી ચાર-ચાર વખત સૂરએ અલ્હમ્દ, સૂરએ ફલક, સૂરએ નાસ, સૂરએ તવ્હીદ, અને આયતુલ કુરસી પઢે, ત્યાર બાદ ચાર વખત કહે :

سُبْحَانَ اللّٰهِ وَ الْحَمْدُ لِلّٰهِ وَ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَ اللّٰهُ أَكْبَرُ

તરજુમો: પાક છે અલ્લાહ, અને બધા જ વખાણ અલ્લાહ માટે જ છે અને અલ્લાહ સિવાય બીજો કોઈ મઅબુદ નથી અને અલ્લાહ સૌથી મહાન છે.

પછી એક વખત કહે :

اَللّٰهُ اَللّٰهُ رَبِّيْ لَا أُشْرِكُ بِهٖ شَيْئًا وَ مَا شَاءَ اللّٰهُ لَا قُوَّةَ إِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

તરજુમો : અલ્લાહ, ફક્ત અલ્લાહ છે મારો પલનહાર, હુ તેની સાથે કોઈ પણ વસ્તુ ને ભાગીદાર નથી ગણતો અને જે અલ્લાહ ચાહે છે તે

જ થાય છે, સર્વોચ્ચ અને મહાન અલ્લાહની તાકત સિવાય બીજા કોઈ થકી તાકત નથી.

## ઝિયારતે ઈમામ અલી (અ.)

આ રાત્રે સૌથી વધારે ફઝીલત ધરાવનાર અમલ અમીરૂલ મોઅમેનીન ઈમામ અલી (અ.) ની ઝિયારત છે. આ રાત્રીના ઈમામ અલી (અ.) ની ઝિયારત કરનાર ગમે તેવી મોટી બિમારીમાં ફસાયેલા હોય, શિફા મેળવે છે.

### પહેલી ઝિયારત - ઝિયારતે રજબીય્યહ

જે ઝિયારતે રજબીય્યહના નામથી ઓળખાય છે જેની માટે ઈમામે ઝમાના (અ.) ના ખાસ નાએબ અબુલ કાસિમ હુસૈન બિન રવ્હ (અ.ર.) ફરમાવે છે કે માહે રજબમાં કોઈ પણ મઅસૂમીન (અ.મુ.) ના રોઝા મુબારકમાં આ રીતે ઝિયારત કરો અને ઝિયારત બાદ બે રકઆત નમાઝે ઝિયારત પઢવી

بِسۡمِ اللهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، اَلۡحَمۡدُ لِلّٰهِ الَّذِيۡ أَشۡهَدَنَا مَشۡهَدَ أَوۡلِيَائِهِ فِيۡ رَجَبٍ وَ أَوۡجَبَ عَلَيۡنَا مِنۡ حَقِّهِمۡ مَا قَدۡ وَجَبَ وَ صَلَّى اللهُ عَلٰى مُحَمَّدٍ الۡمُنۡتَجَبِ وَ عَلٰى أَوۡصِيَائِهِ الۡحُجُبِ ، اَللّٰهُمَّ فَكَمَا أَشۡهَدۡتَنَا مَشۡهَدَهُمۡ فَأَنۡجِزۡ لَنَا مَوۡعِدَهُمۡ وَ أَوۡرِدۡنَا مَوۡرِدَهُمۡ غَيۡرَ مُحَلَّئِيۡنَ عَنۡ وِرۡدٍ فِيۡ دَارِ الۡمُقَامَةِ وَالۡخُلۡدِ

વખાણ છે તે અલ્લાહના કે જેણે રજબના મહિનામાં તેના અવલીયાના હરમમાં અમને હાજર

કર્યા અને તેઓના હક્કમાંથી અમારી માટે જે કંઈ જરૂરી હતું તે વાજિબ કર્યું અને અય અલ્લાહ ! સલવાત થાય તારા ચૂંટાયેલા હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને નજાત અપાવનાર તેમના જાનશીનો પર. અય અલ્લાહ (તારો શુક્ર અને એહસાન છે કે) તે અમોને તેઓની બારગાહમાં હાજર કર્યા, તો સાથે-સાથે અમોને અપાયેલા વાયદાને પણ પુરા કર અને અમોને તેઓની જગ્યાએથી દાખલ કર, એવી રીતે કે હંમેશાના ઘર અને જન્નતમાં દાખિલ થવાથી દૂર કરવામાં ન આવીએ.

وَ السَّلَامُ عَلَيْكُمْ ، إِنِّي قَصَدْتُكُمْ وَ

اعْتَمَدْتُكُمْ بِمَسْأَلَتِيْ وَ حَاجَتِيْ وَ هِيَ فَكَاكُ رَقَبَتِيْ مِنَ النَّارِ وَ الْمَقَرُّ مَعَكُمْ فِيْ دَارِ الْقَرَارِ مَعَ شِيْعَتِكُمُ الْأَبْرَارِ وَ السَّلامُ عَلَيْكُمْ بِمَا صَبَرْتُمْ فَنِعْمَ عُقْبَى الدَّارِ

અને સલામ થાય તમારી ઉપર (અય ખુદાના અવલીયા), હું તમારો ઈરાદો કરીને આવ્યો છે અને મારી ઈચ્છાઓ અને હાજતો માટે તમારી ઉપર આધાર રાખું છું, મારી (પેહલી) હાજત (છે) જહન્નમની આગથી છુટકારો અને (અને બીજી હાજત) તમારા નેક ભલા શિઆઓની સાથે હમેશાના ઘર (જન્નત)માં તમારી

સાથે જગ્યા મેળવવાની છે; અને સલામ થાય તમારી ઉપર તમોએ કરેલી સબ્ર માટે, કેવું સરસ છે આખેરત નું આ ઘર !!

أَنَا سَائِلُكُمْ وَ آمِلُكُمْ فِيْمَا إِلَيْكُمُ التَّفْوِيْضُ وَ عَلَيْكُمُ التَّعْوِيْضُ ، فَبِكُمْ يُجْبَرُ الْمَهِيْضُ وَ يُشْفَى الْمَرِيْضُ وَ مَا تَزْدَادُ الْأَرْحَامُ وَ مَا تَغِيْضُ ، إِنِّيْ بِسِرِّكُمْ مُؤْمِنٌ وَلِقَوْلِكُمْ مُسَلِّمٌ وَ عَلَى اللهِ بِكُمْ مُقْسِمٌ فِيْ رَجْعِيْ بِحَوَائِجِيْ وَ قَضَائِهَا وَ إِمْضَائِهَا وَ إِنْجَاحِهَا وَ إِبْرَاحِهَا وَ بِشُئُوْنِيْ لَدَيْكُمْ

وَصَلَاحِهَا

હું તમારી પાસે માંગણી કરું છું અને તમારી પાસે આરઝૂ અને ઉમ્મીદ રાખું છું એ બાબતોમાં જેમાં તમને (અલ્લાહ તરફથી) ઈખ્તેયાર છે અને જેનો બદલાવ તમારા હુકમ મુજબ થાય છે, (ફક્ત) તમારા થકી જ તૂટેલાઓ સંધાય છે, બિમારો તંદુરસ્ત થાય છે, અને માતાઓના પેટમાં રહેલ ગર્ભમાં વધારો કે ઘટાડો (થાય છે); હું તમારા ભેદો પર ઈમાન ધરાવું છું અને તમારા હુકમો સામે તસ્લીમ (શરણાગતી સ્વીકારું) છું અને તમને અલ્લાહની કસમ આપું છું એ બાબત માટે કે તમારા હરમથી મારી હાજતોની કાબુલિયત સાથે

પાછો ફરું અને તે (હાજતો) ને અમલીજામો પેહરાવી તેમાં કામયાબીની મહોરની સાથે (પાછો ફરું), તેમજ તેની મુશ્કેલીઓ દૂર કરાવી અને મારા કાર્યો તમારી પાસે સુધારીને (પાછો ફરું).

وَ السَّلَامُ عَلَيْكُمْ سَلَامَ مُوَدِّعٍ وَ لَكُمْ حَوَائِجَه مُوْدِعٍ ، يَسْأَلُ اللهَ إِلَيْكُمُ الْمَرْجِعَ وَ سَعْيَه إِلَيْكُمْ غَيْرَ مُنْقَطِعٍ وَ أَنْ يَرْجِعَنِيْ مِنْ حَضْرَتِكُمْ خَيْرَ مَرْجِعٍ إِلٰى جَنَابٍ مُمْرِعٍ وَ خَفْضِ عَيْشٍ مُوَسَّعٍ وَ دَعَةٍ وَ مَهَلٍ إِلٰى حِيْنِ الْأَجَلِ وَ خَيْرِ مَصِيْرٍ وَ مَحَلٍّ فِي

النَّعِيْمِ الْأَزَلِ وَ الْعَيْشِ الْمُقْتَبَلِ وَ دَوَامِ الْأُكُلِ وَ شُرْبِ الرَّحِيْقِ وَ السَّلْسَلِ وَ عَلٍّ وَ نَهَلٍ لَا سَأَمَ مِنْهُ وَ لَا مَلَلَ وَ رَحْمَةُ اللهِ وَ بَرَكَاتُه وَ تَحِيَّاتُه عَلَيْكُمْ حَتَّى الْعَوْدِ إِلىٰ حَضْرَتِكُمْ وَ الْفَوْزِ فِيْ كَرَّتِكُمْ وَ الْحَشْرِ فِيْ زُمْرَتِكُمْ وَ رَحْمَةُ اللهِ وَ بَرَكَاتُه عَلَيْكُمْ وَ صَلَوَاتُه وَ تَحِيَّاتُه وَ هُوَ حَسْبُنَا وَ نِعْمَ الْوَكِيْلُ

તમારી પર સલામ થાય, વિદાય કરવાવાળા ના સલામ જેણે પોતાની ઈચ્છાઓ અને હાજતો તમને સોંપી

દીધી, અને અલ્લાહથી ચાહે છે કે ફરીવાર તમારી તરફ પાછો ફરે (ફરી તમારી ઝિયારત કરે) અને એ રસ્તો જે તમારી તરફ આવે છે તેમાં તે ક્યારેય પણ અટકાય નહિ અને અલ્લાહ મને તમારી પાસેથી બેહતરીન હાલતમાં વિદાઈ કરાવે, ભરેલા હાથો સાથે, હરિયાળી જગ્યાએ અને સુંદર જીવન, વિશાળ અને આનંદિત રહેઠાણ અતા કરે, ત્યાં સુધી કે મૃત્યુ આવી પહોંચે અને મારો સુખદ અંત થાય, અને હમેંશાની નાઅ-નેઅમતમાં રહું અને અમર જીવન પામું, હમેશા રહેવાવાળો (સ્વાદિષ્ટ) ખોરાક, પાક અને તહૂર

પીણાઓ નસીબ થાય, અને ઠંડક આપતું પાણી એકવાર અને અનેકવાર પીવું અને પીવાથી કંટાળો પણ ન આવે; અને તમારી ઉપર અલ્લાહની રેહમતો, બરકતો, તહીય્યાત થાય ત્યાં સુધી કે હું ફરીવાર તમારી સમક્ષ હાજર થાવ અને તમારી હુકુમતમાં સફળ થાવ અને તમારી સાથે મહ્શુર થાવ અને અલ્લાહની રેહમતો, બરકતો, દુરૂદ તથા તહીય્યાત થાય તમારી ઉપર અને તે અલ્લાહ અમારા માટે કાફી છે અને કેવો સરસ વકીલ છે.

## બીજી ઝિયારત – ઝિયારતે ઈમામ અલી (અ)

ઝિયારત બાદ બે રકઆત ઝિયારતની નમાઝ પઢે અને તસ્બીહે જનાબે સય્યદા (સ.અ.) પઢે અને જે હાજત હોય તે માંગે

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ،

اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ آدَمَ خَلِيْفَةِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ نُوْحٍ صَفْوَةِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ إِبْرَاهِيْمَ خَلِيْلِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ مُوْسٰى كَلِيْمِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عِيْسٰى رُوْحِ اللهِ ،

اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ مُحَمَّدٍ سَيِّدِ رُسُلِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا أَمِيْرَ الْمُؤْمِنِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا إِمَامَ الْمُتَّقِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدَ الْوَصِيِّيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَصِيَّ رَسُوْلِ رَبِّ الْعَالَمِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عِلْمِ الْأَوَّلِيْنَ وَالْآخِرِيْنَ

સલામ થાય તમારી પર અય અલ્લાહના ખલીફા હ. આદમ (અ) ના વારીસ, સલામ થાય તમારી પર અય અલ્લાહના ચૂંટાએલા હ.નુહ (અ) ના વારીસ, સલામ થાય તમારી

પર અય અલ્લાહના દોસ્ત હ.ઈબ્રાહીમ (અ) ના વારીસ, સલામ થાય તમારી પર અય અલ્લાહ સાથે વાતો કરનાર હ.મુસા (અ) ના વારીસ, સલામ થાય તમારી પર અય અલ્લાહની રૂહ હ.ઈસા (અ) ના વારીસ, સલામ તમારી પર અય અલ્લાહના રસુલોના સરદાર હ.મોહમ્મદ (સ.અ.વ.) ના વારીસ, સલામ થાય તમારી પર અય અમીરલ મોઅમેનીન, સલામ થાય તમારી પર અય મુત્તકીઓ (પરહેઝગારો) ના ઈમામ, સલામ થાય તમારી પર અય વસીઓના સરદાર, સલામ થાય

તમારી પર અય દુનિયાઓના પાલનહારના રસૂલના વસી, સલામ થાય તમારી પર અય સૌથી પહેલાઓ અને સૌથી છેલ્લા ના ઈલ્મના વારિસ.

اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا النَّبَأُ الْعَظِيْمُ ، اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا الصِّرَاطُ الْمُسْتَقِيْمُ ، اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا الْمُهَذَّبُ الْكَرِيْمُ ، اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا الْوَصِيُّ التَّقِيُّ ، اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا الرَّضِيُّ الزَّكِيُّ ، اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا الْبَدْرُ الْمُضِيْءُ ، اَلسَّلَامُ عَلَيْكَ

اَلسَّلَامُ ، أَيُّهَا الصِّدِّيْقُ الْأَكْبَرُ
عَلَيْكَ أَيُّهَا الْفَارُوْقُ الْأَعْظَمُ،
اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا السِّرَاجُ الْمُنِيْرُ ،
اَلسَّلَامُ عَلَيْكَ يَا إِمَامَ الْهُدٰى ،
اَلسَّلَامُ عَلَيْكَ يَا عَلَمَ التُّقٰى

સલામ થાય તમારી પર અય મહાન અગત્યની ખબર, સલામ થાય તમારી પર અય સીધા રસ્તા, સલામ થાય તમારી પર અય બુરાઈથી પાક અને મહાન, સલામ થાય તમારી પર અય પરહેઝગાર જાનશીન, સલામ થાય તમારી પર અય પાક, પસંદીદા,

સલામ થાય તમારી પર ઝળહરતા ચંદ્ર, સલામ થાય તમારી પર અય મહાન સત્યવાદી, સલામ થાય તમારી પર અય હક અને બાતીલ ને એકબીજાથી જુદા કરનાર મહાન હસ્તી, સલામ થાય અય પ્રકાશ ફેલાવનાર ચિરાગ, સલામ થાય તમારી પર અય હીદાયતના ઈમામ, સલામ થાય તમારી પર અય પરહેઝગારી ના પરચમ

اَلسَّلَامُ عَلَيْكَ يَا حُجَّةَ اللهِ الْكُبْرٰى ، اَلسَّلَامُ عَلَيْكَ يَا خَاصَّةَ اللهِ وَ خَالِصَتَه وَ أَمِيْنَ اللهِ وَ صَفْوَتَه وَ بَابَ

اللهِ وَ حُجَّتَه وَ مَعْدِنَ حُكْمِ اللهِ وَ
سِرِّه وَ عَيْبَةَ عِلْمِ اللهِ وَ خَازِنَه وَ سَفِيْرَ
اللهِ فِيْ خَلْقِه ، أَشْهَدُ أَنَّكَ أَقَمْتَ
الصَّلَاةَ وَ آتَيْتَ الزَّكَاةَ وَ أَمَرْتَ
بِالْمَعْرُوْفِ وَ نَهَيْتَ عَنِ الْمُنْكَرِ وَ
اتَّبَعْتَ الرَّسُوْلَ وَ تَلَوْتَ الْكِتَابَ حَقَّ
تِلَاوَتِه وَ بَلَّغْتَ عَنِ اللهِ وَ وَفَيْتَ بِعَهْدِ
اللهِ وَ تَمَّتْ بِكَ كَلِمَاتُ اللهِ وَ جَاهَدْتَ
فِيْ اللهِ حَقَّ جِهَادِه وَ نَصَحْتَ لِلّٰهِ وَ
لِرَسُوْلِه صَلَّى اللهُ عَلَيْهِ وَ آلِه

સલામ થાય તમારી પર અય અલ્લાહ

ની મહાન હુજ્જત, સલામ થાય તમારી પર અય હકના ખાલીસ અને ખાસ બંદા અને અલ્લાહ ના અમાનતદાર અને અલ્લાહના પસંદ કરેલા અને અલ્લાહની બારગાહ અને અલ્લાહના હુકમો ની ખાણ અને બંદાઓ દરમ્યાન અલ્લાહના પ્રતિનિધિ અને ખજાનચી તથા ઈલ્મના ખઝાના; હુ ગવાહી આપુ છુ કે તમે નમાઝ કાએમ કરી અને ઝકાત ચૂકવી અને નેકીની આજ્ઞા આપી તેમજ બુરાઈથી રોક્યા અને રસૂલ ( સ.અ.વ.) ની ઈતાઅત કરી અને કુરઆનની તીલાવત કરી, એવી તીલાવત જે આદર્શ હોય; અને અલ્લાહ તરફથી લોકો સુધી દીનને

પહોચાડ્યો અને અલ્લાહ સાથે ના વાયદાને પૂરો કર્યો અને અલ્લાહ અને તમારા થકી અલ્લાહના કલેમાત સંપૂર્ણ થયા અને અલ્લાહની રાહ મા એવી રીતે જેહાદ કર્યો જેવો જેહાદ કરવાનો હક હતો અને અલ્લાહ તથા રસૂલ (સ.અ.વ.) ના હુકમ મુજબ નસીહત કરી, તેમની ઉપર તથા તેમની આલ ઉપર અલ્લાહની સલવાત થાય

وَ جُدْتَ بِنَفْسِكَ صَابِرًا مُحْتَسِبًا مُجَاهِدًا عَنْ دِيْنِ اللهِ ، مُوَقِّيًا لِرَسُوْلِ اللهِ ، طَالِبًا مَا عِنْدَ اللهِ ، رَاغِبًا فِيْمَا وَعَدَ اللهُ وَ مَضَيْتَ لِلَّذِيْ كُنْتَ عَلَيْهِ

شَهِيْدًا وَ شَاهِدًا وَ مَشْهُوْدًا ، فَجَزَاكَ اللّٰهُ عَنْ رَسُوْلِه وَ عَنِ الْإِسْلَامِ وَ أَهْلِه مِنْ صِدِّيْقٍ ، أَفْضَلَ الْجَزَاءِ

અને પોતાની જાનની ફીદાકારી પર તત્પર હતા એવી હાલતમાં કે તમે સબ્ર કરતા હતા અને અલ્લાહના દીનનુ રક્ષણ કરનારા હતા અને અલ્લાહ ના રસૂલ ( સ.અ.વ.) ના જીવનુ રક્ષણ કરનારા હતા અને જે અલ્લાહ પાસે છે તેની માંગણી કરતા હતા અને અલ્લાહના વાયદાને પામવા મુશ્તાક હતા અને તમે એ જ રવીશ પર દુનિયાથી ગયા, તમે હાજીર અને ગવાહી આપનાર અને જેની ગવાહી આપવામાં આવી તે

(તમે હતા). અલ્લાહ તમને અજ્ર આપે તેના નબીઓ તરફથી અને ઈસ્લામ અને એહલેઈસ્લામ તરફથી અને સાચાઓ તરફથી સારામા સારો બદલો (આપે)

أَشْهَدُ أَنَّكَ كُنْتَ أَوَّلَ الْقَوْمِ إِسْلَامًا وَ أَخْلَصَهُمْ إِيْمَانًا وَ أَشَدَّهُمْ يَقِيْنًا وَ أَخْوَفَهُمْ لِلّٰهِ وَ أَعْظَمَهُمْ عَنَاءً وَ أَحْوَطَهُمْ عَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ آلِه وَ أَفْضَلَهُمْ مَنَاقِبَ وَ أَكْثَرَهُمْ سَوَابِقَ وَ أَرْفَعَهُمْ دَرَجَةً وَ أَشْرَفَهُمْ مَنْزِلَةً وَ أَكْرَمَهُمْ عَلَيْهِ فَقَوِيْتَ حِيْنَ وَهَنُوْا وَ لَزِمْتَ مِنْهَاجَ

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ آلِه

હુ સાક્ષી આપુ છુ કે તમે ઈસ્લામની કવ્મના સૌપ્રથમ વ્યક્તિ છો અને ઈમાનમાં સૌથી વધારે શુધ્ધતા ધરાવનાર છો અને યકીન મા (પુરી કૌમમા) સૌથી વધારે યકીનવાળા છો. તેઓમાંથી ખુદાથી સૌથી વધારે ડરનારા, તેઓમાંથી સૌથી વધારે તકલીફ સ્વીકારનાર અને તેઓમાંથી સૌથી વધારે રસુલે ખુદા (સ.અ.વ.) સાથે એહતીયાત અને એહ્તેરામથી વર્તન કરનારા અને તેઓ કરતા સૌથી વધારે ફઝીલત ધરાવનાર અને આગળ વધી જનારાઓમાં સૌથી આગળ અને દરજ્જામા સૌથી ઉચ્ચ

અને મરતબાની દ્રષ્ટિએ બધામા સૌથી વધારે શરીફ છો અને અલ્લાહના રસૂલ (સ.અ.વ.) ના માનવંત છો. તો તમે એ સમયે જ્યારે લોકો એ ઢીલાશ દેખાડી તમે મજબૂતાઈ થી કામ લીધુ અને અલ્લાહ ના રસૂલ (સ.અ.વ.) ના માર્ગને ચુસ્તતાથી અનુસરતા રહ્યા.

وَ أَشْهَدُ أَنَّكَ كُنْتَ خَلِيْفَتَه حَقًّا ، لَمْ تُنَازَعْ بِرَغْمِ الْمُنَافِقِيْنَ وَ غَيْظِ الْكَافِرِيْنَ وَ ضِغْنِ الْفَاسِقِيْنَ وَ قُمْتَ بِالْأَمْرِ حِيْنَ فَشِلُوْا وَ نَطَقْتَ حِيْنَ تَتَعْتَعُوْا وَ مَضَيْتَ بِنُوْرِ اللّٰهِ إِذْ وَقَفُوْا ، فَمَنِ اتَّبَعَكَ فَقَدِ اهْتَدٰى ، كُنْتَ

أَوَّلَهُمُ كَلَامًا وَ أَشَدَّهُمُ خِصَامًا وَ أَصْوَبَهُمُ مَنْطِقًا وَ أَسَدَّهُمُ رَأْيًا وَ أَشْجَعَهُمُ قَلْبًا وَ أَكْثَرَهُمُ يَقِيْنًا وَ أَحْسَنَهُمُ عَمَلًا وَ أَعْرَفَهُمُ بِالْأُمُوْرِ

અને સાક્ષી આપુ છુ કે તમે પયગમ્બર ( સ.અ.વ.) ના જાનશીન હતા અને બરહક જાનશીન હતા. આ બાબતે મુનાફીકોની ઈચ્છાઓ, કાફીરોના વિરોધ અને ફાસીકોની ઈર્ષા અને કીના હોવા છતા તમે સાબિત કદમ રહ્યા અને તમે (અલ્લાહ અને તેના રસૂલના) હુકમને કાયમ કર્યો જ્યારે કે તેઓએ આળસ કરી. તમે એ સમયે બોલ્યા

જ્યારે તેઓ બોલવાથી નાસીપાસ કરતા હતા, તમે એ સમયે અલ્લાહના નૂરથી આગળ નીકળી ગયા જ્યારે તેઓ થોભી ગયા હતા. બસ તો જેણે પણ તમને અનુસર્યા તેણે (સાચો) માર્ગ પામ્યો, તે (હક) બોલવામાં તેઓમાં સૌપ્રથમ હતા અને બચાવ કરવામાં સૌથી વધુ બહાદુર હતા અને બોલવામાં સૌથી વધુ સત્ય બોલનાર અને પોતાના મતમાં સૌથી વધારે મક્કમ અને મજબૂત મનોબળવાળા અને યકીનની દ્રષ્ટિએ સૌથી વધારે યકીન ધરાવનાર અને સૌથી શ્રેષ્ઠ અમલ કરનાર અને દરેક બાબતોમાં તેઓ સર્વોથી વધારે જાણકાર હતા

كُنْتَ لِلْمُؤْمِنِيْنَ أَبًا رَحِيْمًا إِذْ صَارُوْا عَلَيْكَ عِيَالًا فَحَمَلْتَ أَثْقَالَ مَا عَنْهُ ضَعُفُوْا وَ حَفِظْتَ مَا أَضَاعُوْا وَ رَعَيْتَ مَا أَهْمَلُوْا وَ شَمَّرْتَ إِذْ جَبَنُوْا وَ عَلَوْتَ إِذْ هَلِعُوْا وَ صَبَرْتَ إِذْ جَزِعُوْا ، كُنْتَ عَلَى الْكَافِرِيْنَ عَذَابًا صَبًّا وَ غِلْظَةً وَ غَيْظًا وَ لِلْمُؤْمِنِيْنَ غَيْثًا وَ خِصْبًا وَ عِلْمًا لَمْ تُفْلَلْ حُجَّتُكَ وَ لَمْ يَزِغْ قَلْبُكَ وَ لَمْ تَضْعُفْ بَصِيْرَتُكَ وَ لَمْ تَجْبُنْ نَفْسُكَ ، كُنْتَ كَالْجَبَلِ لَا تُحَرِّكُهُ الْعَوَاصِفُ وَ لَا تُزِيْلُهُ

## الْقَوَاصِفُ

ઈમાનવાળાઓ માટે એક પ્રેમાળ પીતા હતા અને તેઓ તમારા માટે પોતાના પરીવાર સમાન હતા અને તમે એ બોજો ઉઠાવ્યો જે ઉઠવામાં બીજાઓ નબળા સાબીત થયા. જ્યારે તેઓના કાર્યો ની જવાબદારી તમારી પર આવી તો તમે ખુબ જ સરસ રીતે નીભાવી. એ જવાબદારી જેના નીભાવાથી તેઓ અશક્ત થઈ ગયા હતા; અને તમે એ બાબતોની હીફાઝત કરી જેને તેઓએ નાબૂદ કરી નાખી હતી અને એ બાબતોનુ કાળજીપૂર્વક ધ્યાન રાખ્યુ જેનુ ધ્યાન રાખવાનુ તેઓએ નજરઅંદાજ કર્યું હતુ, અને જ્યારે તેઓ ડરી ગયા હતા

ત્યારે તમે હિમ્મતથી કમર બાંધી લીધી અને તમે બુલંદ થયા જ્યારે તેઓ પસ્ત થયા અને જ્યારે તેઓ સબ્ર ન કરી અને કકળાટ કર્યો ત્યારે આપે સબ્ર કર્યો અને તમે કાફીરો માટે અઝાબના વરસાદ સમાન હતા, મજબુત અને ક્રોધનાક અને મોમીનો માટે રહેમતની બોછાર, ફરિયાદરસ, અઢળક નેઅમતો અને અનંત ઈલ્મ હતા, તમારી દલીલ ક્યારેય નબળી ન પડી, તમારૂ દીલ ક્યારેય હકથી ફર્યુ નહી તમારી બસીરત (ઊંડી સમજ) ક્યારે પણ અશક્ત ન પડી, તમારૂ અસ્તિત્વ ક્યારેય ડર્યુ નથી. તમે એવા પહાડ સમાન હતા જેને જોરદાર પવનો જરા પણ હલાવી ન શકે અને

ઉંડા ઘા જેને ઉખાડી ન શકે.

كُنْتَ كَمَا قَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَ آلِه قَوِيًّا فِيْ بَدَنِكَ ، مُتَوَاضِعًا فِيْ نَفْسِكَ ، عَظِيْمًا عِنْدَ اللهِ ، كَبِيْرًا فِي الْأَرْضِ ، جَلِيْلًا فِي السَّمَاءِ، لَمْ يَكُنْ لِأَحَدٍ فِيْكَ مَهْمَزٌ وَ لَا لِقَائِلٍ فِيْكَ مَغْمَزٌ وَ لَا لِخَلْقٍ فِيْكَ مَطْمَعٌ وَ لَا لِأَحَدٍ عِنْدَكَ هَوَادَةٌ

તમો એવા હતા કે જેવા અલ્લાહના રસૂલ (સ.અ.વ.) એ ફરમાવ્યુ કે તમે તમારા બદનથી શકિતશાળી, અને તમારો નફસમાં ખુબજ વિનમ્ર,

અલ્લાહની દ્રષ્ટિએ મહાન, ઝમીન પર શ્રેષ્ઠ અને આસમાનમા મનવંત છો. મેણા-ટોણા મારવાવાળા પાસે તમારી માટે કોઈ મેણા મારવાનુ બહાનુ ન હતુ અને બોલવાવાળા પાસે તમારા અસ્તિત્વમા એ શક્યતા ન હતી કે ખામી શોધી શકે અને (પોતાની બાતીલ ઈચ્છાઓ પુરી થવા માટે) લોકો તમારી પાસેથી કોઈ આશા રાખતા ના હતા અને અવકાશ પણ ન હતો અને ન તો તમારી પાસેથી (ઝાલીમો) નરમાશની આશા રાખી શકતા હતા.

يُوْجَدُ الضَّعِيْفُ الذَّلِيْلُ عِنْدَكَ قَوِيًّا عَزِيْزًا حَتّٰى تَأْخُذَ لَه بِحَقِّه وَ الْقَوِيُّ

الْعَزِيْزُ عِنْدَكَ ضَعِيْفًا حَتّٰى تَأْخُذَ مِنْهُ

الْحَقَّ الْقَرِيْبُ وَ الْبَعِيْدُ عِنْدَكَ فِيْ

ذٰلِكَ سَوَاءٌ ، شَأْنُكَ الْحَقُّ وَ الصِّدْقُ وَ

الرِّفْقُ ، وَ قَوْلُكَ حُكْمٌ وَ حَتْمٌ وَ أَمْرُكَ

حِلْمٌ وَ عَزْمٌ وَ رَأْيُكَ عِلْمٌ وَ حَزْمٌ ،

اِعْتَدَلَ بِكَ الدِّيْنُ وَ سَهُلَ بِكَ

الْعَسِيْرُ وَ أُطْفِئَتْ بِكَ النِّيْرَانُ وَ قَوِيَ

بِكَ الْإِيْمَانُ وَ ثَبَتَ بِكَ الْإِسْلَامُ وَ

هَدَّتْ مُصِيْبَتُكَ الْأَنَامَ ، فَإِنَّا لِلّٰهِ وَ إِنَّا

إِلَيْهِ رَاجِعُوْنَ

અશક્ત અને પસ્ત તમારી પાસે

તાકતવર અને માનવંત બની જતો, જેથી તમે તેનો હક અપાવી શકો અને જોરાવર તથા શૌહરતમંદ તમારી સામે અશક્ત અને નરમાએલા થઈ જતા જેથી તેના પંજામાંથી હકને પ્રાપ્ત કરી શકો, અને આ બાબતે નજીકના (ઓળખીતા) અને દૂરના તમારી સમક્ષ બધા સરખા જ હતા. તમારૂ કાર્ય હક, સરસાઈ અને શ્રેષ્ઠ વર્તણુક હતી, તમારા શબ્દો હુકમ અને હત્મી છે. તમારો હુકમ સહનશીલતા અને મક્કમ ઈરાદો છે, અને તમારો મત ઈલ્મ અને તદબીર છે. તમારો દીન માધ્યમ છે, તમારા થકી દીન સમતોલ થયો. તમારા થકી

મુશ્કેલીઓ આસાન થઈ અને જવાળાઓ તમારા થકી ઓલવાઈ ગઈ. ઈમાન તમારી પાસે તાકાતવર બન્યો. તમારા થકી ઈસ્લામ સાબીત કદમ બન્યો. તમારી મુસીબતે લોકોના દીલો ચૂર-ચૂર થઈ ગયા - આપણે અલ્લાહ તરફથી જ છીએ અને તેની તરફ જ પાછું ફરવાનું છે.

لَعَنَ اللّٰهُ مَنْ قَتَلَكَ وَ لَعَنَ اللّٰهُ مَنْ خَالَفَكَ وَ لَعَنَ اللّٰهُ مَنِ افْتَرٰى عَلَيْكَ وَ لَعَنَ اللّٰهُ مَنْ ظَلَمَكَ وَ غَصَبَكَ حَقَّكَ وَ لَعَنَ اللّٰهُ مَنْ بَلَغَه ذٰلِكَ فَرَضِيَ بِه ، إِنَّا إِلَى اللّٰهِ مِنْهُمْ بُرَآءُ ، لَعَنَ اللّٰهُ أُمَّةً خَالَفَتْكَ وَ جَحَدَتْ وِلَايَتَكَ وَ

تَظَاهَرَتْ عَلَيْكَ وَ قَتَلَتْكَ وَ حَادَتْ عَنْكَ وَ خَذَلَتْكَ ، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ جَعَلَ النَّارَ مَثْوَاهُمْ وَ بِئْسَ الْوِرْدُ الْمَوْرُوْدُ

જેણે તમને કત્લ કર્યા તેની પર અલ્લાહ લાનત કરે અને જેણે તમારી પર જૂઠી તોહમતો લગાડી તેઓ પર અલ્લાહ લાનત કરે. અને જેઓએ તમારી પર ઝુલ્મ કર્યો, તમારા હકને છીનવી લીધો તેની પર અલ્લાહ લાનત કરે અને અલ્લાહ લાનત કરે દરેક એ વ્યકિત પર જે આ ખબરને સાંભળી રાજી થયો, હુ અલ્લાહ તરફ તેઓથી બેઝાર (અને દૂર) છું.

અલ્લાહ લઅનત કરે એ કૌમ પર જેણે તમારો વિરોધ કર્યો અને તમારી વિલાયતનો ઈન્કાર કર્યો અને તમારી વિરુધ્ધ એકબીજા ની મદદ કરી અને તમને કત્લ કર્યા અને તમારાથી ફરી ગયા અને તમારી મદદથી હાથ રોકી લીધા, અલ્લાહના વખાણ છે કે આગને તેઓનુ રહેઠાણ બનાવી દીધું અને કેવુ દુઃખદાયક રહેઠાણ છે ત્યા દાખલ થવાવાળાઓ માટે

أَشْهَدُ لَكَ يَا وَلِيَّ اللهِ وَ وَلِيَّ رَسُوْلِه صَلَّى اللهُ عَلَيْهِ وَ آلِهِ بِالْبَلَاغِ وَ الْأَدَاءِ وَ أَشْهَدُ أَنَّكَ حَبِيْبُ اللهِ وَ بَابُه وَ أَنَّكَ جَنْبُ اللهِ وَ وَجْهُهُ الَّذِيْ مِنْهُ يُؤْتَى وَ

أَنَّكَ سَبِيْلُ اللهِ وَ أَنَّكَ عَبْدُ اللهِ وَ أَخُوْ
رَسُوْلِه صَلَّى اللهُ عَلَيْهِ وَ آلِه ، أَتَيْتُكَ
زَائِرًا لِعَظِيْمِ حَالِكَ وَ مَنْزِلَتِكَ عِنْدَ
اللهِ وَ عِنْدَ رَسُوْلِه مُتَقَرِّبًا إِلَى اللهِ
بِزِيَارَتِكَ رَاغِبًا إِلَيْكَ فِي الشَّفَاعَةِ
أَبْتَغِيْ بِشَفَاعَتِكَ خَلَاصَ نَفْسِيْ
مُتَعَوِّذًا بِكَ مِنَ النَّارِ ، هَارِبًا مِنْ
ذُنُوْبِيَ الَّتِي احْتَطَبْتُهَا عَلٰى ظَهْرِيْ ،
فَزِعًا إِلَيْكَ رَجَاءَ رَحْمَةِ رَبِّيْ أَتَيْتُكَ
أَسْتَشْفِعُ بِكَ يَا مَوْلَايَ إِلَى اللهِ وَ
أَتَقَرَّبُ بِكَ إِلَيْهِ لِيَقْضِيَ بِكَ حَوَائِجِيْ

فَاشْفَعْ لِيْ يَا أَمِيْرَ الْمُؤْمِنِيْنَ إِلَى اللهِ فَإِنِّي عَبْدُ اللهِ وَ مَوْلَاكَ وَ زَائِرُكَ وَ لَكَ عِنْدَ اللهِ الْمَقَامُ الْمَعْلُوْمُ وَ الْجَاهُ الْعَظِيْمُ وَ الشَّأْنُ الْكَبِيْرُ وَ الشَّفَاعَةُ الْمَقْبُوْلَةُ

અય અલ્લાહના વલી, અને તેના રસૂલ (સ.અ.વ.) ના વલી ! તમારા માટે ગવાહી આપુ છુ કે હકના સંદેશને પહોચાડયો અને દરેક જવાબદારી પૂરી કરી. અને સાક્ષી આપુ છુ કે તમે અલ્લાહના દોસ્ત, સાથી અને (તેના સુધી પહોચવાનો) તેનો દરવાજો છો, અને એ કેડી છો

જેના થકી અલ્લાહ સુધી જવાય છે અને તમેજ અલ્લાહ નો રસ્તો છો અને તમેજ અલ્લાહના બંદા છો અને અલ્લાહના રસૂલ (સ.અ.વ.) ના ભાઈ, અલ્લાહ ની રહેમત થાય તેઓ અને તેઓની આલ (અ.મુ.) પર . હુ તમારી પાસે હાજર થયો છુ કારણ કે અલ્લાહ અને તેના રસૂલ (સ.અ.વ.) પાસે તમારી મહાનતા ખુબ જ છે અને તમારો મકામ ખુબજ બુલંદ છે, અને તમારી ઝીયારત થકી અલ્લાહની નજદીકી ચાહુ છુ અને તમારી તરફ મુશ્તાક છો અને તમારી શફાઅત થકી મારા છુટકારાનો તલબગાર છુ, આગથી બચવા માટે તમારા રક્ષણમાં આશરો

લીધો છે, મારા ગુનાહો જે મારી પીઠ પર બોજ બની ગયા છે, તેના થી ભાગેલો, ગભરાએલો તમારી તરફ આવ્યો છુ, એવી હાલતમા કે પરવરદીગારની રહેમતની ઉમ્મીદ રાખુ છુ અને તમારી બારગાહ માં આવ્યો કે તમને અલ્લાહની બારગાહમાં મારો શફીઅ બનાવુ. અય મારા મૌલા! તમારા વસીલાથી અલ્લાહની નજદીકી ચાહુ છુ જેથી તમારી કૃપાથી મારી હાજત પૂરી થાય. અય અમીરૂલ મોઅમેનીન ! અલ્લાહની બારગાહમાં મારી શફાઅત કરો. હુ અલ્લાહનો બંદો, તમારો ચાહવાવાળો અને તમારી ઝીયારત કરનારો છુ અને અલ્લાહની

નજદીક તમારો મશહૂર ઓહદો છે અને મહાન સ્થાન છે અને શાન મોટી છે અને તમારી ભલામણ સ્વીકાર્ય છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ صَلِّ عَلٰى عَبْدِكَ وَ أَمِيْنِكَ الْأَوْفٰى وَ عُرْوَتِكَ الْوُثْقٰى وَ يَدِكَ الْعُلْيَا وَ كَلِمَتِكَ الْحُسْنٰى وَ حُجَّتِكَ عَلَى الْوَرٰى وَ صِدِّيْقِكَ الْأَكْبَرِ سَيِّدِ الْأَوْصِيَاءِ وَ رُكْنِ الْأَوْلِيَاءِ وَ عِمَادِ الْأَصْفِيَاءِ أَمِيْرِ الْمُؤْمِنِيْنَ وَ يَعْسُوْبِ الْمُتَّقِيْنَ وَ قُدْوَةِ الصِّدِّيْقِيْنَ وَ إِمَامِ الصَّالِحِيْنَ

الْمَعْصُوْمِ مِنَ الزَّلَلِ وَ الْمَفْطُوْمِ مِنَ الْخَلَلِ وَ الْمُهَذَّبِ مِنَ الْعَيْبِ وَ الْمُطَهَّرِ مِنَ الرَّيْبِ أَخِيْ نَبِيِّكَ وَ وَصِيِّ رَسُوْلِكَ وَ الْبَائِتِ عَلٰى فِرَاشِه وَ الْمُوَاسِي لَه بِنَفْسِه وَ كَاشِفِ الْكَرْبِ عَنْ وَجْهِهِ

અય અલ્લાહ! મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ.) ઉપર સલવાત મોકલ અને સલવાત મોકલ તારા બંદા અને અમીન, પ્રમાણીક અને મજબૂત રસ્સી અને તારા મહાન હાથો અને તારા સુંદર કલેમાત અને પુરી દુનીયા પર તારી

હુજ્જત અને તારા મોટા સત્યવાદી અને જાનશીનોના આગેવાન અને અવલિયાઓનો પાયો અને ચૂટાએલાઓના આધાર, મોમીનોના અમીર અને પરહેઝગારોના અને સિદ્દીકોના પૈરવસ્થાન, અને આદર્શ લોકોના આગેવાન, સાલેહ લોકોના ઈમામ પર કે જે ભૂલચુકથી પાક અને ખામીઓ રહીત અને ઐબથી પવિત્ર અને શકોથી દૂર છે, જે પયગમ્બર (સ.અ.વ.) ના ભાઈ અને તારા રસૂલ (સ.અ.વ.) ના વસી અને તેમના બીસ્તર પર સુતેલા અને પોતાના જીવ થકી પયગમ્બર (સ.અ.વ.) ની મદદ કરનાર અને તેમના ચેહરાથી રંજો-ગમને દુર

કરનાર છે

الَّذِيْ جَعَلْتَه سَيْفًا لِنُبُوَّتِه وَ مُعْجِزًا
لِرِسَالَتِه وَ دِلَالَةً وَاضِحَةً لِحُجَّتِه وَ
حَامِلًا لِرَايَتِه وَ وِقَايَةً لِمُهْجَتِه وَ
هَادِيًا لِأُمَّتِه وَ يَدًا لِبَأْسِه وَ تَاجًا
لِرَأْسِه وَ بَابًا لِنَصْرِه وَ مِفْتَاحًا لِظَفَرِه
حَتّٰى هَزَمَ جُنُوْدَ الشِّرْكِ بِأَيْدِكَ وَ أَبَادَ
عَسَاكِرَ الْكُفْرِ بِأَمْرِكَ وَ بَذَلَ نَفْسَه
فِيْ مَرْضَاتِكَ وَ مَرْضَاةِ رَسُوْلِكَ وَ
جَعَلَهَا وَقْفًا عَلٰى طَاعَتِه وَ مِجَنًّا دُوْنَ
نَكْبَتِه حَتّٰى فَاضَتْ نَفْسُهصَلَّى اللهُ

عَلَيْهِ وَآلِهِ فِيْ كَفِّهِ

(સલવાત મોકલ તેના ઉપર) કે જેને નબીની નબુવ્વત ની તલવાર અને તેમની રીસાલતનો મોજીઝો અને તેમની હુજ્જત માટે સ્પષ્ટ દલીલ અને તેમના પરચમ ઉઠાવનાર અને તેમની જાન માટે ઢાલ તથા સીપર અને તેમના મુશ્કીલ સમયમા મજબૂત હાથ અને તેમના સર ના તાજ અને તેમની મદદના દરવાજા અને તેમના વિજયની ચાવી છે, ત્યા સુધી કે શીર્કના લશ્કરોને તારી મદદ થકી હરાવ્યા અને કુફ્રના લશ્કરને તારી આજ્ઞા થકી નાબૂદ કર્યુ અને પોતાના જીવનને તારા રસૂલ (સ.) ની ખુશનુદીના માર્ગ પર કુરબાન કરી

દીધું અને જાનને તેમની ઈતાઅતમાં વકફ કરી દીધી અને પોતાની જાનને તેમની બલાઓ માટે ઢાલ બનાવી ત્યા સુધી કે અલ્લાહ ના રસૂલ (સ.અ.વ.) તેમના હાથો પર દુનિયાથી રૂખ્સત થયા.

وَ اسْتَلَبَ بَرْدَهَا وَ مَسَحَه عَلٰى وَجْهِهٖ وَ أَعَانَتْهُ مَلَائِكَتُكَ عَلٰى غُسْلِه وَ تَجْهِيْزِهٖ وَ صَلّٰى عَلَيْهِ وَ وَارٰى شَخْصَه وَ قَضٰى دَيْنَه وَ أَنْجَزَ وَعْدَه وَ لَزِمَ عَهْدَه وَ احْتَذٰى مِثَالَه وَ حَفِظَ وَصِيَّتَه وَ حِيْنَ وَجَدَ أَنْصَارًا نَهَضَ مُسْتَقِلًّا بِأَعْبَاءِ الْخِلَافَةِ مُضْطَلِعًا بِأَثْقَالِ

الْإِمَامَةِ فَنَصَبَ رَايَةَ الْهُدٰى فِيْ عِبَادِكَ وَ نَشَرَ ثَوْبَ الْأَمْنِ فِيْ بِلَادِكَ وَ بَسَطَ الْعَدْلَ فِيْ بَرِيَّتِكَ وَ حَكَمَ بِكِتَابِكَ فِيْ خَلِيْقَتِكَ وَ أَقَامَ الْحُدُوْدَ وَ قَمَعَ الْجُحُوْدَ وَ قَوَّمَ الزَّيْغَ وَ سَكَّنَ الْغَمْرَةَ وَ أَبَادَ الْفَتْرَةَ وَ سَدَّ الْفُرْجَةَ وَ قَتَلَ النَّاكِثَةَ وَ الْقَاسِطَةَ وَ الْمَارِقَةَ

અને તેમના બદનથી ઠંડકને તેઓએ અનુભવી અને તેને ચેહરા પર લગાવી અને ફરિશ્તાઓ એ તેમને ગુસ્લ તથા કફનના કાર્યોમા મદદ ફરમાવી અને દફન કર્યા અને તેમના તજહીઝના કાર્યોને અદા કર્યા અને

તેમના વાયદાને પૂરા કર્યા અને પોતાના અહદ પર મક્કમતાથી બાકી રહ્યા અને તેઓ (રસૂલે ખુદા સ.અ.વ.) ની જેમજ અમલ કર્યો અને તેમની ભલામણો ને યાદ રાખી, અને જ્યારે મદદગારો પ્રાપ્ત થયા ત્યારે ખીલાફત માટે પગલા ભર્યા અને ઈમામતની ગંભીર જવાબદારીઓને પૂરી કરી. ત્યાર બાદ તારા બંદાઓની વચ્ચે હીદાયતના અલમ ને ખોડી દીધો અને રક્ષણના કાપડ ને તારા શેહરોમા ફેલાવી દીધું અને તારી મખ્લુક વચ્ચે ન્યાયને ફેલાવી દીધો અને તારી મખ્લુકાત વચ્ચે કિતાબના આધારે હુકમ કર્યો અને હદો (સજાઓ) ને

જારી કરી અને ઈન્કાર કરનારાઓ ને પછાડી દીધા, (હક થી) ફરી ગએલા વલણને સીધુ કર્યુ અને ફીત્નાને જમીનભેર કર્યો અને નબળાઈઓ ને દૂર કરી અને તીરાડોને ભરી દીધી અને બયઅત તોડવાવાળા (જંગે જમલવાળા) તથા ઝાલીમ (જંગે સીફ્ફીનવાળા) તેમજ દીનથી હટી જનારા (જંગે નહરવાનવાળા ખારેજીઓ) સાથે જંગ કરી તેઓને કત્લ કર્યા

وَ لَمْ يَزَلْ عَلٰى مِنْهَاجِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِه وَ وَتِيْرَتِه وَ لُطْفِ شَاكِلَتِه وَ جَمَالِ سِيْرَتِه مُقْتَدِيًا

بِسُنَّتِه مُتَعَلِّقًا بِهِمَّتِه مُبَاشِرًا لِطَرِيْقَتِه وَ أَمْثِلَتُه نَصْبُ عَيْنَيْهِ يَحْمِلُ عِبَادَكَ عَلَيْهَا وَ يَدْعُوْهُمْ إِلَيْهَا إِلٰى أَنْ خُضِبَتْ شَيْبَتُه مِنْ دَمِ رَأْسِه

અને સતત અલ્લાહના રસૂલ (સ.અ.વ.) ના માર્ગ પર ચાલતા રહ્યા અને આપ નરમ વલણ તેમજ સુંદર વર્તાણુક ધરાવતા હતા, રસુલુલ્લાહ (સ.અ.વ) ની સુન્નતને અનુસરતા રહ્યા અને હિમ્મતભેર તે (સુન્નત સાથે) લાગેલા રહ્યા અને તેઓના તૌર તરીકાને ફરજયાત-પણે અપનાવતા રહ્યા અને તેમના (સ.અ.વ.) મકસદ (લક્ષ્ય) નું ધ્યાન

રાખતા રહ્યા અને બંદાઓને તે (લક્ષ્ય) તરફ દોરાવતા રહ્યા અને તે તરફ બોલાવતા રહ્યા ત્યાં સુધી કે તેમની રીશ (દાઢી) મુબારક તેમના માથાના લોહી થી રંગીન થઈ ગઈ.

اَللّٰهُمَّ فَكَمَا لَمْ يُؤْثِرْ فِيْ طَاعَتِكَ شَكًّا عَلٰى يَقِيْنٍ وَ لَمْ يُشْرِكْ بِكَ طَرْفَةَ عَيْنٍ ، صَلِّ عَلَيْهِ صَلَاةً زَاكِيَةً نَامِيَةً يَلْحَقُ بِهَا دَرَجَةَ النُّبُوَّةِ فِيْ جَنَّتِكَ وَ بَلِّغْهُ مِنَّا تَحِيَّةً وَ سَلَامًا وَ آتِنَا مِنْ لَدُنْكَ فِيْ مُوَالَاتِهِ فَضْلًا وَ إِحْسَانًا وَ مَغْفِرَةً وَ رِضْوَانًا إِنَّكَ ذُو الْفَضْلِ الْجَسِيْمِ بِرَحْمَتِكَ يَا أَرْحَمَ

الرَّاحِمِيْنَ

અય અલ્લાહ! જેવી રીતે તારી ઈતાઅતમાં તેઓના યકીનને કોઈ શક અસર નથી કરી શક્યો અને ઝર્રા બરાબર પલકજબકતા જેટલી વાર પણ કોઈ પણ તરીકાનું શીર્ક નથી કર્યું, તેમની પર તારી સલવાત મોકલ, પવિત્ર સલવાત તથા સંપૂર્ણ રહેમત જેના દ્વારા તારી જન્નતમાં નબીઓના દરજ્જા સુધી પહોંચી શકે અને અમારા તરફથી દુરૂદ અને સલામ પહોચાડ. અને તેઓની મુહબ્બત અને વિલાયતના કારણે તારા તરફથી (અમારી પર) ફઝલ અને એહસાન અને મગફેરત અને તારી ખુશનુદી અતા ફરમાવ કારણ કે

તુ વિશાળ એહસાનો નો માલીક છો, તારી રહેમત થકી, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહીમ.

ત્યારબાદ બે રકઆત ઝિયારતની નમાઝ પઢે અને તસ્બીહે જનાબે સય્યદા (સ.અ.) પઢે અને જે હાજત હોય તે માંગે

## બેઅસતની રાત્રે પઢવાની દુઆ

بِسۡمِ اللهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ، اَللّٰهُمَّ إِنِّيۡ أَسۡأَلُكَ بِالتَّجَلِّي الۡأَعۡظَمِ فِيۡ هٰذِهِ اللَّيۡلَةِ مِنَ الشَّهۡرِ الۡمُعَظَّمِ وَ الۡمُرۡسَلِ الۡمُكَرَّمِ أَنۡ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَ آلِهِ وَ أَنۡ تَغۡفِرَ لَنَا مَا أَنۡتَ بِهِ مِنَّا أَعۡلَمُ يَا مَنۡ يَعۡلَمُ وَ لَا نَعۡلَمُ ، اَللّٰهُمَّ بَارِكۡ لَنَا

فِيْ لَيْلَتِنَا هٰذِهِ الَّتِيْ بِشَرَفِ الرِّسَالَةِ فَضَّلْتَهَا وَ بِكَرَامَتِكَ أَجْلَلْتَهَا وَ بِالْمَحَلِّ الشَّرِيْفِ أَحْلَلْتَهَا

અય અલ્લાહ! તારી પાસે આ રાત્રીના મહાન શહેર પર પડેલા તારી મહાન ઝલકના વાસ્તાથી સવાલ કરું છું અને તારા માનવંત રસૂલોનાં વાસ્તાથી કે મોહમ્મદ (સ.અ.વ) અને તેમની આલ પર રહેમત નાઝીલ કર અને અમારે એ બાબતો જેનો તું જાણકાર છો માફ ફરમાવ. અય એ કે જે દરેક વસ્તુ જાણે છે અને અમે નથી જાણતા અય અલ્લાહ બરકત નાઝીલ કર અમારી પર આ રાત્રીના વાસ્તાથી કે જે રાત્રિને

રિસાલત થકી ફઝીલત આપી અને તારી કરામત થકી મહાનતા અપર્ણ કરી, અને શરીફ મૌકા પર કરાર આપી.

اَللّٰهُمَّ فَإِنَّا نَسْأَلُكَ بِالْمَبْعَثِ الشَّرِيْفِ وَ السَّيِّدِ اللَّطِيْفِ وَ الْعُنْصُرِ الْعَفِيْفِ أَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَ آلِهٖ وَ أَنْ تَجْعَلَ أَعْمَالَنَا فِيْ هٰذِهِ اللَّيْلَةِ وَ فِيْ سَائِرِ اللَّيَالِيْ مَقْبُوْلَةً وَ ذُنُوْبَنَا مَغْفُوْرَةً وَ حَسَنَاتِنَا مَشْكُوْرَةً وَ سَيِّئَاتِنَا مَسْتُوْرَةً وَ قُلُوْبَنَا بِحُسْنِ الْقَوْلِ مَسْرُوْرَةً وَ أَرْزَاقَنَا مِنْ لَدُنْكَ بِالْيُسْرِ

مَدْرُوْرَةً

અય અલ્લાહ! તારી પાસે સવાલ કરીયે છીએ માનવંત બેઅસતના વાસ્તાથી અને મહેરબાન સરદારના વાસ્તાથી અને ઈફ્ફતની મુર્તીના વાસ્તાથી કે તું મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ પર રહેમત નાઝીલ કર અને આ રાત્રી તથા અન્ય રાત્રિઓના અમારા આમાલને કબુલ કર, અને અમારા ગુનાહોને માફ કર અને અમારી નેકીઓની કદરદાની કર અને અમારી બુરાઈઓ પર ઢાંકપીછાડો કર અને અમારા દિલોને નેક વાતો થકી ખુશ-ખુશાલ કર અને અમારી રોઝીને તારા તરફથી ખુબ જ

સરળતાથી અતા કર.

اَللّٰهُمَّ إِنَّكَ تَرٰى وَ لَا تُرٰى وَ أَنْتَ بِالْمَنْظَرِ الْأَعْلٰى وَ إِنَّ إِلَيْكَ الرُّجْعٰى وَ الْمُنْتَهٰى وَ إِنَّ لَكَ الْمَمَاتَ وَ الْمَحْيَا وَ إِنَّ لَكَ الْآخِرَةَ وَ الْأُولٰى ، اَللّٰهُمَّ إِنَّا نَعُوْذُ بِكَ أَنْ نَذِلَّ وَ نَخْزٰى وَ أَنْ نَأْتِيَ مَا عَنْهُ تَنْهٰى ، اَللّٰهُمَّ إِنَّا نَسْأَلُكَ الْجَنَّةَ بِرَحْمَتِكَ وَ نَسْتَعِيْذُ بِكَ مِنَ النَّارِ فَأَعِذْنَا مِنْهَا بِقُدْرَتِكَ وَ نَسْأَلُكَ مِنَ الْحُوْرِ الْعِيْنِ فَارْزُقْنَا بِعِزَّتِكَ وَ اجْعَلْ أَوْسَعَ أَرْزَاقِنَا عِنْدَ كِبَرِ سِنِّنَا وَ

أَحْسَنَ أَعْمَالِنَا عِنْدَ اقْتِرَابِ آجَالِنَا

અય અલ્લાહ! બેશક તું જુએ છે અને તું જોવામાં નથી આવતો અને જે જોઈ શકાય છે તેમા તુ સર્વોચ્ચ છે અને બેશક તારી જ તરફ પાછા ફરવાનું છે અને જીવન અને મૃત્યુ અને દુનિયા તથા આખેરત તારું જ છે. અય અલ્લાહ! તારી પાસે પનાહ માંગુ છું એ બાબતોથી કે અમે અપમાનિત અને હડધૂત થઈએ અને એવું કાર્ય આચરીએ જેની તે મનાઈ કરેલી છે. અય અલ્લાહ! અમારે તારી રહેમતના વાસ્તાથી જન્નતની માંગણી કરીયે છીએ અને દોઝખની આગથી તારી પાસે પનાહ માંગીયે છીએ. તો અમને તારી કુદરત થાકી

આગથી બચાવી લે અને તારી પાસે હુરોની માંગણી કરીયે છીએ તો તારી ઈજ્જત થકી તેણીને અમારી કિસ્મતમાં લખી નાખ અને અમારા બુઢાપાના સમયે વિશાળ રોજી અતા ફરમાવ, અને મારી મોતના સમયે સારામાં સારા આમાલ

وَ أَطِلْ فِيْ طَاعَتِكَ وَ مَا يُقَرِّبُ إِلَيْكَ وَ يُحْظِيْ عِنْدَكَ وَ يُزْلِفُ لَدَيْكَ أَعْمَارَنَا وَ أَحْسِنْ فِيْ جَمِيْعِ أَحْوَالِنَا وَ أُمُوْرِنَا مَعْرِفَتَنَا وَ لَا تَكِلْنَا إِلٰى أَحَدٍ مِنْ خَلْقِكَ فَيَمُنَّ عَلَيْنَا وَ تَفَضَّلْ عَلَيْنَا بِجَمِيْعِ حَوَائِجِنَا لِلدُّنْيَا وَ الْآخِرَةِ وَ

ابْدَأْ بِآبَائِنَا وَأَبْنَائِنَا وَجَمِيْعِ إِخْوَانِنَا الْمُؤْمِنِيْنَ فِيْ جَمِيْعِ مَا سَأَلْنَاكَ لِأَنْفُسِنَا يَا أَرْحَمَ الرَّاحِمِيْنَ

અને અમારી ઉંમરને તારી ઈતાઅત માટે અને એ બાબતો માટે જે તારી નજીક કરે છે તેની માટે અને તારી પાસે થી ફાયદો મેળવનાર હોય અને તારી નજીક અમારા રૂતબામાં વધારો કરનારી હોય તે માટે (ઉંમરને) તુલાની કર અને દરેક પરિસ્થિતિ તથા કાર્યોમાં અમારી મઆરેફત ને બહેતર બનાવ. અને અમને તારી મખ્લુકમાંથી કોઈ એકના પણ હવાલે ન કર જેથી અમારી પર એહસાન જતાવે અને અમારી પર દુનિયા અને

આખેરત ની બધી હાજતો પુરી કરી એહસાન ફરમાવ. અને અમારા બાપ-દાદાઓ તથા દીકરાઓ તથા બધા જ મોમીન ભાઈઓ માટે જે કાંઈ પણ અમે અમારા માટે માંગણી કરીયે છીએ તે આપવાની શરૂઆત કર. અય રહેમ કરનારામાં સૌથી વધારે રહેમ કરનાર!

اَللّٰهُمَّ إِنَّا نَسْأَلُكَ بِاسْمِكَ الْعَظِيْمِ وَ مُلْكِكَ الْقَدِيْمِ أَنْ تُصَلِّيَ عَلىٰ مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ أَنْ تَغْفِرَ لَنَا الذَّنْبَ الْعَظِيْمَ إِنَّه لَا يَغْفِرُ الْعَظِيْمَ إِلَّا الْعَظِيْمُ ، اَللّٰهُمَّ وَ هٰذَا رَجَبٌ الْمُكَرَّمُ الَّذِيْ أَكْرَمْتَنَا بِه أَوَّلُ أَشْهُرِ الْحُرُمِ

أَكْرَمْتَنَا بِهِ مِنْ بَيْنِ الْأُمَمِ ، فَلَكَ الْحَمْدُ يَا ذَا الْجُودِ وَ الْكَرَمِ ،

અય અલ્લાહ! અમે તારી પાસે સવાલ કરીયે છીએ તારા મહાન નામના વાસ્તાથી અને તારી જૂની બાદશાહી થાકી કે હ. મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મ (સ.અ.વ.) પર દુરૂદ નાઝીલ કર અને અમારા મોટા ગુનાહોને માફ કર કારણકે મહાન જ મોટા ગુનાહોને માફ કરી શકે છે, અય અલ્લાહ! અને આ રજબ મુકરમ મહિનો છે જેમાં તે અમોને માનવંત બનાવ્યા. હરામ મહિનાઓમાં સૌથી પહેલો છે.કે જેના થકી અમોને અન્ય ઉમ્મતો પર

શ્રેષ્ઠતા આપી તો તારા વખાણ છે.
અય સખાવત અને કરમના માલિક

فَأَسْأَلُكَ بِهِ وَ بِاسْمِكَ الْأَعْظَمِ
الْأَعْظَمِ الْأَعْظَمِ الْأَجَلِّ الْأَكْرَمِ
الَّذِيْ خَلَقْتَهُ فَاسْتَقَرَّ فِيْ ظِلِّكَ فَلَا
يَخْرُجُ مِنْكَ إِلىٰ غَيْرِكَ أَنْ تُصَلِّيَ عَلىٰ
مُحَمَّدٍ وَ أَهْلِ بَيْتِهِ الطَّاهِرِيْنَ وَ أَنْ
تَجْعَلَنَا مِنَ الْعَامِلِيْنَ فِيْهِ بِطَاعَتِكَ وَ
الْآمِلِيْنَ فِيْهِ لِشَفَاعَتِكَ ، اَللّٰهُمَّ
اهْدِنَا إِلىٰ سَوَاءِ السَّبِيْلِ وَ اجْعَلْ
مَقِيْلَنَا عِنْدَكَ خَيْرَ مَقِيْلٍ فِيْ ظِلٍّ
ظَلِيْلٍ وَ مُلْكٍ جَزِيْلٍ فَإِنَّكَ حَسْبُنَا وَ

نِعۡمَ الۡوَكِيۡلُ، اَللّٰهُمَّ اقۡلِبۡنَا مُفۡلِحِيۡنَ مُنۡجِحِيۡنَ غَيۡرَ مَغۡضُوۡبٍ عَلَيۡنَا وَ لَا ضَالِّيۡنَ بِرَحۡمَتِكَ يَا أَرۡحَمَ الرَّاحِمِيۡنَ

તો હું તારી પાસે કરું છું તેના (રજબ) થકી અને તારા સૌથી મહાન, સૌથી મહાન, સૌથી મહાન નામ તથા તારા જલાલતવાળા અને તારા ઈઝ્ઝતદાર નામના હકના વાસ્તાથી કે જેના થકી તે (રજબ માસ) ને પેદા કર્યો અને પછી તારા સાયામાં સ્થિર થયો એ નામ જે તારાથી બીજા સુધી નથી પહોંચી શકતું (લાયકાત નથી ધરાવતા અન્ય કોઈ કે તેના સુધી નામ પહોંચી શકે) કે હ. મોહમ્મદ (સ.અ.વ) અને

તેમના પાક એહલેબત પર સલવાત મોકલ. અને અમોને આ મહિનામાં તારી ઈતાઅત થકી અમલ કરવાવાળાઓમાં અને આ મહિનામાં તારી શફાઅતની આશા રાખવાવાળાઓમાં ગણતરી કર. અય અલ્લાહ! અમોને સીધા રસ્તાનું માર્ગદર્શન અતા કર અને અમારા સ્થાનને તારી નજીક શ્રેષ્ઠ સ્થાન બનાવ જે હંમેશાના સાયા હેઠળ હોય અને તારા મહાન પ્રભુત્વ હેઠળ હોય, તો બેશક તું અમારા માટે કાફી છો અને સારામાં સારો વકીલ છો. અય અલ્લાહ! અમોને સફળતા અને કામયાબી તરફ ફેરવી દે. જેથી કરીને કોઈ ઉતરનાર તથા ભટકી જનાર

સમૂહમાંથી ન બની જઈયે. તારી રહેમત થકી એ રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર

اَللّٰهُمَّ إِنِّيْ أَسْأَلُكَ بِعَزَائِمِ مَغْفِرَتِكَ وَ بِوَاجِبِ رَحْمَتِكَ السَّلَامَةَ مِنْ كُلِّ إِثْمٍ وَ الْغَنِيْمَةَ مِنْ كُلِّ بِرٍّ وَ الْفَوْزَ بِالْجَنَّةِ وَ النَّجَاةَ مِنَ النَّارِ، اَللّٰهُمَّ دَعَاكَ الدَّاعُوْنَ وَ دَعَوْتُكَ وَ سَأَلَكَ السَّائِلُوْنَ وَ سَأَلْتُكَ وَ طَلَبَ إِلَيْكَ الطَّالِبُوْنَ وَ طَلَبْتُ إِلَيْكَ، اَللّٰهُمَّ أَنْتَ الثِّقَةُ وَ الرَّجَاءُ وَ إِلَيْكَ مُنْتَهَى

الرَّغْبَةِ فِي الدُّعَاءِ ،

અય અલ્લાહ! બેશક હું તારી પાસે સવાલ કરું છું એ વસીલાઓ જે મગફેરતનું કારણ બને અને એ રહેમત જે તો પોતાની પર જરૂરી બનાવી દે (તારા થી માંગણી કરું છું) કે દરેક ગુનાહોથી સલામતીની અને દરેક નેકીથી ફાયદામંદ થવાની અને જન્નત સુધી પહોંચવાની અને જહન્નમ થી છુટકારાની (માંગણી કરું છું); અય અલ્લાહ! પુકારવાળાઓએ તને પુકાર્યો! અને મેં પણ તને પુકાર્યો. માંગણી કરવાવાળાઓ એ તારી પાસે માંગણી પણ કરી, અને મેં પણ તારી સમક્ષ

માંગણી કરી. અને શોધનારાઓએ તને શોધ્યો અને હું પણ તારી શોધ કરૂ છું. અય અલ્લાહ! તું જ મારો ભરોસો છે અને તું જ મારી ઉમ્મીદ છે! અને દુઆઓમાં પણ ઈચ્છાની હદ તું જ છે!

اَللّٰهُمَّ فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِهِ وَ اجْعَلِ الْيَقِيْنَ فِيْ قَلْبِيْ وَ النُّوْرَ فِيْ بَصَرِيْ وَ النَّصِيْحَةَ فِيْ صَدْرِيْ وَ ذِكْرَكَ بِاللَّيْلِ وَ النَّهَارِ عَلٰى لِسَانِيْ وَ رِزْقًا وَاسِعًا غَيْرَ مَمْنُوْنٍ وَ لَا مَحْظُوْرٍ فَارْزُقْنِيْ وَ بَارِكْ لِيْ فِيْمَا رَزَقْتَنِيْ وَ اجْعَلْ غِنَايَ فِيْ نَفْسِيْ وَ رَغْبَتِيْ فِيْمَا

عِنْدَكَ بِرَحْمَتِكَ يَا أَرْحَمَ الرَّاحِمِيْنَ

અય અલ્લાહ તો હ. મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ પર રહેમત નાઝીલ કર અને મારા દિલમાં યકીનને કરાર આપ.અને મારી આંખોમાં રોશની અતા કર. અને મારા સીનામાં દયા અને દરેક રાત્રી અને દિવસ દરમ્યાન તારી યાદ ને મારી જીભ પર જારી કર.અને વિશાળ રોજી જેમાં અહેસાન જતાવવાનો કોઈ અવકાશ ના હોય અને જે રોજી તે અતા કરી તેમાં બરકત અતા કર.અને મારી જાત પ્રત્યે ગની (બેનિયાઝ) બનાવી દે. અને મારી ઈચ્છાઓ જે તારી તરફ છે તારી રહેમતની સાથે અય રહેમ

કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

પછી સજદામાં જઈને આ મુજબ પઢે

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ هَدَانَا لِمَعْرِفَتِه وَ خَصَّنَا بِوِلَايَتِه وَ وَفَّقَنَا لِطَاعَتِه

વખાણ છે તે ખુદા જેણે પોતાની મઆરેફ તરફ તમને માર્ગદર્શન આપ્યુ અને પોતાની વિલયત થકી મખસુસ કર્યુ અને પોતાની ઈતાઅત થકી તૌફીક આપી .

સજદાની હાલતમાં જ એકસો વખત કહે

شُكْرًا شُكْرًا

આભાર છે આભાર છે (સો વખત)

પછી સજદામાંથી માથું ઉંચું કરે અને કહે :

اَللّٰهُمَّ إِنِّيْ قَصَدْتُكَ بِحَاجَتِيْ وَ

اِعْتَمَدْتُ عَلَيْكَ بِمَسْأَلَتِيْ وَ تَوَجَّهْتُ إِلَيْكَ بِأَئِمَّتِيْ وَ سَادَتِيْ ، اَللّٰهُمَّ انْفَعْنَا بِحُبِّهِمْ وَ أَوْرِدْنَا مَوْرِدَهُمْ وَ ارْزُقْنَا مُرَافَقَتَهُمْ وَ أَدْخِلْنَا الْجَنَّةَ فِيْ زُمْرَتِهِمْ بِرَحْمَتِكَ يَا أَرْحَمَ الرَّاحِمِيْنَ

અય અલ્લાહ! મારી હાજત પુરી થવા મે તારો ઈરાદો કર્યો છે અને મારા કાર્યો મા તારી પર ભરોસો કર્યો અને તારી તરફ મો ફેરવ્યુ છે.અમારા ઈમામો અને સરદારો ના વાસ્તા થી. અય અલ્લાહ! તેઓની મહોબ્બત થકી મને ફાયદો પહોચાડ અને તેઓ

ના સ્થાને અમને ઉતારો આપ અને તેઓની હમનશીની અમને નસીબ કર અને અમોને તેઓના સમૂહ મા જન્નતમાં દાખલ કર તારી રહેમત થકી અય રહેમકરવાવાળાઓ મા સૌથી વધારે રહેમ કરનાર.

## સત્યાવીસમી તારીખનો દિવસ

### ગુસ્લ

આ દિવસે ગુસ્લ કરવું જોઈએ

### રોઝો રાખવો

આ દિવસનો રોઝો તે ચાર દિવસના રોઝાઓમાંથી એક છે કે જેની ખાસ ફઝીલત છે અને આ રોઝો સિત્તેર વર્ષના રોઝાની બરાબર અને સમકક્ષ છે.

**સલવાત**

આ દિવસે ઘણી વધારે સલવાત પઢે.

**ઝિયારતે રસૂલે ખુદા (સ.અ.વ.)**

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مُحَمَّدَ بْنَ عَبْدِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا خَاتَمَ النَّبِيِّيْنَ ، أَشْهَدُ أَنَّكَ قَدْ بَلَّغْتَ الرِّسَالَةَ وَ أَقَمْتَ الصَّلَاةَ وَ آتَيْتَ الزَّكَاةَ وَ أَمَرْتَ بِالْمَعْرُوْفِ وَ نَهَيْتَ عَنِ الْمُنْكَرِ وَ عَبَدْتَ اللهَ مُخْلِصًا حَتّٰى أَتَاكَ الْيَقِيْنُ ، فَصَلَوَاتُ

اللهِ عَلَيْكَ وَ رَحْمَتُه وَ عَلى أَهْلِ بَيْتِكَ الطَّاهِرِيْنَ

સલામ થાય તમારી પર અય અલ્લાહ ના રસૂલ! સલામ થાય તમારી પર અય અલ્લાહ ના નબી! સલામ થાય તમારી પર અય જ.અબ્દુલલ્હા ના દીકરા મોહમ્મદ (સ.અ.વ)!સલામ થાય તમારી પર અય નબીયો માં સૌથી છેલ્લાં! હું ગવાહી આપુ છું કે તમે તમારી રીસાલત ના કાર્ય ને સંપૂર્ણ કર્યુ અને નમાઝ કાયમ કરી અને ઝકાત અદા કરી અને ભલાઈ તરફ દોરવતા રહયા. અને બુરાઈ થી બચાવતા રહ્યા અને અલ્લાહ ની ખુલુસ થી ઈબાદત અદા કરી ત્યા

સુધી મૃત્યુ આવી પહોંચ્યો અલ્લાહ ની રેહમત થાય તમારી પર અને તમારા પવિત્ર એહલેબૈત (અ.મુ.) પર

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَه لَا شَرِيْكَ لَه وَ أَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُه وَ رَسُوْلُه وَ أَشْهَدُ أَنَّكَ رَسُوْلُ اللّٰهِ وَ أَنَّكَ مُحَمَّدُ بْنُ عَبْدِ اللّٰهِ وَ أَشْهَدُ أَنَّكَ قَدْ بَلَّغْتَ رِسَالَاتِ رَبِّكَ وَ نَصَحْتَ لِأُمَّتِكَ وَ جَاهَدْتَ فِيْ سَبِيْلِ اللّٰهِ وَ عَبَدْتَ اللّٰهَ حَتّٰى أَتَاكَ الْيَقِيْنُ بِالْحِكْمَةِ وَ الْمَوْعِظَةِ الْحَسَنَةِ وَ أَدَّيْتَ الَّذِيْ

عَلَيْكَ مِنَ الْحَقِّ وَ أَنَّكَ قَدْ رَؤُفْتَ بِالْمُؤْمِنِيْنَ وَ غَلُظْتَ عَلَى الْكَافِرِيْنَ ، فَبَلَّغَ اللهُ بِكَ أَفْضَلَ شَرَفِ مَحَلِّ الْمُكَرَّمِيْنَ

હુ સાક્ષી આપુ છુ કે અલ્લાહ સિવાય અન્ય કોઈ ખુદા નથી.તે એક જ અને તેનો કોઈ ભાગીદાર નથી અને સાક્ષી આપું છું કે હ.મોહમ્મદ (સ.અ.વ) તેમના બંદા અને રસૂલ છે. અને હુ સાક્ષી આપુ છુ કે બેશક તમે અલ્લાહ ના રસૂલ છો. અને તમે મોહમ્મદ જ.અબ્દુલહા ના યુગ છો. અને હુ સાક્ષી આપુ છુ  કે બેશક તમે તમારા પાલનહાર ના (સંદેશા ને)રીસાલત ને

પોહચાડી અને તમારી ઉમ્મત ને નસીહત કરી (હિકમત અને સારી ભલામણ થકી).અને અલ્લાહ ની રાહ મા જેહાદ કરી અને તમે અલ્લાહ ની બંદગી કરી ત્યા સુધી કે મૃત્યુ નો સમય આવી પહોચ્યો! અને તમારી પર જે હકો હતા તેને અદા કર્યા અને બેશક તમે મોમીનો પ્રત્યે પ્રેમાળ હતા અને કાફીરો પર ગઝબનાક હતા. તો અલ્લાહ તમને માનવંત લોકો ના મકામ સુધી પહોચાડે.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِي اسْتَنْقَذَنَا بِكَ مِنَ الشِّرْكِ وَ الضَّلالَةِ ، اَللّٰهُمَّ فَاجْعَلْ صَلَوَاتِكَ وَ صَلَوَاتِ مَلائِكَتِكَ

الْمُقَرَّبِيْنَ وَ أَنْبِيَائِكَ الْمُرْسَلِيْنَ وَ عِبَادِكَ الصَّالِحِيْنَ وَ أَهْلِ السَّمَاوَاتِ وَ الْأَرَضِيْنَ وَ مَنْ سَبَّحَ لَكَ يَا رَبَّ الْعَالَمِيْنَ مِنَ الْأَوَّلِيْنَ وَ الْآخِرِيْنَ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَ رَسُوْلِكَ وَ نَبِيِّكَ وَ أَمِيْنِكَ وَ نَجِيِّكَ وَ حَبِيْبِكَ وَ صَفِيِّكَ وَ خَاصَّتِكَ وَ صَفْوَتِكَ وَ خِيَرَتِكَ مِنْ خَلْقِكَ

આભારમંદ છું અલ્લાહ નો કે અમને તમારા થકી શીકે અને ગુમરાહી થી છુટકારો આપ્યો. અય અલ્લાહ! તારી સલવાત અને તારા મુકરબ

ફરીશતાઓ ની સલવાત તથા તારા મોકલેલા નાબીઓની સલવાત તથા તારા સાલેહ બંદાઓ તરફથી તથા આસમાન વાળાઓ અને જમીનવાળાઓ તરફથી અને જે કોઈ તારી તસબીહ કરે છે. એય દુનિયાઓના પાલનહાર તેના તરફથી જે અવ્વલીન અને આખેરીન માંથી છે.(તેઓ બધા તરફથી)સલવાત થાય. હ.મોહમ્મદ ( સ.અ.વ)તારા બંદા, અને તારા રસૂલ પર અને તારા નબી પર, અને તારા અમાનતદાર પર, અને તારા શરીફ બંદા પર અને તારા દોસ્ત પર અને તારા ચુંટાએલા અને તારા મખ્સુસ કરેલા અને તારા નીમાએલા અને તારી બધીજ

મખલુક મા સૌથી શ્રેષ્ઠ પર (સલવાત મોકલ).

اَللّٰهُمَّ أَعْطِهِ الدَّرَجَةَ الرَّفِيْعَةَ وَ آتِهِ الْوَسِيْلَةَ مِنَ الْجَنَّةِ وَ ابْعَثْهُ مَقَامًا مَحْمُوْدًا يَغْبِطُه بِهِ الْأَوَّلُوْنَ وَ الْآخِرُوْنَ ، اَللّٰهُمَّ إِنَّكَ قُلْتَ وَ لَوْ أَنَّهُمْ إِذْ ظَلَمُوْا أَنْفُسَهُمْ جَاءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَ اسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَحِيْمًا وَ إِنِّيْ أَتَيْتُكَ مُسْتَغْفِرًا تَائِبًا مِنْ ذُنُوْبِيْ وَ إِنِّيْ أَتَوَجَّهُ بِكَ إِلَى اللّٰهِ رَبِّيْ وَ رَبِّكَ لِيَغْفِرَ لِيْ ذُنُوْبِيْ

અય અલ્લાહ તેઓને ઉચ્ચ દરજ્જા અતા કર, અને તેઓને જન્નત નો વસીલો અતા કર. તેઓને પસંદીદા મકામ પર મબઉસ કર કે પસાર થઈ ચૂકેલા અને આવનારા બધાજ તેઓ પર રશ્ક કરે. અય અલ્લાહ! તે ફરમાવ્યુ છે ( અય રસૂલ) અગર આ લોકો પોતાની પર ઝુલ્મ કરે અને તમારી પાસે આવે અને અલ્લાહ પાસે માફી ની માંગણી કરે અને રસૂલ(સ.અ.વ)તેઓ માટે ઈસ્તેગફાર કરે તો અલ્લાહ ને મેહરબાન તથા તૌબા કબૂલ કરનાર પામશે. હુ અત્યારે માફી માંગતો અને તૌબા કરતો તમારી (રસૂલ) પાસે આવ્યો છુ અને તમારા વસીલા થકી મારી દિશા

ને અલ્લાહ અને પરવરદીગાર તરફ કરૂં છું. જેથી મારા ગુનાહો ને માફ કરે.

<u>ઝિયારતે હઝરત અલી (અ.)</u>

આ ઈદના દિવસે પણ તે જ ઝિયારત પઢી શકાય છે જેનો ઝિક્ર પેજ નંબર ૧૨૧ પર ઈદે બેઅસતની રાતના આમાલમાં થઈ ચુક્યો છે

<u>બાર રકાત નમાઝ</u>

ઈમામ મોહમ્મદ તકી (અ.) થી રિવાયત છે કે આપ (અ.) રજબની પંદરમી તારીખે તેમજ સત્યાવીસમી તારીખે રોઝા રાખતા અને આપના તમામ સાથીઓ પણ રોઝા રાખતા; ત્યારબાદ ઈમામ(અ.) એ તેઓને ફરમાવ્યું કે બે-બે રકઆત કરીને બાર રકઆત નમાઝ પઢે કે જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી કોઈ પણ સુરો પઢે; અને નમાઝો પુરી થયા પછી ચાર-ચાર વખત સૂરએ અલ્હમ્દ, સૂરએ

તવહીદ, સૂરએ ફલક અને સૂરએ નાસ પઢે. ત્યારબાદ ચાર વખત પઢે :

لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَ اللّٰهُ أَكْبَرُ وَ سُبْحَانَ اللّٰهِ وَ الْحَمْدُ لِلّٰهِ وَ لَا حَوْلَ وَ لَا قُوَّةَ إِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

તરજુમો: અલ્લાહ સિવાય કોઈ ઈબાદત ને લાયક નથી અને અલ્લાહ દરેક વસ્તુ થી મોટો છે, અને અલ્લાહ પાક છે અને અલ્લાહ ના વખાણ છે અને કોઈ પણ શક્તિ નથી પણ અલ્લાહ થકી જ.

ત્યારબાદ ચાર વખત પઢે :

اَللّٰهُ رَبِّيْ ، لَا أُشْرِكُ بِهٖ شَيْئًا ، لَا أُشْرِكُ بِرَبِّيْ أَحَدًا

તરજુમો:અલ્લાહ, અલ્લાહ મારો પરવરદીગાર છે. તેના મા કોઈ શરીક નથી જાણતો, કોઈ પણ ને મારા પરવરદીગાર મા શરીક નથી જાણતો.

**<u>બાર રકાત નમાઝ (બીજી)</u>**

અબુલ કાસિમ હુસૈન બીન રવ્હ (ર. અ.) થી રિવાયત છે કે આ દિવસે બે-બે રકઆત કરીને બાર રકઆત નમાઝ પઢે કે જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી કોઈ પણ બીજો સુરો પઢે અને તે દરેક બે રકઆત નમાઝ બાદ આ દુઆ પઢે :

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ، اَلۡحَمۡدُ لِلّٰهِ الَّذِيۡ لَمۡ يَتَّخِذۡ وَلَدًا وَ لَمۡ يَكُنۡ لَه شَرِيۡكٌ فِي الۡمُلۡكِ وَ لَمۡ يَكُنۡ لَه وَلِيٌّ مِنَ الذُّلِّ وَ كَبِّرۡهُ تَكۡبِيۡرًا ، يَا عُدَّتِيۡ فِيۡ

مُدَّتِيْ يَا صَاحِبِيْ فِيْ شِدَّتِيْ يَا وَلِيِّيْ فِيْ
نِعْمَتِيْ يَا غِيَاثِيْ فِيْ رَغْبَتِيْ يَا نَجَاحِيْ فِيْ
حَاجَتِيْ يَا حَافِظِيْ فِيْ غَيْبَتِيْ يَا كَافِيَّ فِيْ
وَحْدَتِيْ يَا أُنْسِيْ فِيْ وَحْشَتِيْ ، أَنْتَ
السَّاتِرُ عَوْرَتِيْ فَلَكَ الْحَمْدُ وَ أَنْتَ
الْمُقِيْلُ عَثْرَتِيْ فَلَكَ الْحَمْدُ وَ أَنْتَ
الْمُنْعِشُ صَرْعَتِيْ فَلَكَ الْحَمْدُ ، صَلِّ
عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ اسْتُرْ عَوْرَتِيْ
وَ آمِنْ رَوْعَتِيْ وَ أَقِلْنِيْ عَثْرَتِيْ وَ اصْفَحْ
عَنْ جُرْمِيْ وَ تَجَاوَزْ عَنْ سَيِّئَاتِيْ فِيْ
أَصْحَابِ الْجَنَّةِ وَعْدَ الصِّدْقِ الَّذِيْ

كَانُوْا يُوْعَدُوْنَ

વખાણ છે તે અલ્લાહ ના જેણે કોઈ ઔલાદ નથી. અને તેની સલ્તનત મા કોઈ ભાગીદાર નથી ન તો કોઈ મદદગાર અને તેને મહાન ગણવો જોઈએ અય મારી આખી ઉમર ભાથું. અય મુસીબત ના સમય ના સાથી,અય નેઅમતો મા મારા વલી, અય રગબત મા ફરિયાદે પહોચનાર, અય મારી હાજતો ની જીત,અય મારી ગેરહાજરી મા હીફાઝત કરનાર, અય એકલતા મા મારી કિફાયત કરનાર, અય ભય મા મારા સાથી.તું મારી ખામીયો નો ઢાંક

પીછાડો કરનાર છે. તારો આભાર તું મારી ભૂલો ને અણદેખી કરે છે. તું મને જ્યારે હું પડીભાંગ્યો તો તે મને ઊભો કરી ઊંચાઈ અર્પણ કરી તારા વખાણ છે. હ.મોહમ્મદ (સ.અ.વ )અને આલે મોહમ્મદ (સ.અ.વ)પર રેહમત નાઝીલ કર.આને મારી ખામીઓ ને છુપાવી દે. મારા ડર ને રક્ષણ મા ફેરવી નાખ,મારી ભુલો ને જતી કર અને અને મારા ગુનાહો થી આંખ બંધ કરી દે. અને મારી ખરાબીયો ને માફ કર. અને જન્નત મા જવાવાળા સમૂહ સાથે મને શામિલ કર તારા એ સત્યવચન સાથે જે તે તેઓને આપ્યું છે.

ત્યારબાદ સાત-સાત વખત સૂરએ અલ્હમ્દ, સૂરએ તવ્હીદ, સૂરએ ફલક, સૂરએ

નાસ, સૂરએ કાફેરૂન, સૂરએ ઈન્ના અન્ઝલ્ના, આયતુલ કુરસી અને ત્યારબાદ સાત વખત પઢે :

لَا إِلٰهَ إِلَّا اللهُ وَ اللهُ أَكْبَرُ وَ سُبْحَانَ اللهِ وَ لَا حَوْلَ وَ لَا قُوَّةَ إِلَّا بِاللهِ

અલ્લાહ સીવાય કોઈ માબુદ નથી અને અલ્લાહ સૌથી મહાન છે અને પાક છે અલ્લાહ અને કોઈ પણ તાકત અલ્લાહ સીવાય નથી.

ત્યારબાદ સાત વખત પઢે :

اَللهُ اَللهُ رَبِّيْ ، لَا أُشْرِكُ بِهِ شَيْئًا

અલ્લાહ! અલ્લાહ! મારો પરવરદીગાર છે અને કોઈ પણ વસ્તુ ને અલ્લાહ નો ભાગીદાર નથી માનતો.

ત્યારબાદ જે હાજત હોય તે માંગે

## ઈમામ કાઝિમ (અ.) ની દુઆ

ઈમામ મુસા કાઝિમ (અ.) ને જે દિવસે બગદાદ લઈ જવામાં આવ્યા તે દિવસે ઈમામ (અ.) એ આ દુઆ પઢી હતી.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، يَا مَنۡ أَمَرَ بِالۡعَفۡوِ وَ التَّجَاوُزِ وَ ضَمَّنَ نَفۡسَهُ الۡعَفۡوَ وَ التَّجَاوُزَ، يَا مَنۡ عَفَا وَ تَجَاوَزَ اعۡفُ عَنِّيۡ وَ تَجَاوَزۡ يَا كَرِيۡمُ، اَللّٰهُمَّ وَ قَدۡ أَكۡدَى الطَّلَبُ وَ أَعۡيَتِ الۡحِيۡلَةُ وَ الۡمَذۡهَبُ وَ دَرَسَتِ الۡآمَالُ وَ انۡقَطَعَ الرَّجَاءُ إِلَّا مِنۡكَ ، وَحۡدَكَ لَا شَرِيۡكَ لَكَ

અય એ કે જેણે માફી અને બાખ્શીસ નો હુકમ આપ્યો છે અને માફી અને ક્ષમા ને પોતાના ઓહદે લઈ તેની જવાબદારી લીધી છે. અય માફકરનાર અને બખ્શનાર મને માફ કર અને મારા થી જતુ કર. અય કરીમ! અય અલ્લાહ! જરૂરત સખત થઈ ગઈ છે અને તેને પૂરી કરવાના. મને મુશ્કેલી માં મુકી દીધો છે અને ઉમ્મીદો જુની થઈ ગઈ અને આશા ની દોરી તારા કે જે એક જ અને કોઈ શરીક વગરનો છે. (તારા) સીવાય દરેક થી કપાઈ ગઈ.

اَللّٰهُمَّ إِنِّيْ أَجِدُ سُبُلَ الْمَطَالِبِ إِلَيْكَ مُشْرَعَةً وَ مَنَاهِلَ الرَّجَاءِ لَدَيْكَ

مُتْرَعَةً وَ أَبْوَابَ الدُّعَاءِ لِمَنْ دَعَاكَ

مُفَتَّحَةً وَ الْاِسْتِعَانَةَ لِمَنِ اسْتَعَانَ

بِكَ مُبَاحَةً وَ أَعْلَمُ أَنَّكَ لِدَاعِيْكَ

بِمَوْضِعِ إِجَابَةٍ وَ لِلصَّارِخِ إِلَيْكَ

بِمَرْصَدِ إِغَاثَةٍ وَ أَنَّ فِي اللَّهْفِ إِلٰى

جُوْدِكَ وَ الضَّمَانِ بِعِدَتِكَ عِوَضًا مِنْ

مَنْعِ الْبَاخِلِيْنَ وَ مَنْدُوحَةً عَمَّا فِيْ

أَيْدِي الْمُسْتَأْثِرِيْنَ وَ أَنَّكَ لَا تَحْتَجِبُ

عَنْ خَلْقِكَ إِلَّا أَنْ تَحْجُبَهُمُ الْأَعْمَالُ

دُوْنَكَ وَ قَدْ عَلِمْتُ أَنَّ أَفْضَلَ زَادِ

الرَّاحِلِ إِلَيْكَ عَزْمُ إِرَادَةٍ يَخْتَارُكَ بِهَا

وَ قَدْ نَاجَاكَ بِعَزْمِ الْإِرَادَةِ قَلْبِيْ

અય અલ્લાહ! મે ઉમ્મીદો પુરી થવાના દરવાજા ને તારી તરફ ખુલ્લો પામુ છુ અને ઝરણા તારી નજીક પાણીદાર છે અને જે કોઈ તારી બારગાહ માં દુઆ કરે તેના માટે તારા દુઆના દરવાજા ને ખુલ્લા મુક્યા છે અને જે તારી પાસે મદદ માંગે છે તારી મદદ તેના માટે પ્રાપ્ય છે અને હુ જાણુ છુ કે જે તારી પાસે સવાલ કરે તેને તુ જવાબ આપે છે અને ફરીયાદ કરનાર ની ફરીયાદરસીએ તુ પહોચે છે અને બેશક તારી સખાવત ની ઈલ્તેમાસ કરવી અને તારા વાયદા પર વિશ્ર્વાસ કરવો કંજૂસો થી બચવાનુ કારણ છે અને તમામ

માલદારો ની ખુશામત થી બચવાનો રસ્તો છે તુ તારા બંદાઓ થી છુપો નથી હા અગર તેઓ ના કર્યો તારા અને એમના વચ્ચે પડદો નાખી દે. અને બેશક મે જાણી લીધુ છે કે તારી તરફ કુચ કરનાર નો શ્રેષ્ઠ ભાથુ મજબુત ઈરાદો છે કે જેના દ્વારા તને અપનાવી લે છે અને આજ મજબુત ઈરાદા થકી મારા દીલે તારી સાથે મુનાજાત કરી છે

وَ أَسْأَلُكَ بِكُلِّ دَعْوَةٍ دَعَاكَ بِهَا رَاجٍ بَلَّغْتَهُ أَمَلَه أَوْ صَارِخٌ إِلَيْكَ أَغَثْتَ صَرْخَتَه أَوْ مَلْهُوفٌ مَكْرُوبٌ فَرَّجْتَ كَرْبَه أَوْ مُذْنِبٌ خَاطِئٌ غَفَرْتَ لَه أَوْ

مُعَافًى أَتْمَمْتَ نِعْمَتَكَ عَلَيْهِ أَوْ فَقِيرٌ
أَهْدَيْتَ غِنَاكَ إِلَيْهِ وَ لِتِلْكَ الدَّعْوَةِ
عَلَيْكَ حَقٌّ وَ عِنْدَكَ مَنْزِلَةٌ إِلَّا صَلَّيْتَ
عَلىٰ مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ قَضَيْتَ
حَوَائِجِي حَوَائِجَ الدُّنْيَا وَ الْآخِرَةِ وَ
هٰذَا رَجَبٌ الْمُرَجَّبُ الْمُكَرَّمُ الَّذِي
أَكْرَمْتَنَا بِه أَوَّلُ أَشْهُرِ الْحُرُمِ
أَكْرَمْتَنَا بِه مِنْ بَيْنِ الْأُمَمِ يَا ذَا
الْجُودِ وَالْكَرَمِ

અને તારી પાસે સવાલ કરૂ છુ દરેક એ દુઆ થકી જેના દ્વારા તને પૂકારવામાં આવ્યો , એ ઉમ્મીદવાર

જેને તે આરઝૂ સુધી પહોચાડી દીધો. એ ફરીયાદી જે તારા દરવાજે ફરીયાદ કરી અને તુ તેની ફરીયાદે પહોચ્યો અથવા એ ગમગીન ભાંગી પડેલો જેના ગમ ને તે દુર કર્યો અથવા એ ગુનાહગાર અને બુરો જેના ગુનાહ ને તે માફ કરી દીધા અથવા એ તંદુરસ્ત જેની પર તે તારી સંપૂર્ણ નેઅમતો ઉતારી અથવા એ બેકસ જેને તે તાવંગરી ની ભેટ આપી ( તેઓ બધા જેવી દુઆ કરી કરૂ છુ .) અને આવી દુઆ તારા થી કરવી તારો હક છે અને તારી પાસે મકામ છે આ દુઆ ના વાસ્તા થી હ.મોહમ્મદ ( સ.અ.વ. ) અને આલે મોહમ્મદ ( સ.અ.વ. ) પર દુરૂદ મોકલ અને

મારી દુનીયા અને આખેરત ની હાજતો પૂરી કર. આ રજબે મુરજ્જબ મુકરમ ( મહીનો ) છે કે અમોને આ માસ થકી માનવંત બનાવ્યા તે હરામ મહીનાઓ માં પ્રથમ છે કે જેના દ્વારા તે અમોને બીજી કૌમો પર ઈઝ્ઝત આપી. અય સખાવત અને જુદ નો માલીક

فَنَسْأَلُكَ بِه وَ بِاسْمِكَ الْأَعْظَمِ الْأَعْظَمِ الْأَعْظَمِ الْأَجَلِّ الْأَكْرَمِ الَّذِيْ خَلَقْتَه فَاسْتَقَرَّ فِيْ ظِلِّكَ فَلَا يَخْرُجُ مِنْكَ إِلٰى غَيْرِكَ أَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَ أَهْلِ بَيْتِهِ الطَّاهِرِيْنَ وَ تَجْعَلَنَا مِنَ الْعَامِلِيْنَ فِيْهِ بِطَاعَتِكَ وَ

الْآمِلِيْنَ فِيْهِ بِشَفَاعَتِكَ ، اَللّٰهُمَّ وَ
اهْدِنَا إِلىٰ سَوَاءِ السَّبِيْلِ وَ اجْعَلْ
مَقِيْلَنَا عِنْدَكَ خَيْرَ مَقِيْلٍ فِيْ ظِلٍّ
ظَلِيْلٍ فَإِنَّكَ حَسْبُنَا وَ نِعْمَ الْوَكِيْلُ وَ
السَّلَامُ عَلىٰ عِبَادِهِ الْمُصْطَفَيْنَ وَ
صَلَوَاتُه عَلَيْهِمْ أَجْمَعِيْنَ

તારી પાસે માહે રજબ ના હક ના વાસ્તા થી સવાલ કરીએ છીએ અને તારા એ મહાન, સર્વોત્તમ અને અઝમતવાળુ અને મનવંત કે જેના દ્વારા ( માહે રજબ ) ને બનાવ્યો અને તારા સાયા માં સ્થાપીત થયો અને તે ( માહે રજબ ) તારી થી

બહાર નીકળી બીજા સુધી નથી પહોંચતો કે હ.મોહમ્મદ ( સ.અ.વ. ) અને તેમના પાક એહલેબૈત પર સલવાત મોકલ અને અમોને આ માસમાં તારી ઈતાઅત પર અમલ કરવાવાળાઓ માં કરાર આપ અને તારી શફાઅત ની ઉમ્મીદ રાખનારાઓ માંથી બનાવ. અય અલ્લાહ! અમોને સીધા માર્ગ ની હીદાયત ફરમાવ . અમારા રહેઠાણ ને તારા હંમેશા બાકી રહેનાર સાયા હેઠળ શ્રેષ્ઠ રહેઠાણ બનાવ કે તુ અમારા માટે કાફી છો અને કેવો સારો સંકટો દુર કરનાર છો અને સલામ તથા દુરૂદ થાય તેના બધાજ ચૂંટાએલા બંદાઓ પર.

اَللّٰهُمَّ وَ بَارِكْ لَنَا فِيْ يَوْمِنَا هٰذَا الَّذِيْ
فَضَّلْتَه وَ بِكَرَامَتِكَ جَلَّلْتَه وَ بِالْمَنْزِلِ
الْأَعْلٰى أَنْزَلْتَه صَلِّ عَلٰى مَنْ فِيْهِ إِلٰى
عِبَادِكَ أَرْسَلْتَه وَ بِالْمَحَلِّ الْكَرِيْمِ
أَحْلَلْتَه، اَللّٰهُمَّ صَلِّ عَلَيْهِ صَلاةً
دَائِمَةً تَكُوْنُ لَكَ شُكْرًا وَ لَنَا ذُخْرًا وَ
اجْعَلْ لَنَا مِنْ أَمْرِنَا يُسْرًا وَ اخْتِمْ لَنَا
بِالسَّعَادَةِ إِلٰى مُنْتَهٰى آجَالِنَا وَ قَدْ
قَبِلْتَ الْيَسِيْرَ مِنْ أَعْمَالِنَا وَ بَلَّغْتَنَا
بِرَحْمَتِكَ أَفْضَلَ آمَالِنَا إِنَّكَ عَلٰى كُلِّ
شَيْءٍ قَدِيْرٌ وَ صَلَّى اللهُ عَلٰى مُحَمَّدٍ وَ

آلِهٖ وَسَلَّمَ

અય અલ્લાહ! અમોને આજ ના દીવસે બરકત અતા કર કે જે દીવસને તે શ્રેષ્ઠતા આપી અને તારી કરામત થી મહાન બનાવ્યો ( આજ ના દીવસ ને ) અને મહાન જગ્યાએ ઉતાર્યો એ વાત થકી જે આ દીવસે તારા બંદાઓ માટે નાઝીલ કર્યુ અને તેઓને મનવંત ઓહદા સુધી પહોચાડયા સાલવાત મોકલ તેમની પર. અય અલ્લાહ! તેઓ ( હ.મોહમ્મદ સ.અ.વ. ) પર સલવાત મોકલ એવી સલવાત જે હંમેશા ની હોય અને તે તારા માટે વખાણ અને અમારા માટે મુડી બની જાય અને અમારા કાર્યો માં આસાની અતા કર

અને અમારી ઝીંદગી ના અંત ને સુખદ અને નેક બનાવ એવી સ્થિતી મા કે અમારા થોડા એવા અમલ ને સ્વીકારી લીધો હોય અને તારી અનંત રહેમત થકી અમને શ્રેષ્ઠ ઈચ્છાઓ સુધી પહોચાડી દીધા હોય કે તુ દરેક કાર્યો માટે શક્તિમાન છે અને સલવાત તથા સલામ થાય હ.મોહમ્મદ ( સ.અ.વ. ) અને તેઓના એહલેબૈત પર.

## બેઅસતના દિવસે પઢવાની દુઆ

આ એજ દુઆ છે જેને સત્યાવીસમી રાત્રે પણ પઢવામાં આવે છે અને તેનો ઝિક્ર પેજ નંબર ૧૪૧ પર કરવામાં આવેલ છે

# છેલ્લી તારીખના આમાલ

**ગુસ્લ**

માહે રજબની છેલ્લી તારીખે ગુસ્લ કરવું; રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે જે કોઈ માહે રજબને પામે અને તેની પહેલી રાતે, પંદરમી રાતે અને છેલ્લી રાતે ગુસ્લ કરશે તો ગુનાહોથી એવી રીતે પાક થશે જાણે કે માતાના પેટમાંથી તેનો જન્મ થયો હોય.

**રોઝો રાખવો**

માહે રજબની છેલ્લી તારીખે રોઝો રાખવો; જેથી થયેલા ગુનાહો તેમજ થનાર ગુનાહોની માફીનું સબબ બને.

**નમાઝે જ. સલમાન ફારસી (ર.અ.) - દસ રકઆત**

બે-બે રકઆત કરીને દસ રકઆત નમાઝ પઢે કે જેની દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ

પછી ત્રણ વખત સૂરએ તવ્હીદ, ત્રણ વખત સૂરએ કાફેરૂન પઢે; આ નમાઝનો ઝિક્ર પેજ નંબર પર ૭૪ પહેલી તારીખના આમાલમાં કરવામાં આવેલ છે.